# ભવનું ભાતું

સંપાદક : મહેન્દ્ર મેઘાણી

GJ
891.478
M 472 B

મેઘાણી શતાબ્દી
પ્રકાશન

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# ભવનું ભાતું

યાદગાર વાચન : 'મિલાપ' : 1965

સંપાદક : ગોપાલ મેઘાણી, મહેન્દ્ર મેઘાણી

લોકમિલાપ ટ્રસ્ટ

Library IIAS, Shimla
GJ 891.478 M 472 B
00130322



મેઘાણી શતાબ્દી પ્રકાશન

1996 : ઓગસ્ટ 17 : 1997

આવૃત્તિ 1 : 1996

GJ
891.478
M 472 B

રૂ. 15
10 નકલના રૂ 125 : 100 નકલના રૂ. 1,000
[10 કે વધુ નકલના રવાનગી ખરચ સહિત]

Indian Institute of Advanced Study
Acc. No. 130322
Date 13-9-2010
Simla

પ્રકાશક : ગોપાલ મેઘાણી
લોકમિલાપ ટ્રસ્ટ, પો.બો. 23 (સરદારનગર), ભાવનગર 364001
ફોન : (0278) 426402
મુદ્રક : અપૂર્વ આશર
ઓમેજ સિસ્ટમ્સ, અમદાવાદ 380009. © 400 688

અર્પણ

'મિલાપ' માટે અનેક ઉત્તમ લખાણો
જેના અંકોમાંથી મળેલાં તે
'સંસ્કૃતિ'ને

સળંગ આનંદપૂર્વક સામયિક ચલાવ્યું,
પ્રજા ચલાવવા દે છે એ અંગે કૃતજ્ઞતાભાવપૂર્વક.
પ્રજાના ચૈતન્યને સંકોરવાનું થોડુંક પણ
આ સામયિક નિમિત્તે બન્યું હોય, તો ધન્ય ધન્ય.

ઉમાશંકર જોશી

['સંસ્કૃતિ'ના છેલ્લા અંકમાં : ડિસેમ્બર 1984]

# ક્રમ


| | | |
|---|---|---|
| પંકજ-પુશ્પોની મહેક | મહેન્દ્ર મેઘાણી | [6] |
| મેહ મીઠી વરસે | રાજેન્દ્ર શાહ | 1 |
| ‘રામાયણ’કી ભીખ | રામનારાયણ અુપાધ્યાય | 2 |
| વિનોબાની વાણી | | 4 |
| ભવનું ભાતું | પિંગળશી મેઘાણંદ ગઢવી | 5 |
| સ્મ્રુતિ-સુગંધ | લાભુબેન મહેતા | 9 |
| ઝવેરાતના પારખુ | મધુસૂદન હી. પારેખ | 14 |
| આશ્રમના આફતાબ | વિઠ્ઠલદાસ કોઠારી, જગદીશ ચાવડા | 16 |
| સબકે પ્યારે | કાકા કાલેલકર | 20 |
| એવરેસ્ટના આશકો | | 22 |
| અજબ પુશ્પ માનવ્યનું | અુમાશંકર જોશી | 23 |
| મેલા એક મશાલકા | ‘નીરજ’ | 24 |
| યહ પરીક્શાકી ઘડી હૈ | રામકુમાર ચતુર્વેદી ‘ચંચલ’ | 25 |
| હમ તુમ્હેં મરને ન દેંગે | ‘નીરજ’ | 25 |
| અલ્લાની પાછળ | | 26 |
| સ્વાભાવિક ધર્મપરિવર્તન | ગટુલાલ ગો. ધ્રુ | 27 |
| અજીબ દેશ હૈ! | હરિભાઅી અુપાધ્યાય | 28 |
| જવાહરની અભીપ્સા | અુમાશંકર જોશી | 28 |
| ધર્મની ભગિની | ફિરોઝ કા. દાવર | 29 |
| વીસેક વાચકો... એકાદ પુસ્તક | | 31 |
| સહિયારી મિલકત | આર્થર આઅીસનબર્ગ | 32 |
| વાચન કે વ્યસન? | કેદારનાથ | 33 |
| માત્રુત્વ અને કલાસર્જન | અીશ્વર પેટલીકર | 34 |
| જબરદસ્ત જડતા | કાકા કાલેલકર | 36 |
| પ્રેમની હત્યા | પર્લ બક | 37 |
| કન્યા-સ્વયંવર મંડલ | | 38 |
| ગુરુભક્તિ | સાને ગુરુજી | 41 |

| | | |
|---|---|---|
| લોટામાંનો રાક્ષસ | મનુભાઈ પંચોળી | 42 |
| પહેલી અવકાશયાત્રા | લિયામ ઓ'ફ્લેહર્ટી | 43 |
| રણની અજાયબ દુનિયા | વિજયચંદ્ર ગો. દલાલ | 47 |
| આગની ઓળખાણ | રશ્મિન મહેતા | 49 |
| શોધ | ચંદ્રકાન્ત શેઠ | 51 |
| સ્વરાજ પછી દુખ્ખનો પ્રારંભ | કાકા કાલેલકર | 52 |
| "એમ કહું કે, સિનેમા કાઢો?" | શંકરલાલ બેંકર | 55 |
| સ્વાતંત્ર્યનું આહ્વાન | ઉમાશંકર જોશી | 57 |
| અગ્નિ અને રાખ | કાંતિ શાહ | 59 |
| આસમાનમાંથી ટપકી પડી છે? | દાદા ધર્માધિકારી | 61 |
| જાદુઈ રસ્તો નથી | જયપ્રકાશ નારાયણ | 62 |
| ક્રાંતિ અંધ હોતી હૈ | કાકા કાલેલકર | 63 |
| વિકરાળ પ્રશ્ન | જે. બી. પ્રિસ્ટલી | 64 |
| કાળને તરિભેટે | લાલ બહાદુર | 65 |
| વિધાતાની છેલ્લી ચેતવણી | ઇસ્માઇલ યુ. પટેલ | 67 |
| એકમાત્ર ઉકેલ | ઇસ્માઇલ યુ. પટેલ | 71 |

આ પુસ્તકમાં અપનાવેલા લિપિ-સુધારની સરળ સમજણ આપતી પુસતિકા 'બંધ પેટીઓ : અટપટી ચાવીઓ' લોકમિલાપ તરફથી બહાર પડી છે, તે આ પુસ્તકના વાચકો વિનામૂલ્યે મગાવી શકશે.

# પંકજ-પુશ્પોની મહેક

છાપેલા શબ્દોનો જે પ્રવાહ સામયિકોમાં વહેતો રહે છે, તેમાંથી જરાક જેટલું અુત્તમ તારવીને જાળવી રાખવાનો પ્રયાસ 'મિલાપ' માસિક (1950-1978) કરતું. પણ અંતે તો એ પોતે પણ એક સામયિક જ ને ? એનાં તારવેલાં લખાણોયે પાછાં કાળના પૂરમાં તણાવા લાગે. તેથી એકાદ દાયકાને ટીંબે જરા થંભીને 'મિલાપ'ના અંકોમાંથી પણ પાણીદાર મોતી જેવાં થોડાંક લખાણો વીણીને પુસ્તકરૂપે તેને સાચવવાની હોંશ રહેતી. પરિણામે 1951થી 1960ના દાયકાના 'મિલાપ'ના અંકોમાંથી ચૂંટી કાઢેલાં લખાણોનો લગભગ 250 પાનાંનો સંગ્રહ 'દાયકાનું યાદગાર વાચન' 1966માં પ્રગટ કરેલો. તેમાં પોણોસોએક લેખકોની નેવું જેટલી કૃતિઓ હતી, જે વાચકો હજી પણ માણી શકે એવી લાગેલી.

1960 પછીના 'મિલાપ'ના અંકોમાંથી પણ 'દાયકાનું યાદગાર વાચન'ના વધુ બે ભાગ બહાર પાડવાની અુમેદ હતી. પણ દસ વરસના 120 અંકો સામટા ઝીણવટથી તપાસીને તેમાંથી લખાણો વીણવાની નિરાંત ફરી મળી નહિ. છેવટે 1995માં એમ મન મનાવ્યું કે દસ નહિ તો એક એક જ વરસના અંકોમાંથી તારવણી કરીને તે પુસ્તક રૂપે પ્રગટ કરતા જવી. એટલે 30 વરસ પહેલાંના, 1965ના વરસના, અંકોમાંથી આજે પણ વાચકોને રસદાયી નીવડે તેવાં લખાણો 'ભવનું ભાતું' નામે આ નાના સંચય રૂપે બહાર પડે છે. મૂળ લખાણો ટૂંકાવીને 'મિલાપ'માં મૂકેલાં, તેમાંથી ઘણાંનો અહીં થોડો વિશેશ સંક્શેપ કરેલો છે.

*

છાપાં-સામયિકોની ક્શણભંગુર કુત્સિતતા જોઅી જોઅીને આપણે ઘણાએ ગ્લાનિ અનુભવી હશે. અને છતાં એ જ કાદવામાંથી સાંપડેલાં, અહીં સંઘરાયાં છે તેવાં પંકજ-પુશ્પોની મહેક અંતરને ભરી મૂકે છે. ભલે અલ્પ પ્રમાણમાં પણ આવાં લખાણો મેળવવા આપણે ભાગ્યશાળી થયાં, તે બદલ એના લેખકો પ્રત્યે હૃદય ઓશીંગણભાવ અનુભવે છે. પણ એ લેખકોનો સાચો મહિમા આપણે ક્યારે કર્યો ગણાય, તે તો કેદારનાથજીના આ શબ્દો સૂચવી જાય છે :

"વાચનથી માત્ર શુભ ભાવનાઓ જાગ્રત થઈને પછી વિલીન થઈ જતી હોય, તો એથી શો લાભ ? વાચનથી જો ભાવનાઓની વૃદ્ધિ થતી ન હોય, અને તે પ્રમાણે આચરણ ન થતું હોય, તો એ વાચન એક જાતનું વ્યસન જ બની જાય છે."

'ભવનું ભાતું'માં સંગ્રહિત લખાણો વાચકોની, સંપાદકોની પણ, ભાવનાઓની વૃદ્ધિ કરાવનારાં નીવડશે એવી આશા છે.

રામ મોહન રાય જયંતી : 96-05-22 **મહેન્દ્ર મેઘાણી**

# મેહ મીઠી વરસે

ઝીણી ઝીણી ઝરમર
   મેહ મીઠી વરસે:
પાતળા પાલવ તળે
   ઉર મારું તરસે.
ઝીલું હું આતુર નેણે,
   વ્હાલનાં અબોલ વેણે;
તન રે તનિક લહેરે
   હરખાય પરસે.
ઝીણી ઝીણી ઝરમર
   મેહ મીઠી વરસે.

કોણ મારું મન બોલે?
   બોલે રે ઝિંગુરવા;
ટહુકે ભરાય આભ
   વગડા ડુંગરવા.
ડાળે ડાળે પાને પાને
   ફૂલ ફોરે મધુ ગાને,
ચરણ ચંચલ તાને
   બિન રે ઘુંઘરવા.
કોણ મારું મન બોલે?
   બોલે રે ઝિંગુરવા.
ઝીણી ઝીણી ઝરમર
   મેહ મીઠી વરસે,

ગરવો અમલ ચડે
   અમિયલ પરસે.
કાંઠે ન સમાય પૂર,
   ઘૂમરાય ઘૂર ઘૂર,
ઘરવ ઘરે ને ઉર
   અદકેરું તરસે.
ઝીણી ઝીણી ઝરમર
   મેહ મીઠી વરસે.

રાજેન્દ્ર શાહ

# રામાયણ કી ભીખ

એક વ્રુદ્ધ બ્રાહ્મણ કી દોનોં આંખે નહીં હૈ, ફિર ભી વે એક મંદિર મેં 'રામાયણ' કા પાઠ કરતે હૈં! એક દિન મૈંને અુનસે પૂછાઃ બાબા, આપને 'રામાયણ' કૈસે સીખી ?

બોલેઃ અિસકા ભી એક કિસ્સા હૈ. તબ ગાંધીજી સેવાગ્રામ મેં રહતે થે. એક દિન મૈં અુનકે દર્શન કે લિયે જા પહૂંચા. પૂછા, "બાપુ, હમેં કોઅી ઐસા કામ બતાઅિયે જિસમેં હમારા ભી કલ્યાણ હો, ઔર જગતકા ભી કલ્યાણ હો." વે કુછ નહીં બોલે. ચાર દિન તક જાકર અુનસે મૈં યહી પ્રશ્ન કરતા રહા. તબ અુન્હોંને કહાઃ "યદ્યપિ આપ પઢ નહીં સકતે, લેકિન અગર આપ 'રામાયણ'કો કંઠાગ્ર કર લેં, તો અુસમેં આપકા ભી કલ્યાણ હોગા ઔર જગતકા ભી કલ્યાણ હોગા."

દૂસરે હી દિન મૈં 'રામાયણ' કા એક ગુટકા ખરીદ લાયા. પર અુસે પઢા કૈસે જાય? તો, મૈં અુસે લેકર બાઝારકી એક-એક દુકાન પર જાતા થા ઔર દુકાનદારસે હાથ જોડકર કહતા થાઃ "ભાઅી, મૈં આપસે 'રામાયણ' કી ભીખ માંગને આયા હૂં. આપ અિસમેં સે કુછ ચૌપાઅિયાં પઢકર મુઝે સુના દીજિયે!" કોઅી કહતા, "જબતક ગ્રાહક નહીં આયેગા, તબતક હમ સુનાયેંગે." મૈં અુનકી બાત માન લેતા, ઔર અુનસે કુછ ચૌપાઅિયાં સુનકર ઘર લૌટ આતા થા. ફિર દૂસરે દિન દૂસરે દુકાનદારકે પાસ જાતા.

એક દિન મૈં એક હરિજનકે પાસ ગયા. વહ સડક કે ચૌરાહે પર બૈઠકર જૂતે સી રહા થા. મૈંને જાકર અુસસે ભી વહી પ્રાર્થના કી. વહ બોલાઃ "બાબા, સુબહકા સમય તો હમારા ગ્રાહકીકા હોતા હૈ. દોપહરકો મૈં ખાલી રહતા હૂં. યદિ આપ મુઝે અપના ઘર બતા દેં, તો મૈં રોજ દો ઘંટે આકર આપકો 'રામાયણ' સુના સકતા હૂં."

ઔર વહ મુઝે નિયમસે 'રામાયણ' સુનાને લગા. પહલે વહ એક ચૌપાઅી પઢતા, ઔર મૈં અુસે સુનતા. ફિર વહ અુસે આઠ-દસ બાર પઢતા, ઔર મૈં અુસે દોહરાતા જાતા. અુસકે બાદ વહ મુઝસે અુસી ચૌપાઅી કો પૂછતા, ઔર મૈં અુસે જ્યોં-કા-ત્યોં સુના દેતા. અગર અુસમેં કુછ ગલતી રહ જાતી, તો વહ સુધાર લેતા. અિસ તરહ હમારા 'રામાયણ' કા પાઠ ચલતા રહા, ઔર એક કે બાદ એક અનેક કાંડોં મુઝે કંઠાગ્ર હોતે ગઅેં. પૂરે ચાર વર્શોં તક અુસને મુઝે 'રામાયણ' પઢાઅી, ઔર વહ 'રામાયણ'

કે કારણ હી આજ સમાજમેં મેરી ઇિજ્જત બની હુઆી હૈ.

**રામનારાયણ અુપાધ્યાય**

*

## વગર જોડાક્ષરની મીઠાશ

મારું ચાલે તો, સુરદાસ-તુલસીદાસે હિન્દીમાં કર્યું તેમ, સંસ્કૃતનો ચીલો છોડીને ગુજરાતીમાંથી નેવું ટકા જોડાક્ષરોને કાઢી નાખી લખવા-છાપવા, વાંચવા-અુચ્ચારવાનું બુધ–અબુધ સૌને માટે સહેલું કરી મૂકું.

તુલસીદાસ-સુરદાસ સમા સંતકવિઓએ હિંદીમાંથી શ, ષ તેમજ મોટા ભાગના જોડાક્ષરોને કાઢી નાખ્યા. 'સત્સંગ' મંડળીઓમાં પ્રવચન કરનારા મહાવિદ્વાન પંજાબીઓને 'પરાલબધ' (પ્રારબ્ધ) જેવા સેંકડો સંસ્કૃત શબ્દોને એક પણ જોડાક્ષર વગર અુચ્ચારતાં મેં અુંમર આખી સાંભળ્યા છે. સંસ્કૃત શબ્દો પંજાબી ભાશામાં ખૂબ ચલણી છે, પણ તે બધા તદ્ભવ રૂપોમાં. પંજાબીના જેટલી મીઠી બીજી કોઅી ભાશા હિંદુસ્તાનમાં મેં જાણી નથી, તે કદાચ તદ્ભવ શબ્દોની તેની બહુલતાને કારણે જ.

એક વાર પંડિત બેચરદાસજીએ મને જોડાક્ષરોવાળા સો-પચાસ તત્સમ શબ્દોની યાદી મોકલેલી અને તે સરળ ગુજરાતીમાં કેમ લખવા તે જાણવા માગ્યું. તેમાંનો એકેએક શબ્દ મેં જોડાક્ષર વગરની જોડણીમાં લખી મોકલેલો.

**સ્વામી આનંદ**

*

## વ્યાસની પ્રતિમા

વ્યાસ ભગવાનના એક શ્લોકનું મને વારંવાર સ્મરણ થાય છેઃ "હાથ અૂંચા કરી કરીને હું તમને વીનવું છું, હે દેશબાંધવો, કે તમારે જો કામનાપ્રાપ્તિ માટે અર્થ–અુપાર્જન કરવું હોય તો પણ એ ધર્મસહિત જ કરી શકાય તેમ છે. તો એ ધર્મ તમે કેમ નથી સેવતા?"

ન્યુ યોર્કના બારામાં સ્વતંત્રતાનું પૂતળું છે. મારું ચાલે તો હું મુંબઅીના બારામાં અુર્ધ્વબાહુ વ્યાસની પ્રતિમા મુકાવું અને તેની નીચે પ્રસ્તુત શ્લોક કોતરાવું.

**અુમાશંકર જોશી**

# વિનોબાની વાણી

## એમનું ચિત્ર નથી

મહંમદ પયગંબરનું કોઅી ચિત્ર નથી. તેઓ તો બાદશાહ પણ હતા, અને એ જમાનામાં ચિત્રકળાયે હતી. પરંતુ એમણે પોતાનું કોઅી ચિત્ર ન કાઢવા દીધું. તેની પાછળ વિચાર એ હતો કે મૂર્તિ-પૂજા ન થવી જોઅીએ, અને વ્યક્તિ-નિરપેક્શ ચિંતન ચાલવું જોઅીએ.

પરંતુ આપણે ક્યાં કોઅીને છોડીએ એવા છીએ? આપણે તો એમના વાળનો સંગ્રહ કરી રાખ્યો! બુદ્ધનો દાંત સાચવેલો છે, તો આમનો વાળ રાખીએ. આ કાંઅી અિસ્લામ નથી, તેમ છતાં એ તો ચાલ્યું.

મહંમદ પયગંબરે વ્યક્તિ-નિરપેક્શ વિચાર મૂક્યો. આખું 'કુરાન' વાંચી જઅીએ; પણ જેમ 'ભાગવત'માં કૃષ્ણ-લીલા છે, 'બાઅિબલ'માં ખ્રિસ્ત-લીલા છે, તેવું 'કુરાન'માં નહીં જોવા મળે. કૃષ્ણ-લીલા વિના 'ભાગવત' નહીં અને ખ્રિસ્ત-લીલા વિના 'બાઅિબલ' નહીં, પણ પયગંબર વિના 'કુરાન' છે. એમની થોડીઘણી જાણકારી 'કુરાન'માં મળે છે, પણ તે કાઢી નાખીએ તોયે 'કુરાન'ને નુકસાન નહીં થાય.

*

## ગેરુઆ વિજ્ઞાપન

સંન્યાસકે લિઅે મેરે મનમેં બહુત આદર હૈ. લેકિન ગેરુઆ પહિનના આદિ જો સંન્યાસીકા બાહ્ય વેશ હૈ, અુસકો મૈં મહત્ત્વ નહીં દેતા. સંન્યાસકા અર્થ હૈઃ જીવનકા માલિક હમ નહીં, ભગવાન હૈ. અુનકી સેવામેં હમારા સબ અહંકાર સમર્પિત હો. મૈંને દેખા હૈ કિ ગેરુઆ વસ્ત્રસે અહંકાર સમર્પિત હો જાનેકે બજાય દૃઢ બનતા હૈ. એક તરહસે વહ વિજ્ઞાપન હી હૈ. (આજકે જમાનેમેં મૈં બોલ રહા હું, પુરાને જમાનેકી બાત અલગ થી.) સમાજકે સેવક હોને કે બજાય હમ સમાજકી સેવા પાનેકે અધિકારી બન જાતે હૈં. અિસલિઅે મેરી સિફારિશ હૈ કિ બાહ્ય વેશ સાદા સમાજસેવકકા હો, ઔર અંતર મેં સંન્યાસકી ભાવના અુત્તરોત્તર મજબૂત બને.

*

# ભવનું ભાતું

મોટે મળસકે નરી શાંતિ છવાઈ ગઈ હોય, શીતળ પવનની મીઠી લહરથી રાત ઠરતી આવતી હોય, જળથળ જંપી ગયાં હોય, ત્યાં અવાજ આવેઃ

*અન્ન સમાન નહિ ઓખદી, જરણા સમો નહિ જાપ,*
*ક્રુશ્ણ સમો નહિ દેવતા, નિંદા સમો નહિ પાપ.*
*ભજ મેના રામો નામ હરિ...રા...મો ના..મ હરિ.*

પ્રભાતનો રાગ સાંભળતાં જ અડોસપડોસની બાઈઓ–બહેનો ઝબકીને જાગી જાય અને એકબીજીને કહેવા લાગેઃ “ઊઠો ઊઠો, બાઇયું ! ઘંટીએ બેસવાનું ટાણું થઈ ગયું. જુઓ, મૂળુ આતા ઊઠ્યા !”

વા ચૂકે, મે’ ચૂકે, પણ મૂળુ આતાના ઊઠવાના ટાણામાં ફેર ન પડે.

મેર લોકો ચારણોને “આતા” કહે છે. છત્રાવા ગામના દેવીપુત્ર મૂળુ આતા ખેડુ છે. પોતે ઈશ્વરની મોટી ક્રુપા માનતા કે એક તો ચારણને ખોળીએ અવતાર, અને વળી ખેતીનો ઉત્તમ ધંધો આપ્યો છે — જે ધંધો કોઈના ઘરમાં ખાડો પાડ્યા વિના એક કણનું અનેકગણું કરી આપે છે. બીજા ધંધામાં તો કોઈકના ઘરમાં ખાડો પડે ત્યારે આપણા ઘરમાં આવે. ખેડુને માટે તો ઈશ્વરને ઘેરથી જ ચિઠ્ઠી ફાડવાની. જાતમહેનત કરીને રોટલો રળવો, કોકને ખવરાવીને ખાવું, એના જેવું બીજું સદ્ભાગ્ય કયું ?

મૂળુ આતા હંમેશાં વહેલા ઊઠી, દાતણપાણી કરી, પ્રભાતિયાં ગાતા ગાતા આખું ફળિયું વાળે. માથે પાણીનો છંટકાવ કરી પંખીડાંને ચણ નાખે. પછી ઢોરને વાડે આવે ત્યાં પાવડીથી પોદળા ખસેડીને ઢોરને નીરણપૂળો કરે. મોંસૂઝણું થતાં ખભે કાવડ લઈને ભાદર નદીએ જાય. ભદ્રાવતીની સ્તુતિ કરે. સ્નાન પતાવી, પાણીની કાવડ ભરી ઘેર આવે. ચકલાંનાં કુંડિયાં ઘસી વીછળીને તાજું પાણી ભરે.

ત્યારબાદ લોટની ટોપલી લઈ ઓસરીની કોરે થાંભલીને ટેકે બેઠા બેઠા બેરખો ફેરવે ને લોટિયાંને લોટ આપે. લોટિયાં આવી ગયા બાદ શિરામણ કરવા બેસે. પછી લાંબા હાથાવાળી કોદાળી લઈને ઊપડે ખેતર ભણી. રસ્તામાં જ્યાં ખાડા, ખાબોચિયાં, પથરા, કાંટા નડતર કરતાં હોય તેને શોધી

શોધીને, કોઈ મોક્શપંથનો વટેમારગુ કામ-ક્રોધ ને અિરશા-ત્રુશ્ણાનાં જાળાં સાફ કરતો હોય તેમ, રસ્તાને સમારતા જાય. કહે કે, "એ મૂંગા જીવ બિચારા કોને કહેશે કે, આ વાટના ખાડાના ઓચિંતાના આંચકાથી અમારી કાંધ ભાંગી પડે છે?"

રસ્તે ખેતર ગમે તેનું હોય — શેઢાના છોડવા ઢળી પડ્યા હોય તો ઊભા કરી, પાંદડાંની આંટી વાળી ઊભડી કરી દેવાની.

પોતાને ખેતરે પહોંચીને જ્યાં સાંતી ચાલતું હોય ત્યાં જાય. બળદને માથે હાથ ફેરવે, અિતરડી-ગિંગોડા વીણે. માણસને પૂછતા હોય એમ બળદને પૂછે: "કેમ બાપા! આજ ભૂખ્યા છો?" સાથીને પૂછે: "સાંગણ! આજ મોડો ઊઠ્યો'તો? ખેડુના દીકરાથી દિવસ ઊગતાં સુધી નીંદર ન ઘોરાય. આમ ભૂખ્યે પેટે એનાથી ધૂળના લાદા ક્યાંથી ઢરડાય? હવે આજ એને વે'લેરા છોડી નાખજે, હો ભાઅી! અને એક વાત ભૂલવી નહિ — સાંતીએથી બળદને છોડીએ ત્યારે એના મોઢાનાં ફીણ લઅીને કાંધે ચોપડી દેવાં."

આમ વાતો કરતાં કરતાં દાંતા-ડાઢા તપાસે: કસૂતર તો નથી ને? જોતરની ડોઅી જુએ: ટૂંપો તો નથી આવતોને? ધૂંસરી કાંધ અુપર ચડી જાય એટલી બધી ઢીલી તો નથી ને? અનેક ભલામણ કરે. બળદને એકાંતરા તેલની નાળ વાળવાનું કહીને ઓથે આવે, ગમાણ સાફ કરે, ઓગાસના પૂળા વાળી ઓઘામાં ખડકે. મૂતરના ખાડામાં ધૂળ ભરે. પછી ઘર તરફ વળે ને વળી સાથી પાસે આવીને કહે, "સાંગણ! ઢાંઢાને હાંકતી વેળા જબાન સારી રાખીએ. બળદને ગાળો દેતાં હોઅીએ, ને ખડ લેતી બાઅિયું-બોનું સાંભળે અી કેવું ખરાબ લાગે! 'મર ! મર !'ને બદલે 'હાલો, મારા ભાઅી! હાલો, મારી જિવાઅી!' એમ કહીએ તો પણ એટલી જ વાર લાગે. સારું વેણ નીકળે તો સાંસતું કાઢીએ જ નહીં."

વળતા દિવસનાં કામોની ભલામણ કરીને બપોરટાણું થાય ત્યાં ઘેર આવે. રોટલા ખાય ને ઘડીક આડો વાંસો કરે. ટાઢો પો'ર ઢળતાં ગામને ચોરે જાય. રસ્તામાં બાઅીઓ-ભાઅીઓ જે કોઅી સામાં મળે એમને "રામરામ: સીતારામ" કહેતા જાય. માણસ માણસને સામું મળે, તો કાંઅી ઢોરની જેમ મૂંગુંમૂંગું ચાલ્યું જવાય છે?

ચોરે આવીને બેઠા બેઠા ગાતા બેરખો ફેરવે. સાંજ પડતી જાય એમ

માણસો આવતાં જાય. બેરખો ફેરવતાં ફેરવતાં એમની સાથે વાતો કરતા જાય. પોતે અભણ, એટલે સાદી સીધી એની વાતઃ

"દેને કુ ટુકડા ભલા, લેને કુ હરિનામ. બને તો પાંચ માળા કરવી. સ્થિતિ પ્રમાણે આપણો હાથ લંબાવવો. કોક કહેશે કે, આપણે ગરીબ માણસ શું કરીએ ?...ભલે આપણે તળાવ ન બંધાવી શકીએ, પણ પોતાની ઝૂંપડીને નેવે સીકું બાંધી, ઘડાની ઠીબ મૂકીને બે કળશિયા પાણી તો રેડી શકીએ ને ? પંખીડાં આવીને ત્યાં પાણી પીએ, આ આપણું તળાવ ! દળણું દળીને જે સોંણ-ઝાટકણ ચપટી ચાંગળું નીકળે, તે ચકલાં ચણી જાય એવે ઠેકાણે નાખીએ; ઠામ-વાસણનો એઠવાડ કૂતરાંની ચાટમાં નાખીએ; એ આપણું સદાવ્રત. મોટી ધરમશાળા ભલે ન બંધાવી શકીએ, પણ બે-ચાર ઝાડવાં તો આપણે અુજેરી શકીએ ને ? એ આપણી ધરમશાળા — જેને દરવાજો જ નહિ. ગમે તે અને ગમે ત્યારે આવે ત્યાં પોરો ખાવા. આપણા સ્વારથ માટે કેટલાં ઝાડ કાપી નાખ્યાં હશે, એનો કોઈ નેઠો (હિસાબ) ખરો ? જેટલાં કાપ્યાં એટલાં તો નહીં, પણ બે-પાંચ તો અુજેરી જવાં, કે પાછલાંને કામ આવે."

કોઈ કહે, "મૂળુ આતા ! આપણી આ ખારચ જમીનમાં ઝાડ ઊજરતાં નથી !" તો મૂળુ આતા સમજાવેઃ

"એવું નથી, ભાઈ. ભગવાને જેવી જમીન બનાવી છે, એમ એને ભાવે તેવી વનસ્પતિ પણ બનાવેલી છે. ખારચ શું — દરિયામાં પણ થાય એવાંય ઝાડવાં છે. હું આંબા ઊજેરવાનું નથી કહેતો, પણ બીજાં ઝાડ ક્યાં ઓછાં છે ? ખારચમાં પણ લીમડો, રામબાવળ, અરડૂસો, એવાં એવાં ઊજરે છે. જો, મેં કેટલાં ઊજેર્યાં !"

ગામને પાદર ઝાડનું નામ નથી, સાવ અુઘાડું પડ્યું છે. ઘેણું તડકે હાંફે છે, થાક્યાંને વિસામો નથી. આ વાત આતાના અંતરમાંથી ખસતી નથી. એમણે વિચાર્યું કે, પુણ્ય તો પાંગળું છે; કોઈ પીખડી પકડીને ચલાવવાવાળો જોઈએ. આમ વાતો કરવાથી નહિ વળે. એટલે નક્કી કરી નાખ્યું કે, મારે પંડે પચાસ ઝાડ તો ઊજેરવાં જ. દર વરસે દસ ઝાડ ઊજેરતો જઈશ.

આમ મૂળુ આતાએ વરસે વરસે દસ ઝાડ વાવવા માંડ્યાં. એને

વાડ-કાંટો ને રખેવાળી કરે. એમાંથી બે-ત્રણ ઘસાઈયે જાય; તો પાંચસાત ઊજરી જાય. આમ આઠ-દસ વરસમાં તો ગામ લૂંબેઝૂંબે થઈ ગયું. એ જોઈને બીજા બે-પાંચ ભાઈઓને ચાનક ચડી. ગામ હોય ત્યાં બેપાંચ તો નીકળેને ? એમણે પણ બબ્બે-પાંચપાંચ ઝાડ ઊજેર્યાં.

પિસ્તાલીસ વરસ સુધી મૂળુ આતાએ આવાં કામ કર્યાં. છેવટે બ્યાંશી વરસની અવસ્થાએ, મહાત્મા ઇસરદાસની જેમ, જાણે કે ઘોડે ચડીને પરિયાણ કર્યું. પોતે ઘોડી લઈને સીમમાં આંટો દેવા નીકળેલા. પાદરમાં ઘોડી પરથી પડી ગયા. સામેથી આવતા ખેડૂતે પાસે આવીને જોયું તો કાયાને કશી ઇજા થઈ નહોતી. કાંઈ બોલાયું નહિ, પણ હાથમાં બેરખો ફરતો હતો. ખાટલા પર સુવરાવીને ઘેર લાવ્યા, ને આતાએ સંવત 1993માં લાંબું ગામતરું કર્યું.

મૂળુ આતા પોતે ભવનું ભાતું બાંધીને ગયા, અને ઝાડ ઊજેરવાનો સંસ્કાર ગામમાં સીંચતા ગયા.

**પિંગળશી મેઘાણંદ ગઢવી**

*

## આમટીનો સ્વાદ

ખરિસ્તી લોકોમાં સાધકોનો એક મોટો આદર્શ છે સ્વૈચ્છિક દરિદ્રતાનો. ગોખલેએ પોતાનું જીવન આવું રાખ્યું હતું. તેઓ દેશભરમાં જ્યાં જતા ત્યાં મહારાશ્ટ્રની ‘આમટી’નાં બહુ વખાણ કરતાં કહેતા કે, ખાવાનું તો ઘણું મળ્યું, પણ જે સ્વાદ આમટીમાં છે તે આમાં નથી. પંજાબથી લાલા લજપતરાય એક વાર મહારાશ્ટ્રમાં આવ્યા ત્યારે એ વાત સંભારીને કહે કે, આમટીનાં વખાણ ગોખલેને મોઢે બહુ સાંભળ્યાં છે; આજે તો એ જ ખવડાવો. પછી લોકોએ આમટી-શાસ્ત્ર સમજાવ્યું કે તે મહારાશ્ટ્રના ગરીબોની વાની છે. તેમાં ઝાઝી દાળ નથી જોઈતી; થોડી આમલી, મીઠું અને પાણી પુશ્કળ.

**વિનોબા ભાવે**

*

# સ્મૃતિ-સુગંધ

જ્યાં મેં શૈશવ વિતાવ્યું હતું, જેની ધરતીના કણેકણ સાથે મારે સંબંધ હતો, તે મારા નાનકડા ગામનું આજેય કોઅી નામ લે છે, તો મારા અંતરના તાર રણઝણી અૂઠે છે. મહામૂલાં મોતી જેવી સ્મૃતિઓ એક પછી એક આંવીને માનસપટ પર પથરાઅી જાય છે.....

જુઓ, આ પાંચ-સાત ડબ્બાની નાની રેલગાડી કેવી ઠ...સૂ...ક ઠ...સૂ....ક ચાલે છે! ડબ્બામાં માણસો પણ કેટલાં ઓછાં છે! સૌ મોજથી વાતો કરે છે...લ્યો, આ સ્ટેશન આવ્યું. ગળે બાંધેલી ઘૂઘરીઓ રણકાવતી ગાય જેમ વાડામાં દાખલ થાય, તેમ આ ગાડી પણ ધી...મે ધી..,મે "ભખ ધૂસ... ભખ ધૂસ"નું એનું સંગીત મંદ પાડતી પ્લેટફોર્મ પર જઅી રહી છે. સાંધાવાળો લાલ ઝંડી ફરકાવતો અૂભો છે. ચાલો, આપણે અૂતરી જઅીએ.

ગાડી તો અહીં નિરાંતે અૂભી રહેવાની, એંજિનમાં પાણી લેવાની. પણ નવું પાણી ભરતાં પહેલાં ડ્રાઅીવર એંજિનમાંનું ગરમ પાણી વરાળના ગોટેગોટા સાથે છોડી મૂકવાનો. જુઓ, એ ધખધખતું પાણી ભરી લેવા કેટલાં બૈરાં-છોકરાં દોડે છે. અૂની અૂની વરાળનો વરસાદ જેવો છંટકાવ બાળકોને લજ્જત આપે છે. પેલી અુસમાન મિયાંની નન્નું આંખો બંધ કરીને એ વરાળ મોં પર ઝીલતી કેવી નાચે છે!

પણ આપણે બહાર નીકળીએ. ચાલો, ટપ્પામાં બેસીએ. ટપ્પ....ટપ્પ કરતી ઘોડાગાડી ચાલે છે. રસ્તાની બંને બાજુ અૂભેલાં મારાં જૂનાં દોસ્તો જુઓ: આંબલી, પીપળી, ગુંદી, બોરડી, બાવળ, લીમડો, અને લાલચટક જીંડવાંથી શોભતી થોરની વાડો.

આ સ્ટેશનને અરધે રસ્તે આવી ધોળી કૂઅી. એની બાજુમાં કોઅી પીરની કબર છે. ઝાડના મોટા ઝૂંડ નીચે ઝૂંપડીમાં એક ફકીર રહે છે. ગળાથી પગની પાની સુધીની લીલી કફની. ગળામાં લાંબી કેરબાની માળા. એક હાથમાં લોઢાનો જબરદસ્ત ચીપિયો, ખભે ઝોળી. ચીપિયાનો પટાક પટાક અવાજ કરતો જાય. રસ્તામાં સામો મળે ત્યારે અમને બાળકોને માથે હાથ મૂકીને દુવા દેતો જાય.

હવે આવ્યું પોલીસનું થાણું. થાણામાં પાંચસાત પોલીસનાં ઘર. નાની ઓરડીઓને બારણે જૂના સાડલાના પરદા લગાવેલા હોય. અંદર પોલીસની બીબીઓ. બહાર તો એ કદી જોવા મળે જ નહિ. કુદરતી હાજતે જવું હોય

તોય રાતે અંધારું થઅી જાય પછી જ નીકળે.

અને હવે આવ્યો 'સૌરાશ્ટ્ર' કુટુંબનો ડેલો. વચ્ચે મો...ટું ચોગાન અને ચોફરતી માટીની નાની ઓરડીઓની હાર. અત્યારે યાદ કરતાં થાય છે કે એ માટીની કોટડીઓમાં ત્યારે સ્વર્ગ વસતું. ચોગાનમાં રુખડબાવા જેવા બે મોટા લીમડા. ખરે બપોરે એની શીળી છાંયમાં કેટલા બધા માણસો આરામ કરતા! 'સૌરાશ્ટ્ર'ના છાપખાનાના બધા કાર્યકરો આ ડેલાની અંદર રહેતા. નાનામોટાનો કોઅી ભેદ નહિ.

ડેલામાં પેસતાં પહેલું જ ઘર આવે છે તે અમારું. અમારા રસોડાનો ચૂલો સતત ચાલુ જ હોય . દાળ-ભાત-શાકનાં તપેલાં ને રોટલી-રોટલા સતત અૂતરતાં જ રહે. તમે પૂછશો કે ઘરમાં એટલાં બધાં માણસો હતાં? અરે, માણસો તો અિન, મીન ને તીન — બા, જીકાકા અને આપણા રામ. પણ અમારું રસોડું એટલે સમાજવાદી ભોજનાલય. કુટુંબ વિના રહેનારા 'સૌરાશ્ટ્ર'ના સૌ કાર્યકરો ત્યાં જમે. બહારગામથી પરોણા આવે, પોતાનાં દુખ્ખની ધા નાખવા ગામડાંના લોકો આવે, કે ગ્રામસેવકો આવે — જે કોઅી આવ્યા હોય તે જમે આ રસોડે. બા બિચારી રસોઅી કરતી જ જાય, ને હોંશથી સૌને જમાડતી જાય. હિંદુ ને મુસલમાન, નાનાં ને મોટાં સહુ ત્યાં સાથે જમતાં ને આનંદ કરતાં.

આપણે ડેલાની બહાર નીકળીએ. આ અમારા ગામનો મુખ્ય રસ્તો. તેની પર થોડાં ડગલાં ચાલીએ એટલે આવ્યો, રાણપુર ગામને અિતિહાસમાં અમર કરનાર ક્રાંતિકારી અખબાર 'સૌરાશ્ટ્ર' કાર્યાલયનો ડેલો. ડેલા બહારની જાળીવાળી પરસાળમાં ચાકળો નાખીને બેઠા છે તે દરબાર બાપુભા અને દેવુભા, 'સૌરાશ્ટ્ર'ના કાયમી ચોકીદાર. એમની ચોકી ચોવીસેય કલાકની. બાજુમાં હોકો પડ્યો છે, તેનો ગડગડાટ સતત ચાલ્યા કરે.

ડેલાની અંદર ચાલ્યા, એટલે બેય બાજુ મોટા મોટા ઓરડા. એમાં છૂટાં છૂટાં ટેબલો. ટેબલ પર નજર નાખો તો એક બાજુ રાશ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી, બીજી બાજુ પ્રખર સાહિત્યસેવી ભીમજીભાઅી 'સુશીલ', તો વળી "ડુંગર આવે તો ખોદી જાય, નદી આવે તો ટપી જાય" એવું ગીત આગગાડીના અભિનય સાથે અમને ગવડાવતા ત્રિભુવન વ્યાસ, અિતિહાસની રસભરી વાતોથી ખુશ કરી દેનાર ગુણવંતરાય આચાર્ય, બૌદ્ધિક ચમકારથી

સૌને આકર્શતા કક્કલભાઅી કોઠારી; તો સામી બાજુના ઓરડામાં હિસાબનો ચોપડો અુખેળી સતત આંકડા પાડ્યા કરતા દવેભાઅી, અને નીચે માથે 'પ્રૂફ'માં આંખો પરોવી રાખનાર મકનજી પરમાર.

પણ આખા 'સૌરાશ્ટ્ર'ના પ્રણેતા ને તંત્રી ક્યાં ? આ રહ્યા ઓફિસની બહાર, ઓફિસ અને છાપખાના વચ્ચે બનાવેલા બગીચાના એક મંડપની નીચે. ગોવિંદ માળીએ પોઅીનાં પાન અને જૂઅીની વેલ ચડાવીને નાનો મજાનો માંડવો બનાવ્યો છે, એની નીચે એક બાંકડો છે, તે 'સૌરાશ્ટ્ર'ના તંત્રી અમ્રુતલાલ શેઠની ઓફિસ ! આમ તો એ મુલકના સમાચાર મેળવવા ગામેગામ ફરતા રહે છે, પણ અઠવાડિયામાં બે દિવસ અહીં રહીને બધું લખે, ને એ લખવાનું આ માંડવા નીચે — જુઅીની ને આસપાસ ખીલેલાં ગુલાબનાં ફૂલની સુગંધ વચ્ચે. ગોવિંદ માળી સાથે એક મોતી માળી પણ છે. દૂબળા-પાતળા ને બેઠી દડીના એ રોજ સવારે ગુલાબ ને જૂઅી–ચમેલીની નાની નાની છડી બનાવીને સૌ કાર્યકરોના ટેબલ પર મૂકી આવે. અમે જઅી ચડીએ તો અમારા હાથમાં પણ મૂકી દે.

ચાલો, બગીચો વટાવીને છાપખાનામાં જઅીએ. ડાબી બાજુ લખુભાઅી, બેચરભાઅી ને હીરજીભાઅી બીબાં ગોઠવવામાં લીન છે; તો જમણી બાજુના વિભાગમાં બારોટજી ને રામસંગભાઅી મશીન ચલાવી રહ્યા છે. અને પણે પેલા દાઅુદ ને સુલેમાન કાગળો વાળે છે ને ચોટાડે છે. નાની એવી દાઢીવાળા બાવામિયાં પુસ્તકોનું સિલાઅીકામ કરી રહ્યા છે. હમણાં જમવાનો ઘંટ વાગશે એટલે સૌ બહાર નીકળી જશે ને ઘેર જઅી નિરાંતે રોટલા ખાશે.

તંત્રીમંડળની ઓફિસથી છાપખાના સુધી સૌ ચુપચાપ કામ કરે છે, નિરાંતે આવ-જા કરે છે. પણ એ કાળે પ્રજાને બેઠી કરી તો એ શાંત વાતાવરણમાં છપાઅીને જે શબ્દો બહાર પડ્યા તેણે. કાઠિયાવાડ તો ઠીક, ભારતભરનાં દેશી રાજ્યોની જનતામાં અસંતોશની આગ લગાડીને ક્રાંતિનો ઝંડો ફરકાવ્યો, રાજાઓની અૂંઘ અુડાડી દીધી અને કંઅીક નમાલી રૈયતમાં ચેતનાના પ્રાણ ફૂંક્યા. એ એક અઠવાડિક છાપાએ જ ગામમાં મહાત્મા ગાંધીને નોતર્યા ને સત્યાગ્રહની લડતનાં પગરણ મંડાવ્યાં. શાંતિપ્રિય ને સંતોશી ગામલોકો સત્યાગ્રહ વખતે ખડા થઅી ગયેલા. પોલીસના ગોળીબારની ધમકી, લાઠીઓની ઠકાઠક એમને ડરાવી નહોતી શકી. એ નીડરતા અને

સાહસની પ્રેરણા એમને આ ડેલામાંથી પ્રગટતા અખબારે આપેલી, અને ગામના આ ખમીરે રાણપુરને ભારતની આઝાદીના ઇતિહાસને પાને ચડાવ્યું.

આપણે હવે ગામ તરફ વળશું? સામે આવે પેલી મોંઘી દૂધવાળી. ભરવાડી ભરત ભરેલું રાતું જાડું થેપાડું, લીલો કમખો, ને અુપર આભલાના ભરતની કાળી ઓઢણી. હાથમાં જાડાં બલોયાં, પગમાં રૂપાની કાંબિયું. ઘસીઘસીને અૂજળી કરેલી પિત્તળની તાંબડી દૂધે ભરેલી છે તે માથે મૂકીને હસતી હસતી, લહેકા કરતી ચાલી આવે છે... એની પાછળ, હાથમાં લાકડી ને માથે ઘાસની ભારી લઅીને, ભેંસને ડચકારતી કાળી કણબણ આવી રહી છે. એનો વાન કાળો, પણ અંતર તો દૂધ જેવું ધોળું! વાતો કરે તો શબ્દો જાણે વેરાઅી જાય ને ખીલખીલ હસ્યા કરે.

રાણપુરની બજાર સાવ નાનકડી. એમાં પહેલાં જ દેખાય શિવુભાનો ટપ્પો. એમનો મેલો ચોરણો, અુપર લીટીવાળું પહેરણ ને માથે છોગાવાળો લીલો ફેંટો. પછી આવે જીવા મોચીની દુકાન. બૂટ, ચંપલ, સપાટ અમે સૌ એમની પાસે જ કરાવીએ. કપાળે કોરા કંકુનો મોટો ચાંલ્લો, તેલ નાખીને કાળજીથી ઓળેલું માથું, સ્વચ્છ વસ્ત્રો અને વિનયભરી વાણીઃ એનું નામ જીવાભાઅી. નાનું છોકરું આવે કે અભણ બૈરું કે મોટું માણસ, સૌને જીવાભાઅી માનથી બોલાવે, કાળજીથી પગનું માપ લે, ને આપેલી મુદતે પગરખાં તૈયાર કરી દે.

પછી આવે મગન કંદોઅી, છગન પાનવાળો, અીસાર ચાવાળો, અલીભાઅી શાકવાળો ને શકરચંદ ફળવાળો. એમને વટાવો એટલે આવે તભા દરજીની દુકાન. વળબંધ ચોકડીવાળી પાઘડી અને લાંબો કોટ પહેરીને એ સંચે બેઠેલા હોય. રસ્તે જતું માનવી ત્યાં પોરો ખાવા બેસે તેની સાથે વાતો કરે, પણ એમનો સંચો તો ચાલુ જ હોય.

હવે ગામનો ચોરો આવ્યો. જટાળો જોગી બેઠો હોય તેમ આંબલી એની અનેક ડાળો વિસ્તારીને ચોરા પર નમી પડી છે. ચોરા પર કોઅી ખાટલે, તો કોઅી ચાકળે, એમ બેપાંચ દરબારો બેઠા છે. હોકો ગગડે છે...

એમ કરતાં કરતાં ગામનો છેડો આવી ગયો. ત્યાં વહી જાય છે બે નદીઓ — ભાદર ને ગોમા. બંનેનો સંગમ અહીં જ થાય છે. થનગનતી ને ચંચળ એ બેય બહેનો ગામલોકોને થોડો જ સમય રમાડીને અદૃશ્ય

થઈ જાય છે. પછી તો એની રેતીમાં આળોટી, એના કાંકરાથી પાંચિકાદા' રમી, એના પટમાં સાતતાળી ખેલી કે એને તળિયે વીરડા ખોદી સૌ પોતપોતાની તૃશા સંતોશે છે.

આમ મારું એ રાણપુર આ મનમંદિરમાં આનંદની ઝાલર બજાવી રહ્યું છે, અને સ્મરણનાં ફૂલોની મધુર સુવાસથી હેયું હિલોળે ચડ્યું છે.

**લાભુબેન મહેતા**

*

*આશાનું, અિન્તેઝારનું, સપનાનું શું થશે?*
*તું આવશે તો મારી આ દુનિયાનું શું થશે?*

*દુખ્ખ પર હસી તો લઉં હું — મગર પ્રશ્ન થાય છે:*
*જે દોસ્ત દઈ ગયા — એ દિલાસાનું શું થશે?*

*'બેફામ' એટલે તો નિરાંતે ઊંઘી ગયો:*
*જીવવાનું દુખ્ખ જ્યાં થાય, ત્યાં મરવાનું શું થશે?*

**બરકત વીરાણી 'બેફામ'**

*

## નિર્મળ દીવી

'કુમાર'નો 500મો અંક! કેટકેટલી સ્મ્રુતિઓ, કેટકેટલી તવારીખો અંકાઈ ગઈ છે એ પહેલા અને પાંચસોમા અંક વચ્ચે! કેવા પ્રબળ ઝંઝાવાતો! એમાં નિર્મળ ઘીના દીવાની જેમ સ્થિર જ્યોતે 'કુમાર' પ્રકાશતું રહ્યું છે. ગુજરાતની એ એક મંગળ, સાંસ્કૃતિક જ્યોત છે. એના શીતળ, સ્થિર, શાંત પ્રકાશમાં અનેક પથિકોને પ્રેરણા મળી છે.

આ કથા કહેતાં કલ્પના નાચી ઊઠે છે. પણ એ બધું સિદ્ધ કરતાં શું થયું હશે, ડગલે ને પગલે ખાડેટેકરે અડવડતા, ઠોકરાતા કયા હાથોમાં એ દીવી સચવાતી રહી છે, એ કથા આપણે કેટલી બધી ઓછી જાણીએ છીએ! કેવળ એક કે બે વ્યક્તિની મૂક સાધના પ્રજાજીવન ઉપર કેટલી વ્યાપક અસર કરી શકે છે, તેનું એક અત્યંત મનોરમ ચિત્ર 'કુમાર'ના પાંચસોમા અંક પ્રસંગે ગુજરાતને લાધશે.

**'સ્નેહરશ્મિ'**

# ઝવેરાતના પારખુ

મારા પિતાશ્રી હીરાલાલ પારેખનો જન્મ 1882માં. કિશોરાવસ્થાથી જ તેમને ઇતિહાસનો વિશય અત્યંત પ્રિય હોવાથી તેમને જૂના સિક્કા, હસ્તપ્રતો, શિલ્પ-સ્થાપત્ય વિશે તીવ્ર જિગ્નાસા રહેતી. શાળા-જીવન દરમ્યાન તેમને સાહિત્યની કંઈ વિશેશ અભિરુચિ હોય એમ જણાતું નથી, પણ પાછળથી એ શોખ ખૂબ ખીલ્યો.

કોલેજના અભ્યાસકાળમાં એમને ઉત્તમ કોટિના વિદ્‌વાનોનો લાભ મળ્યો. અમદાવાદમાં એ સમયે દયારામ ગીદુમલ જજ હતા. તેમણે અભ્યાસવાંછુ યુવકો સાથે અંગ્રેજી સાહિત્ય વાંચવાની ઇચ્છા પ્રકટ કરી, અને આચાર્ય આનંદશંકર ધ્રુવે તેમને સૂચવેલા વિદ્‌યાર્થીઓમાં મારા પિતા તથા દાદાસાહેબ માવળંકરનાં નામ પણ હતાં. આ સત્સંગથી તેમની સાહિત્યાભિરુચિ કોળી. એમના યુવાન હૃદયમાં એ સમયે ઉત્સાહનો થનગનાટ હતો. વિવિધ પ્રકારનું સાહિત્ય ગુજરાતમાં નિર્માણ કરવાનાં સ્વપ્નો તે સેવી રહ્યા હતા.

કોલેજ પૂરી કર્યા પછી પિતાશ્રીની ઇચ્છા પુસ્તક-વિક્રેતા અને પ્રકાશક થવાની હતી. 1910માં તે ગુજરાત વર્નાક્યુલર સોસાએટી(હવે ગુજરાત વિદ્‌યાસભા)ના સહાયક મંત્રી નિમાયા પછી ગુજરાતી સાહિત્યનો વિકાસ, ગ્નાનકોશ, શબ્દકોશ વગેરેની તેમના ચિત્તમાં પડેલી યોજનાઓ સળવળાટ કરવા માંડી.

પરદેશમાં પ્રગટ થતા સાહિત્યપ્રકારો પર તેમ જ કેળવણી, વિગ્નાન, ધર્મ, રમત, કળા વગેરે વિશયનાં સામયિકો પર તેમનું સતત લક્શ રહેતું. એવાં સામયિકો ગુજરાતી ભાશામાં પણ પ્રગટ થાય તે જોવાની તેમની અભિલાશા હતી. એટલે ગુજરાતમાં ક્યાંક પણ કળા કે સાહિત્યનો પ્રયોગ કરતું સામયિક નજરે ચડે, તો તેમના ઉમળકાનો પાર ન રહેતો. નવોદિત સાહિત્યકારોને પ્રોત્સાહન આપી પ્રકાશમાં આણવા તે હમેશાં તત્પર રહેતા. ગિજુભાઈ બધેકા એક ખૂણે બાળકેળવણી દ્‌વારા ભાવિ પ્રજાના ઘડતરની મૂગી પ્રવ્રુતિ કરતા હોય, કે ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય માટે ભેખ ધરીને સૌરાશ્ટ્રનાં ગામડાંમાં ઘૂમતા હોય — પિતાશ્રીની નજર સતત એવી પ્રવ્રુતિ પર મંડાએલી જ હોય. સંસ્કારસેવકોમાં કે સાહિત્યકારોમાં રહેલું

ઝવેરાત પારખવાની તેમની શક્તિ અદ્‌ભુત હતી.

ગુજરાતી પ્રજામાં વાચનનો શોખ કેળવાય અને પ્રજામાં પુસ્તકોનો બહોળો પ્રસાર થાય તેની યોજનાઓ ઘડતાં તે થાકતા નહીં. પુસ્તકાલયો ઊભાં કરી, તેને સમ્રુદ્ધ કરી પ્રજાને તેનો અમૂલ્ય લાભ આપવા અંગે એવા જ ભેખધારી મોતીભાઅી અમીન સાથે તે કૈં કૈં યોજનાઓ ચલાવ્યા કરતા.

પોતાના પ્રાણરૂપ એવી ગુ. વ. સોસાએટીનો અિતિહાસ લખવાની એમની ઝંખના 1930 પછી પાર પડી. સોસાએટીના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપનારા સંસ્કારસેવકો વગેરેની માહિતી તો એમાં છે જ. તદુપરાંત પ્રજાના સામાજિક અિતિહાસ તરીકે પણ તેનું મૂલ્ય ઘણું છે.

એમની બીજી મહાન સિદ્ધિ તે ત્રણ ભાગમાં લખાએલો ‘અર્‌વાચીન ગુજરાતનું રેખાદર્‌શન’નો ગ્રંથ છે. વર્‌શોની મહેનતથી એકત્ર કરેલાં સેંકડો અવતરણો, કાપલીઓ અને લેખોની સામગ્રી તથા કેટલાંય પુસ્તકોના અભ્યાસ પછી તેમણે સર્‌જેલા આ ગ્રંથમાં ગુજરાતનાં 1801થી 1936 સુધીનાં રાજકારણ, સાહિત્ય, કેળવણી, પત્રકારિત્વ વગેરે પાસાંનો ચિતાર આપેલો છે.

‘ગ્રંથ અને ગ્રંથકાર’ના નવ ભાગમાં લેખકોના જીવનપરિચય અુપરાંત ગુજરાતમાં પ્રગટ થતા અુત્તમ સાહિત્યના નમૂનાનો સમાવેશ કરીને તેમણે તેને મૂલ્યવાન બનાવ્યા છે.

**મધુસૂદન હી. પારેખ**

*

## નેતા નહીં બને

જિસને નેત્રુત્વ બરાબર કિયા, લેકિન કભી નેતા નહીં બના; જો હંમેશા પ્રવ્રુત્ત રહા, લેકિન કિસી પ્રવ્રુતતિમેં કભી ફસા નહીં; જો મરકર શહીદ હોનેકી કામના નહીં કરતા, બલ્કિ સમર્‌પણકી જિન્દગી બિતાતે-બિતાતે મરનેકી તૈયારી રખતા હૈ; જો સમત્વભાવસે પ્યાર કર સકતા હૈ ઔર ડાંટ ફટકાર સકતા હૈ, લેકિન કિસીકે લિએ મોહ યા મત્સર નહીં રખતા — ઐસા હૈ એક અજીબ વ્યક્તિત્વ ધીરેન્દ્રભાઅી મજમુદારકા.

*

## આશ્રમના આફતાબ

આરામ હરામ હૈ: એ સૂત્રને ભાઅી પરીક્ષિતલાલ મજમુદારે જીવનમાં અખંડ બેંતાલીસ વરસ સુધી આચરી બતાવ્યું. 1923માં ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક થયા પછી તરત જ એ જે કામે ચડ્યા તે ચડ્યા. એ બેંતાલીસ વરસમાં એમણે કોઅી રજા કે રવિવાર સુદ્ધાં ભોગવ્યા નથી.

સંકલ્પપૂર્વક તેઓ આજીવન એકાકી રહ્યા. હરિજન સમાજ એ જ એમનો સંસાર. હરિજન આશ્રમ(સાબરમતી)ની ઓરડી એ જ એમની ઓફિસ અને એ જ એમનું ઘર. આશ્રમની બહેનો ચલાવે એ જ એમનું રસોડું. મહિનામાં વીસ દિવસ તો પ્રવાસમાં હોય — ત્રીજા વર્ગમાં જ ફરવાનો આગ્રહ. ગામડાંમાં ચાલતાં ફરવાનું, હરિજનવાસોમાં જવાનું. વચ્ચે વચ્ચે આશ્રમમાં આવે ત્યારે કામના ઢગલા ચડી ગયા હોય, અનેક જાતના પ્રશ્નોમાં ધ્યાન આપવાનું હોય. છેવટના દિવસ સુધી કદી આરામ ભોગવ્યો નહિ — સિવાય કે અંગ્રેજ સરકારે જેલમાં ફરજિયાત આરામ આપ્યો તે. અંતે અીશ્વરે આપ્યો.

સ્નાતક થયા પછી તરત એમણે હરિજનસેવામાં જીવન અર્પણ કરવાનો નિર્ણય કરી લીધો હતો. પણ એવામાં નાગપુરનો ઝંડા-સત્યાગ્રહ ચાલતો હતો, એટલે તે સત્યાગ્રહથી જીવનની શરૂઆત કરી, અને જેલમાં ગયા. ત્યાં પથ્થરો ફોડતાં હાથે ફોલ્લા પડતા. કામની વરદી પૂરી ન થાય એટલે આડાબેડી, દંડાબેડી પહેરાવે. છતાં હસતે મુખે સજાઓ ભોગવી, કામ પણ કર્યું. એ આકરી કસોટી જીવનભર ચાલુ રાખી.

આમ હરિજનસેવાને મુખ્ય રાખી આખી જિંદગી સ્વરાજ્યના સૈનિક તરીકે કામ કરી, તેમણે આ સેવાસૂત્રને જીવનમાં બરાબર આચરી બતાવ્યું:

*ના હું અિચ્છું સ્વર્ગ વા અિહ રિદ્ધિ,*  
*ના હું અિચ્છું જન્મમ્રુત્યુથી મુક્તિ;*  
*હું તો અિચ્છું નમ્રભાવે, દયાળો!*  
*સૌ પ્રાણીનાં દુખ્ખનો નાશ થાઓ.*

**વિઠ્ઠલદાસ કોઠારી**

*

પરીક્ષિતભાઈ કદી નવરા બેસતા નહિ. તહેવાર હોય કે રવિવાર, એમણે બધા વારને સરખા માન્યા. હસતાં હસતાં તેઓ કહેતા: "તહેવારના કે રવિવારના દિવસે આપણે ખાતાં નથી? તો પછી કામ કેમ બંધ રખાય?" સવારના પાંચથી રાતના દસ અને છેલ્લે તો અગિયાર સુધી તેઓ સતત કામમાં રોકાયેલા રહેતા. ગામડાંનાં મેલાંઘેલાં મુલાકાતીઓ એમની આજુબાજુ વીંટળાયેલા રહેતા. ઓફિસમાં હોય કે સૂવાની ઓરડીમાં, પ્રવાસમાં કે ગાડીમાં, મુલાકાતીઓની હારમાળા ચાલુ જ રહેતી. "આવો, કેમ આવ્યા છો, ભાઈ!" કહીને તે સહુને આવકારતા.

આશ્રમમાં હોય ત્યારે હરિજન સેવક સંઘની ઓફિસમાં સવારના સાતથી સાંજના પાંચ સુધી, સાતેય દિવસ, તેઓ બેસતા. એક દિવસ વાતમાંથી વાત નીકળી અને તેમણે પૂછ્યું, "આપણે અહીં હોળીની રજા રાખવામાં આવે છે?" રજાની યાદી જોઈને મેં કહ્યું: "હોળી ને ધૂળેટી, એમ બે રજા છે." "એમ? બે દિવસની રજા હોય છે?" તેમણે આશ્ચર્યથી પૂછ્યું. પછી, ઓફિસના સહુ કાર્યકર્તાઓને સંભળાય તેમ એક પ્રસંગ કહ્યો:

"બાપુએ ક્યારેય તહેવાર કે રવિવાર પાળ્યા નથી. તેઓ યરવડા જેલમાં હતા ત્યાં પણ પોતાની હંમેશની ટેવ મુજબ વહેલા ઊઠે, પ્રાર્થના કરે, કાંતે, અધ્યયન કરે. તેમનો એક ચોકીદાર એડનવાસી સોમાલી હતો, તે ન અંગ્રેજી જાણે, ન હિન્દી. અવારનવાર બાપુ પાસે પ્રાર્થનામાં બેસે, બાપુ કાંતે તે જોઈ રહે.

"એ અરસામાં બાપુને ખૂબ શરદી થઈ. તેમ છતાં રોજના નિયત કાર્યક્રમ મુજબ બાપુ વહેલા ઊઠે ને બધું કામ કરે. સોમાલીએ આ જોયું. બાપુ પાસે જઈને એ પોતાની ભાશામાં કાંઈક કહેવા લાગ્યો. પણ બાપુ તે ભાશા જાણતા નહોતા. છેવટે સોમાલીએ ઇશારા વડે આરામ કરવાનું કહ્યું. બાપુ સમજી ગયા. તેથી તેમણે પણ માથે તપતા સૂરજ તરફ આંગળી કરી કહ્યું: આફતાબ, આફતાબ. ચકોર સોમાલી બાપુનું કહેવું ઇશારામાં સમજી ગયો — સૂરજ જેમ આરામ કરતો નથી, તેમ માણસે પણ કામ કરવું જોઈએ."

પ્રસંગ પૂરો થયો એટલે પરીક્ષિતભાઈ હસતા હસતા પોતાના

કામમાં પરોવાઈ ગયા.

રવિવારને પણ કામનો જ દિવસ ગણનારા પરીક્ષિતભાઈનું અવસાન પણ એક રવિવારે જ થયું. છેલ્લી મિનિટ સુધી એમણે શરીર પાસેથી કામ લીધું. દવાખાનામાં લઈ ગયા, તો આજુબાજુ ઊભેલા સાથીઓને "તમારાં કામ બગડશે" કહી જવાનું કહ્યું. પણ "આજે રવિવાર છે, મોટાભાઈ! અમારે રજા છે," એવો સાથીઓનો ઉત્તર એમને જાણે કે અસુખ કરાવી ગયો.

હવે એમનું સ્મરણ કરીએ ત્યારે અંતરમાંથી કોઈક અવાજ સંભળાતો લાગે છે: રવિવાર એ રજાનો વાર નથી. રવિવારે અનેક બાળકો આ વિશ્વમાં જન્મ લે છે. રવિવારે અનેક રોગીઓ અને વૃદ્ધો મૃત્યુ પામે છે. રવિવારે આપણે ખાઈએ છીએ, પીએ છીએ, દેહની અન્ય ક્રિયાઓ કરીએ છીએ. છતાં રવિવારને રજાનો વાર, આરામનો વાર કેમ ગણીએ છીએ?

**જગદીશ ચાવડા**

*

## લંગાર લાગી છે

બધા કહે છે કે આપણો દેશ ગરીબ છે, લોકોમાં બેકારી છે, ભૂખમરા અને કુદરતી આફતોથી પ્રજા ભિંસાઈ રહી છે. પરંતુ ઊભા થઈને સંજોગો સાથે બાથ ભીડવાની ઇચ્છા કેટલા લોકોના મનમાં પ્રગટતી હશે? સાધારણ રીતે તો ઇચ્છા એ થાય છે કે વધુ પગાર મળે, કામ ઓછામાં ઓછું કરવું પડે, રજાઓ વધુમાં વધુ મળે!

રજાઓની તો મોટી લંગાર લાગી છે: ધાર્મિક તહેવારો, રાષ્ટ્રીય તહેવારો, માંદગીની રજા, હક્કની રજા. ચારે બાજુથી કારકૂનો, મજૂરો, નાના ઉપરીઓ, મોટા ઉપરીઓ, બધા રજાની માગણીમાં એકમત હોય છે.

રજા એ જ શું આપણો જીવનરસ? કામને આપણે જીવન સાથે વણી શકીએ નહિ? કામમાંથી આનંદ મેળવી શકીએ નહિ?

**લાભુબેન મહેતા**

*

## કુલ કામનું પરિણામ

એક વાર ગાંધીજીએ કોઈ કામ બાબતમાં મને પૂછ્યું, ત્યારે મેં કહ્યું, "મને નથી લાગતું કે આનું કોઈ ખાસ પરિણામ આવે." ત્યારે તેઓ હસતાં હસતાં બોલ્યા, "જો, વિનોબા, આપણે તો એટલું જ જોવાનું છે કે આ યોગ્ય છે કે અયોગ્ય. બાકી તો આપણા કુલ કામનું પરિણામ પણ મીંડું જ છે!" આમ બોલતાં એમણે પોતાના હાથ વડે હવામાં મીંડું દોરી બતાવ્યું.

આ દુનિયામાં ઈશ્વર સિવાય બીજી કોઈ હસ્તી નથી. આપણે તો આપણા સંતોશ ખાતર કરીએ છીએ, બાકી પરિણામની દ્રુશ્ટિએ જોવું હોય તો તો આપણી બધી ક્રિયાઓનું પરિણામ શૂન્ય જ છે.

**વિનોબા ભાવે**

*

## ગ્લાનિ વચ્ચેનું સ્મિત

રોજ સવારે સૂર્ય ઊગે અને દૈનિક પત્ર આવે ત્યારે સમાચાર પર નજર નાખતાં ઘણુંખરું ચિંતા, નિરાશા, આઘાત થાય. આજે ઉત્કલમાં મંત્રીઓ પર લાંચરુશ્વતનો આરોપ, તો કાલે બિહારમાં કોઈ રમખાણ... નવા કર, નવા કાયદા, નાણાંની તંગી. અમારા એક મિત્ર તો છાપાને સવારે અડકતા નથી કે રખે એ વાંચીને આત્મહત્યા કરવાની પ્રબળ લાગણી થઈ આવે!

આવી વિશમ પરિસ્થિતિમાં પણ પરોઢમાં હંમેશ સ્મિત કરાવે એવું એક સર્જન સદ્ભાગ્યે છે. એ સદ્ભાગ્ય 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' દ્વારા આપણને સાંપડે છે. રાશ્ટ્રપતિ કે મુખ્ય મંત્રીની તસવીર જોતાં પહેલાં લક્શમણનું કટાક્શચિત્ર એનો કયો વાચક નથી જોતો? આ આનંદ ભલે ક્શણિક હોય, ભલે પછીથી વાંચનાર દુખ્ખના દરિયામાં ડૂબી જાય, પણ તાત્કાલિક તો એ ચિત્ર મનની ગ્લાનિ વિસરાવી દે છે.

કટાક્શચિત્રો સરળ અને સ્પશ્ટ હોવાં જોઈએ. જોતાં સાથે જ એનો મર્મ ગ્રહણ થઈ શકે એવાં હોય તો જ એ સફળ થાય. એક તંત્રીલેખની જે અસર ન થઈ શકે, તે એકમાત્ર કટાક્શચિત્રથી પડી શકે છે.

**ગગનવિહારી મહેતા**

*

## સબકે પ્યારે

ગાંધીજીને સાબરમતીમેં આશ્રમ ખોલકર જબ અુસમેં એક રાશ્ટ્રીય શાળા શુરુ કી, તબ જો વિદ્યાર્થી શુરુશુરુમેં આયે અુનમેં સે વલ્લભ ભી થા. અુસકી નમ્રતા, સરલતા, પ્રસન્નતા ઔર વિદ્યા-નિશ્ઠાકા પ્રભાવ સબ પર થા. જબ વિનોબા સાબરમતીસે વર્ધા ચલે ગયે, તબ વે અપને સાથ દો-તીન ગુજરાતી વિદ્યાર્થિયોંકો લે ગયે. અુનમેં એક થા વલ્લભ. વલ્લભને વિનોબાકો અપની સારી પૂરી નિશ્ઠા અર્પણ કી ઔર પૂરે-પૂરે અુન્હીંકે હો ગયે. વર્ધા જાકર વે ઐસે મહારાશ્ટ્રીય હુએ, કિ અુનકા ગુજરાતી હોના ધ્યાન મેં લાતે મુશ્કિલ હી જાન પડતા થા.

વિનોબા કે પાસ વલ્લભને ક્યા-ક્યા નહીં સીખા? ખાદીસે લેકર 'બ્રહ્મ-સૂત્ર' તક, ઔર રસોઅી બનાનેસે લેકર સંસ્થાકા સંચાલન કરનેકે કૌશલ્ય તક સબ વિદ્યાઅેં અુન્હોંને સીખી.

છત્રપતિ શિવાજીકે ગુરુ રામદાસ સ્વામીકે એક શિશ્યકો લોગ કલ્યાણ સ્વામી કહતે થે. અુસી ઢંગ સે વિનોબાજીકે સબસે પુરાને ઔર પ્રિય શિશ્યકો લોગ વલ્લભસ્વામી કહને લગે.

અપની નમ્રતા ઔર આગ્નાકારિતા કે કારણ વલ્લભસ્વામી સબકે પ્યારે તો થે હી, લેકિન વે અિસી નમ્રતાકે પીછે અપની વિદ્વત્તા ઔર કાર્યશક્તિકો ઘુમા ભી સકતે થે. અુનકી કાર્યકુશલતાકી કદર કિતની ભી હો, વે અપની નમ્રતા છોડતે નહીં થે. ગાંધીજીકે ચલે જાને કે બાદ હમ લોગોંને સબ રચનાત્મક સંસ્થાઓંકો એકત્ર કરકે સર્વ સેવા સંઘકી સ્થાપના કી. અુસકે લિએ જબ વલ્લભસ્વામીકો અધ્યક્શ બનાયા, તબ અુનકી યોગ્યતાકી પૂરી પરખ હુઅી ઔર અુસમેં વહ ખરે ઠહરે. બડોંકે સામને નમ્ર રહના, ઔર ઓર વ્યક્તિયોંકે સાથ સમાનતાકા વ્યવહાર કરના, યહ થી અુનકી સફલતાકી કુંજી.

વલ્લભસ્વામીકા સ્વાસ્થ્ય શુરુ સે કુછ ઢીલા સા રહતા થા. કામકે શ્રમસે તબિયત કુછ ઔર ઢીલી હુઅી. દેશકી પરિસ્થિતિ હી ઐસી હૈ, ઔર કાર્યકર્તાઓંકી સંખ્યા અિતની અલ્પ હૈ, કિ હર એકકો અપની શક્તિકી મર્યાદા ભૂલકર અધિક કામ કરના પડતા હૈ.

જો લોગ દીર્ઘાયુ હોતે હૈં અુનકા એક દુખ્ખ યહી હૈ કિ અુન્હેં અનેકોં

કી મ્રુત્યુકે દુરુહ સમાચાર સુનને પડતે હૈં. વલ્લભસ્વામી મેરે ભી તો વિદ્યાર્થી થે. જિનકો અપના કાર્ય આગે ચલાનેકે લિએ તૈયાર કિયા, ઔર જિનકે દ્વારા અપના જીવન-કાર્ય સુચારુ રૂપસે આગે બઢેગા ઐસા વિશ્વાસ રખા, વે હી જબ હમારે પહલે ચલે જાતે હૈં તો અુસકા દુખ્ખ તીવ્ર હોતા હૈ.

**કાકા કાલેલકર**

*

## અગ્નિ હો : પ્રકાશ ન પડે

જો અુત્તમ ગુરુ હોતે હૈં, વે અુનકે શિશ્યોંસે પહિચાને જાતે હૈં. જિનકે શિશ્ય ગુરુઓંસે આગે બઢે, વે અુત્તમ ગુરુ. અુત્તમ ગુરુલક્શણ હૈ અુત્તમ બાપ-લક્શણ — કિ અુસકા બેટા આગે જાયે. દશરથકે આગે રામ ગયે, તો દશરથ અુત્તમ બાપ.

અગર હમ ચાહતે હૈં કિ ગ્નાનબીજકા અુત્તરોત્તર વિસ્તાર હો, તો શિશ્યમેં જૈસે નમ્રતાકી જરૂરત હોતી હૈ, અુસસે જ્યાદા ગુરુમેં હોતી હૈઃ અપની સારી ગ્નાનપ્રભા અંદર છિપાકર શિશ્યકો આગે ઢકેલના; પ્રભા અુસકે દ્વારા ફૈલે, મેરે દ્વારા ન ફૈલે. ઐસે, પ્રભાકો અપને અંદર છિપા લેના, બહુત બડી શક્તિકા કામ હૈ. અગ્નિ ભી હો, ઔર પ્રકાશ ભી ન પડેઃ કઠિન બાત હૈ. વહ જિનકો સધતા હૈ, અુનકે દ્વારા ગ્નાનબીજકા વિસ્તાર હોતા હૈ.

**વિનોબા ભાવે**

*

## રોમરોમમેં સહયોગ

ગાંધીજી કહતે થે કિ અસહયોગ સફલતાપૂર્વક વહી કર સકતા હૈ, જિસકે રોમ-રોમમેં સહયોગ ભરા હુઆ હૈ. જિસકે ખિલાફ હમ અસહયોગ કરતે હૈં, વહ તો પરેશાન હોતા હી હૈ. લેકિન હમેં ભી અુસકી વેદના મહસૂસ હોની ચાહિયે. સ્વભાવ હોના ચાહિયે સહયોગકા. ઔર મનુશ્યકો લગના ચાહિયે કિ, ક્યા મેરા દુર્દૈવ કિ મુઝે અસહયોગ રૂપી કટુકર્તવ્ય કરના પડતા હૈ!

**કાકા કાલેલકર**

*

Acc. No. 130322
Date

# એવરેસ્ટના આશકો

હિંદુસ્તાનના મોજણી ('સર્‌વે') ખાતાના એક અધિકારી રાધાનાથ શિકદારે અનેક ગણતરીઓ કર્‌યા પછી 1852ની સાલમાં ઠરાવેલું કે તે કાળના હિમાલયના નકશામાં 'શિખર નં. 15'ને નામે ઓળખાતું શિખર માત્ર હિમાલયમાં જ નહિ, પણ દુનિયાભરના પર્‌વતોમાં અૂંચામાં અૂંચું છે. એ મોજણીખાતાના તે વખતના કુશળ અંગ્રેજ વડા જોર્‌જ એવરેસ્ટે અગિયાર વરસ અગાઅુ જ હિમાલયની તરિકોણમિતીય મોજણી સંપૂર્‌ણ કરેલી, અને તેમના માનમાં આ શિખર નં. 15નું નામ ત્યારથી એવરેસ્ટ શિખર પાડવામાં આવ્યું. જો કે તિબેટ-નેપાલના લોકો તો તેને 'ચોમોલુંગમા' અને 'સાગરમાથા' નામે ઓળખતા આવેલા હતા જ.

દેશવિદેશના સાહસિક ડુંગરખેડુઓને વીસમી સદીના બીજા દાયકા પછી એવરેસ્ટ-આરોહણની લગની લાગવા માંડી હતી. એ શિખર પરના ચઢાણની પૂર્‌વતૈયારી રૂપે એક બ્રિટિશ ટુકડી 1921માં લગભગ 7,000 મીટર સુધી ચઢાણ કરી આવેલી. 1922માં રીતસરના એવરેસ્ટ–આરોહણ માટેની પહેલવહેલી ટુકડી બ્રિટનથી આવી, પણ લગભગ 8,500 મીટર સુધી પહોંચ્યા પછી તેને પાછું ફરવું પડ્‌યું.

1924માં આવેલી બીજી બ્રિટિશ ટુકડી પહેલીના કરતાં વધારે અૂંચાઅીએ જઅી શકી, પણ મેલરી અને અરવિન નામના તેના બે વીર સભ્યો એવરેસ્ટની હિમ-કરાડોમાં ગાયબ થઅી ગયા.

1934માં મોરીસ વિલ્સન નામના અંગ્રેજ જવાંમર્‌દે એકલપંડે એવરેસ્ટની ખેપ આદરી. એનો દેહ પણ ત્યાં વાટમાં જ પડ્‌યો.

1950ની બ્રિટિશ ટુકડીએ નેપાલમાંથી દક્‌શિણ બાજુથી એવરેસ્ટ પર ચઢવાનો પ્રથમ પ્રયાસ કર્‌યો. ત્યાં સુધીનાં બધાં આરોહણો તિબેટમાંથી અુત્તર બાજુથી થતાં આવેલાં.

છેવટે 1953 એવરેસ્ટ–વિજયનું યાદગાર વરસ નીવડ્‌યું. જોન હંટની આગેવાની નીચેની બ્રિટિશ ટુકડીના તેનસિંગ નોરગે (ભારત) અને એડમંડ હિલેરી (ન્યુ ઝીલેન્ડ) તા. 29 મેની સવારે 11-30એ એવરેસ્ટની ટોચ પર જઅીને અૂભા.

## અજબ પુશ્પ માનવ્યનું

*મુલાયમ ગુલાબ-શું હ્રુદય, ધૈર્ય મેરુ સમું.*
*પ્રચંડ પુરુશાર્થધોધ, નભ-શાં ઊંડાં સ્વપ્ન કૈં.*
*ન કોઈ પ્રતિ દ્વેશ, સત્ય પછી છાંડવું શે પડે?*
*ન કોઈ ભય, વર્તવું ક્યમ પડે જ હિંસાથી તો?*

*વહાલ થતું વેરીનેય ઉર આર્દ્રતા એહવી.*
*કશાં તપકઠોર જીવન મહીં થઈ સંચિત*
*દશેદિશથી ઊભરી સભર વિશ્વની શ્રી બધી!*
*જવાહર, ખીલ્યા તમે અજબ પુશ્પ માનવ્યનું.*

*અશોક અકબર જવાહર — ત્રિમૂર્તિ એ હિંદની,*
*વળાંક ઈતિહાસ લે, પ્રગટ ત્યાં થઈ, સાંકળે*
*ભવિશ્ય થકી ભૂત, ભવ્ય યુગસન્ધિ લે સાચવી.*
*ન હિંદની જ માત્ર એ વરવિભૂતિઓ; વ્રુક્શ જે*
*ખીલે જગકુટુંબરાજ્ય તણું તે તણા માળી તે.*
*જવાહર, તમે સીંચ્યું અમ્રુત હિંદ-આત્માનું ત્યાં.*

**ઉમાશંકર જોશી**

*

### સચ્ચે નેતા

જો લોગ ભારતીય હોને કે નાતે હર તરહકે કેવલ અધિકાર હી માંગતે હૈં, લેકિન રાશ્ટ્રકી સેવા કરનેકો ઔર રાશ્ટ્રકે લિયે ત્યાગ કરનેકે લિયે તૈયાર નહીં હૈં, ઐસે લોગ રાશ્ટ્ર કે લિયે ભારરૂપ હોતે હૈં. ઐસે લોગોંકો સંભાલકર રાશ્ટ્રકી નૈયા ચલાનેકી કોશિશ કરના, ઔર ગલેમેં પત્થર બાંધકર તૈરના એક-સા હૈ. રાશ્ટ્રહિતકી દ્રિશ્ટિ રખકર ઐસા બોઝ ઉઠાકર જો તૈરનેકો તૈયાર હૈં, વે હી સચ્ચે રાશ્ટ્રનેતા હૈં.

**કાકા કાલેલકર**

*

## મેલા એક મશાલકા

*આજ જનમદિન હૈ, ઓ બચ્ચે, વીર જવાહરલાલકા!*
*વહી જવાહર જો ખુદમેં થા મેલા એક મશાલકા. ...*
*મુસલમાનકા કાબા થા તો હિન્દૂકી વહ કાશી થા. ...*
*તનસે રાજકુમાર સલોના, મનસે પર સંન્યાસી થા, ...*
*સબસે સચ્ચા સિક્કા થા વહ મિટ્ટીકી ટકસાલકા. ...*

*બન ગુલાબ મહકા જાકર વહ અિસ ક્યારી, અુસ ક્યારીમેં,*
*પ્રાંત-પ્રાંતકો એક બનાતા ફિરા કી હર ફુલવારીમેં;*
*બડા રસિક થા : કભી નાચતા થા ગ્વાલોંકી ટોલીમેં,*
*કભી રંગકી પિચકારી ખુદ બન જાતા થા હોલીમેં,*
*કભી બોલતા રાજનીતિ તો કભી શાયરોંકી ભાશા. ...*

**'નીરજ'**

✻

## — તબ હી ટ્રેન આગે બઢ સકી

દૂસરા મહાયુદ્ધ જોરોં પર થા. મિલિટરીકા ધાક સબ પર છાયા હુઆ થા. વે મનમાની કરતે થે, પર રોકનેકી હિમ્મત કૌન કરે?

સ્પેશલ મિલિટરી ટ્રેન બૈતુલ સ્ટેશન પર ખડી રહી. ખાનેકી જો ચીજ દેખી, સૈનિકોને ખાના શુરૂ કર દિયા; ઔર પૈસે ન દેતે હુએ ગાડી નિકલ ગઅી.

અુસ વક્ત આર. કે. પાટિલ જિલ્લાકે કલેક્ટર થે, અુનકે પાસ તુરન્ત શિકાયત ગઅી. સહકારીઓને કહા, મિલિટરીકે ઝમેલેમેં ન પડો. પાટિલ સાહબને કહા કિ, અપને જીલેમેં ઐસી ઘટના મૈં બરદાશ્ત નહીં કરુંગા. અગલે સ્ટેશન માસ્તરકો સૂચના ભેજકર અુન્હોને વહ ટ્રેન બૈતુલ વાપસ બુલાયી, ઔર પાઅી પાઅીકા હિસાબ સૈનિકોંસે વસુલ કરાયા; ઔર જબ મિલિટરી ઓફિસરને માફી માંગી, તબ હી ટ્રેન આગે બઢ સકી.

**વસંતરાવ બોંબટકર**

✻

## યહ પરીક્ષા કી ઘડી હૈ

... દર્દ હૈ, લેકિન હમેં રોના નહીં હૈ,
ચોટ હૈ, મૈદાન પર ખોના નહીં હૈ.
હમ પરાજય માન લેં? માથા ઝુકા લેં?
— પ્રાણ રહતે યહ કભી હોના નહીં હૈ.
હૈ વિરાસતમેં મિલા સંઘર્ષ હમકો,
આગકે પથ પર જવાની ફિર ખડી હૈ—
દેશ મેરે, યહ પરીક્ષા કી ઘડી હૈ. ...

રક્તસે સીંચો ઇરાદોંકી મશાલેં,
રાહ પર કિતના અંધેરા છા ગયા હૈ.
જો હિમાલય એક કંધે પર ટિકા થા,
વહ કરોડોં બાહુઓં પર આ ગયા હૈ.
સો ગયા જિસમેં કી ધરતીકા જવાહર,
ધૂલ વહ ચંદા-સિતારોંસે બડી હૈ—
દેશ મેરે, યહ પરીક્ષા કી ઘડી હૈ.

**રામકુમાર ચતુર્વેદી 'ચંચલ'**

*

## હમ તુમ્હેં મરને ન દેંગે

... તુમ બતાતે થે કિ અમ્રુતસે બડા હૈ હર પસીના,
આંસુઓંસે હૈ ન જ્યાદા કીમતી કોઈ નગીના;
યાદ હરદમ વહ કસમ હૈ, હમ તુમ્હેં મરને ન દેંગે.

તુમ નહીં થે વ્યક્તિ, તુમ આઝાદિયોંકે કારવાં થે,
અમ્નકે તુમ રહનુમા થે, પ્યારકે તુમ પાસબાં થે;
યહ હકીકત હૈ, ન ભ્રમ હૈ, હમ તુમ્હેં મરને ન દેંગે.

તુમ લડકપન કે લડકપન, તુમ જવાનોં કી જવાની,
સિર્ફ દિલ્લી હી ન, હર દિલ થા તુમ્હારી રાજધાની;
પ્યાર વહ અબ ભી ન કમ હૈ, હમ તુમ્હેં મરને ન દેંગે.

**'નીરજ'**

# અલ્લાની પાછળ

એક સાધુ અને એક ફકીર વચ્ચે દોસ્તી થઈ. બંનેએ વિચાર કર્યો કે સ્વર્ગમાં જઈ ભગવાનનાં દર્શન કરીએ. ગયા સ્વર્ગમાં. રાજમાર્ગ પર ઊભા રહ્યા. સાંજ પડી એટલે, દૂરથી એમણે એક આકૃતિ આવતી જોઈ: માથે મુંડન, હાથમાં દંડ, ભગવાં લૂગડાં. તેની પાછળ પાછળ હજારો દંડધારી સંન્યાસીઓનું ટોળું ચાલ્યું આવતું હતું. મુરશીદે પૂછ્યું, "આ કોણ આવે છે?"

"આ અમારા શંકરાચાર્ય છે."

એ સવારી પસાર થયા પછી થોડી વારે ત્રિપુંડધારી રામાનુજ આચાર્યની સવારી નીકળી. તેની પાછળ ભજન ગાતાં ગાતાં લાખો ભક્તો નીકળ્યા.

તે પછી બુદ્ધ, મહાવીર અને વલ્લભાચાર્યની સવારીઓ પસાર થઈ. દરેકની પાછળ લાખો ભક્તો તેમનો જયજયકાર બોલાવતા હતા.

થોડી વારે ઘોડા પર બેસીને કોઈ આરબ નીકળ્યો. તેની પાછળ પણ લાખો અનુયાયીઓ ચાલતા હતા. હવે સાધુએ મુરશીદને પૂછ્યું, "આ કોણ છે?"

"આ મહમ્મદ પયગંબર સાહેબ છે."

આ પછી ઈશુ ભગવાન અને અશો જરથોસ્તની સવારીઓ પણ નીકળી.

સૌથી છેલ્લે એક ચીંથરેહાલ ઘરડો આદમી નીકળ્યો. તેની પાછળ પાંચ-પચીસ જણા ધીમે ધીમે ચાલતા હતા.

સાધુએ પૂછ્યું: "આ કોણ આવે છે?"

"આ અલ્લા પોતે છે."

"તો આમની પાછળ આટલા જ માણસો કેમ છે?"

"અલ્લાની પાછળ ચાલનારા આટલા જ હોય છે."

*

*ફકીરોની કેવી સવારી ચડી છે*
*બિચારી જુએ બાદશાહોની દુનિયા!*

**મકરન્દ દવે**

## સ્વાભાવિક ધર્મપરિવર્તન

ખ્રિસ્તી ધર્મના અનેક પંથોમાં રોમન કેથલિક પંથના અનુયાયીઓની સંખ્યા સહુથી વધારે છે. એ પંથના મિશનરીઓ જગતના લગભગ બધા દેશોમાં પંથનો પ્રચાર કરવા ગયેલા છે. એ પંથના પાદરીઓના જીવનમાં ત્યાગની ભાવના, સાદાઈ, કેળવણી માટેની ધગશ, તથા એમની સાધ્વીઓની સામાજિક સેવા ભારે પ્રશંસાપાત્ર છે. શાળાઓ, દવાખાનાં વગેરે સામાજિક સેવાની સંસ્થાઓ એ પંથના જેટલી બીજો કોઈ ખ્રિસ્તી પંથ ચલાવતો નથી.

આદિવાસી, હરિજનો વગેરે ભારતની જે પછાત પ્રજાઓને અપનાવવાની દરકાર હિંદુ સમાજે કદી કરી નથી, જેમની મુશ્કેલીઓ ટાળવાનો વિચાર સરખો પણ કર્યો નથી, એવી પ્રજાઓ વચ્ચે ગામડાંમાં ને જંગલોમાં જઈ જઈને રોમન કેથલિક પાદરીઓએ તેમને અનેક પ્રકારની સહાય આપી, ખેતી શીખવી, શિક્ષણ આપી તેમની સામાજિક સ્થિતિ સુધારવાનું કામ કર્યું. આવું ઉમદા કાર્ય કરનારા એ પાદરીઓના ધર્મમાં એ પ્રજાનું પરિવર્તન થાય, એ સ્વાભાવિક છે.

એ જાતના ધર્મપરિવર્તનને "વટલાવવું" કહેવું, પણ યુરોપ-અમેરિકાના કોઈ વતની હિંદુ ધર્મ ગ્રહણ કરે તેનાં ગુણગાન ગાવાં, તથા હિંદુ ધર્મ જાણે કે સર્વશ્રેષ્ઠ છે એમ માનવું, એ મિથ્યા ગર્વ છે. હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી વગેરે તો માત્ર ધર્મનાં લેબલ છે. ધર્મ તો એક જ છે, અને તે અધ્યાત્મ. હજારો વરસથી આપણે રાખતા આવ્યા છીએ તેવી વિશાળ પરધર્મ-સહિષ્ણુવૃત્તિ આપણે સદાય રાખવી જોઈએ.

**ગટુલાલ ગો. ધ્રુ**

*

## સારું તે અમારું

પારસી ધર્મનું એક લક્ષણ પરધર્મો પ્રત્યેની એની સહિષ્ણુતા છે. અમે માનીએ છીએ કે અમારું જે છે, તે કદાચ બીજાઓને સારું નયે લાગે. પણ જગતમાં જે કાંઈ સારું છે, તે તો જરૂર અમારું જ સમજવું. તમામ નેક વિચારો, વચનો અને કાર્યોને અમે ચાહીએ છીએ અને વંદીએ છીએ.

**ફિરોઝ કા. દાવર**

## અજીબ દેશ હૈ !

હરિદ્વારમેં સાધુ સમાજકા અધિવેશન થા. અુસમેં યહ ચર્ચા ચલી કિ જવાહરલાલ નેહરુકો સાધુ સમાજકી સલાહકાર સમિતિકે અધ્યક્ષ બનાયે જાએ યા નહીં. સાધુઓકે એક દલકે લોગ કહતે થે, “યહ સાધુઓંકી જમાત હૈં, પ્રશાસનકે નેતાકા અિસમેં ક્યા સ્થાન? એક ગરિહસ્થ સાધુઓંકા નેતા કૈસે બન સકે?” દૂસરે કુછ સાધુ બોલે, “જવાહરલાલ હમસે કમ સાધુ નહીં હૈ. વહ ભી એક મહાત્મા હૈ.” આખિર અિસ પક્ષકે લોગ જીતે.

હરિદ્વારસે લૌટ કર મૈં પંડિતજીસે મિલને ગયા દિલ્લી. અુન્હોંને પૂછા, “કહાંસે આ રહે હો?” મૈંને કહા, “હરિદ્વારસે સાધુ સમાજકે સમ્મેલનસે.” વહ બોલે, “સાધુ સમાજસે તુમ્હારા ક્યા લેના-દેના?”

મૈંને હંસ કર જવાબ દિયા, “મેરી તો બાત ઠીક, આપ અપની સમ્ભાલિયે.” તો આશ્ચર્યસે બોલે, “ક્યા મતલબ?” મૈંને કહા, “મતલબ યહ કિ સાધુ સમાજમેં બહસ ચલી કિ જવાહરલાલકા અિસમેં ક્યા કામ? તો સાધુઓને બહુમતસે તય કિયા કિ જવાહરલાલ હમસે કમ સાધુ નહીં હૈ, વહ ભી એક મહાત્મા હૈં. સો, અબ આપ ભી સાધુ મહાત્મા હો ગએ, ઔર સો ભી સાધુઓંકી સમ્મતિસે!”

જવાહરલાલજી હંસ પડે; બોલે, “અપના ભારત ભી અજીબ દેશ હૈ!”

**હરિભાઅુ અુપાધ્યાય**

*

### જવાહરની અભીપ્સા

*‘ભારતની જીવનગંગામાં ભળી જઅી હું થાઅું અશેશ;*
*ભારતની માટીમાં મળું, ત્યાં લ્હેરો મુજ સ્વપ્નાંનો દેશ.’*

**અુમાશંકર જોશી**

*

# ધર્મની ભગિની

ધર્મ એ કાંઈ અરણ્યમાં જઈને શોધવાની વસ્તુ નથી, પણ સમસ્ત જીવનમાં અને સામાજિક વ્યવહારમાં તેનું આચરણ કરવાનું છે. જીવનનું પ્રત્યેક પાસું ધર્મના રંગે રંગાયેલું હોવું જોઈએ. ધર્મના માર્ગદર્શન વિનાનાં ગ્નાન, વિગ્નાન કે વિદ્યા હાનિકારક નીડવશે. ધાર્મિક દિશાસૂચન વિનાનાં કલા અને સાહિત્ય ભુલાવો ખવડાવશે.

સાહિત્ય, સંગીત અને કલાને ધર્મની ભગિનીઓ કહી છે, તે આ કારણે. શોપેનહાવર એક નિરાશાવાદી તત્ત્વગ્ન હતો, અને જીવનને તે એક અપાર દુખ્ખનું ધામ માનતો હતો. એમ છતાં દિવસને અંતે તે એક સંગીતશાળામાં જઈ સંગીતના મનહર સૂરોમાં પોતાનું દુખ્ખ ભૂલી જતો. એ દુખ્ખી જીવને જે આશ્વાસન ધર્મ પણ આપી ન શક્યો, તે એને કલા દ્વારા સાંપડ્યું.

ભક્તિમાં જે લક્શણો આપણે જોઈએ છીએ, તે જ શિશ્ટ સાહિત્યમાં પણ જોવા મળે છે. બંનેમાં પવિત્રતા હોય છે. બંનેમાં નમ્રતા ને નિખાલસતા હોય છે. ભક્ત ઈશ્વરપ્રાપ્તિ વિના બેચેન રહે છે; કવિ પણ તેણે સેવેલાં સ્વપ્નોની સિદ્ધિ થતી નથી ત્યાં સુધી બેકાર રહે છે. ભક્તિ અને લેખન-પ્રવ્રુત્તિ બેય સ્વેચ્છાનાં પરિણામો છે. કોઈની આગ્નાથી ભગવાનનું ભજન થતું નથી કે કવિતા રચાતી નથી. સાચી ભક્તિ નિશ્કામ હોય છે, અને ભક્તોને ઈશ્વર પાસેથી કોઈ અપેક્શા હોતી નથી: સાચો સાહિત્યકાર પણ નફાતોટા પ્રત્યે ઉપેક્શા સેવે છે અને લોકપ્રિયતાની પરવા કરતો નથી.

કલા અને સાહિત્ય તેની ભવ્યતાથી આપણામાં આદર ઉત્પન્ન કરે છે, અથવા સૌંદર્યથી મોહ પમાડી આપણને વશ કરે છે. સૌંદર્ય જેમ દૈહિક હોય, તેમ નૈતિક અને આધ્યાત્મિક પણ હોઈ શકે. લેખકનો ધર્મ સૌંદર્ય દ્વારા આનંદ અને રસ ઉપજાવીને વાચકનો ઉત્કર્શ કરવાનો છે.

શ્રેશ્ઠ સાહિત્યના એક ઉત્તમ દ્રુશ્ટાંત તરીકે યુગકવિ ન્હાનાલાલ પ્રત્યે દ્રુશ્ટિપાત કરીએ. સૌથી પ્રથમ ગુણ જે આંખે ચડે છે, તે એમની કવિતા પ્રત્યેની સમર્પણતા. એમનામાં એક ફકીરની બેપરવાઈ હતી. બહોળો વસ્તાર હોવા છતાં સરકારી હોદ્દો ફગાવી દઈ તેઓ કાવ્યદેવીની એકનિશ્ઠ સેવા કરવાને કટિબદ્ધ થયા. તેમ કરતાં તેઓએ પુશ્કળ વેઠ્યું

હતું. છતાં તેમના સ્વાર્થત્યાગ વિશે કોઈ સૂચન કરે તે પણ તેઓને અરુચિકર થઈ પડતું.

હિંદુ ધર્મ અને સંસ્કૃતિમાં જે ઉચ્ચતમ આદર્શો છે તે રવીન્દ્રનાથ અને ન્હાનાલાલનાં કાવ્યોમાં ગવાયા છે. ધનપ્રાપ્તિ કે લોકેષણા સારુ એમણે એમના સાહિત્યનું ધોરણ હેઠું પાડ્યું નથી. સૌ કોઈ સમજી શકે એવા શુભાશયથી પણ એઓ પોતાની કવિતાનું ધોરણ જનસમાજની પંક્તિ પર લાવી શકતા નહિ. એઓ એમ માનતા કે એમણે નીચે ઊતરવા કરતાં અર્ધશિક્ષિત સમાજને ઊંચે આવવાની જરૂર વધારે હતી.

એમની કવિતામાં જન્મસિદ્ધ પવિત્રતા ખડકાયેલી છે. પણ માત્ર નીતિ અને પવિત્રતાથી કોઈ કાવ્યમુગટ ધારણ કરી શક્યું નથી. કવિશ્રીમાં પવિત્રતા અને રસિકતા, સાત્ત્વિકતા અને સૌંદર્યનો સુરેખ સમન્વય સધાયો છે. જેમ નીતિભંગ, તેમ રસગ્નતાનો ભંગ પણ એમને માટે અકલ્પ્ય હતો. તેમના તેજે ઘડ્યા શબ્દો, તેમની ભવ્ય ઉપમાઓ, નીતિનો પરિમલ પ્રસરાવતાં તેમનાં અનેક કાવ્યપુષ્પો, અને સંગીતસભર રાસો આપણા કાવ્યસાહિત્યનો મહામૂલ્યવાન વારસો છે.

**ફિરોઝ કા. દાવર**

*

## પ્રાર્થનાનો હેતુ

આપણા દેશમાં ધાર્મિક કર્મકાંડો પાર વિનાનાં ચાલે છે. દેવસ્થાનોમાં જઈને લોકો પૂજાપાઠો, પ્રાર્થનાઓ, નમાજો, બંદગીઓ વગેરે સતત કરતા રહે છે. કોઈ પોતે જેને શત્રુ માનતો હોય તેના વિનાશની પ્રાર્થના પરમેશ્વરને કરે છે, તો કોઈ વળી સામાજિક ગુનાઓ કરવાથી ભોગવવી પડતી સજામાંથી બચવા માટે માનતા કરે છે. ભણવામાં ધ્યાન ન આપ્યા પછી વિદ્યાર્થીઓ સારા માર્કથી પાસ થવાની માગણી ભગવાન પાસે કરે છે, અને ચોરી કરીને પાસ થઈ જતાં ભગવાનનો પાડ માનતા હોય છે. પોતે પોતાની રીતે સુખી થાય અને ગમે તેમ વર્તે છતાં પોતાને કશું દુઃખ વેઠવાનું ન આવે, તે હેતુથી મોટા ભાગના લોકો મંદિરમાં જતા હોય છે.

**બેચરદાસ દોશી**

*

# વીસેક વાચકો... એકાદ પુસ્તક

માનવજાતનો પોણો ભાગ નીચેની બાર ભાશાઓ પૈકી એક યા બીજી બોલે છે: ચીની 25 ટકા મનુશ્યો, અંગ્રેજી 11 ટકા, રશિયન 8 ટકા, હિન્દી 6 ટકા, સ્પેનિશ 6 ટકા, જર્મન 4 ટકા, જાપાનીસ 4 ટકા, બંગાળી 3 ટકા અરબી 3 ટકા, ફ્રેંચ 3 ટકા, પોર્ટુગીઝ 2.5 ટકા, ઈટાલીઅન 2 ટકા.

પણ અમુક ભાશા બોલનારા જેટલા મનુશ્યો હોય, તે બધા જ એ ભાશાને વાંચી શકતા નથી હોતા. તેથી જગતના મોટા ભાગના લોકોને પુસ્તકો કે છાપાં વાટે પહોંચવું હોય તો તેને માટે આ સાત ભાશાઓ પૂરતી છે: અંગ્રેજી 18 ટકા મનુશ્યો વાંચી શકે છે, ચીની 17 ટકા, રશિયન 16 ટકા, સ્પેનિશ 6 ટકા, જર્મન 5 ટકા, ફ્રેંચ 4 ટકા, ઈટાલીઅન 2 ટકા. વિવિધ ભાશાઓમાં અક્શરગ્નાનનો વધતો–ઓછો પ્રસાર થતો જાય, તેમ આ ટકાવારીમાં ફેર પડતો જવાનો.

*

સારી પેઠે વિકાસ પામેલા કોઈ પણ દેશમાં વાચકવર્ગ (એટલે કે વાંચવાની ક્શમતા ધરાવનાર લોકો) કુલ વસતીના 75 ટકા જેટલો હોવાનો. પણ ખરેખરા વાચકો (એટલે કે નિયમિતપણે કશુંક વાંચનારા) 15થી 20 ટકા જેટલા જ હોય છે. અને પુસ્તક-ભંડારમાં જઈને ખરીદી કરનારાઓનું પ્રમાણ માંડ 2થી 3 ટકા જેટલું આવે છે.

*

જગતભરમાં મળીને દર વરસે લાખો પુસ્તકોની અબજોની અબજો નકલો બહાર પડે છે. તેમ છતાં બહુ જ ઓછાં પુસ્તકો લાંબી આવરદા ભોગવતાં હોય છે. 100 પુસ્તકો પ્રગટ થાય, તેમાંથી વરસેક પછી માંડ દસ વેચાતાં હોય છે, અને બે દાયકા વીત્યા પછી તેમાંથી એકાદ જ પુસ્તક વેચાણમાં રહ્યું હોય છે.

*

## સહિયારી મિલકત

જેમનાં પુસ્તકોના અનુવાદો અન્ય ભારતીય ભાશાઓમાં સુલભ હોય, એવા બે-ચારથી વધારે ભારતીય લેખકોનાં નામ આપણે ગણાવી શકશું? તમિલ નવલકથાકાર કે તેલુગુ વાર્તાકાર, મલયાલમ કવિ કે કન્નડ નાટ્યલેખકનાં એકાદ-બે નામ કોઈ ઉત્તર ભારતીય પુસ્તકરસિયાના મુખેથી સાંભળવા મળે ખરાં? આવું જ ઓડીસાના સાહિત્યકારો વિશે ગુજરાતમાં બને તો નવાઈની વાત નહિ ગણાય. જેમની મુખ્ય ક્રુતિઓ ભારતના બીજા પ્રદેશોના વાચકવર્ગમાં જાણીતી હોય એવા, સાચા અર્થમાં ભારતીય ગણાય તેવા, વીસમી સદીના સાહિત્યકારોનાં નામોની યાદી સાવ નાની જ થવાની.

પ્રાદેશિક ભાશાઓમાં લખાયેલાં કેટલાંય પુસ્તકો સર્જનાત્મક પ્રતિભાએ નિપજાવેલી ઉત્તમ ક્રુતિઓમાં ગણાય એવાં છે. છતાં એમને તથા એમના લેખકોને પૂરતી ખ્યાતિ સાંપડી નથી. કોઈ પણ પુસ્તક ઉત્સુક વાચકની આંખ વાટે તેના મનનાં ઊંડાણોને આંબે ત્યારે જ સમજણ તથા આનંદ આપનાર એક સાધન તરીકેની પોતાની સાર્થકતા પામે છે.

ભારતના સાહિત્ય-ખજાનાની આ દેશમાં અને દેશ બહાર વધુ ને વધુ વાચકો ભાળ મેળવે તે માટે કુશળ અનુવાદકો, સાહસિક પ્રકાશકો અને સારા પુસ્તક–વિક્રેતાઓની બહુ મોટી જરૂર છે. વળી લોકોને પુસ્તકો ખરીદવા માટે પ્રેરવા ગ્રંથાવલોકનોથી વધુ અસરકારક બીજું કોઈ માધ્યમ ભાગ્યે જ હશે.

આ દિશામાં વ્યાપક પ્રયાસો કરીને, ભારતનાં પ્રાદેશિક ભાશાઓનાં સાહિત્યોને આપણે આ રાશ્ટ્રની સહિયારી મિલકત બનાવવાની છે.

**આર્થર આઈસનબર્ગ [અંગ્રેજી પરથી અનુવાદક જયન્ત મેઘાણી]**

*

## એક જ અપેક્શા

કોઈ ભાશા અંગે આપણી ચાર અપેક્શાઓ હોય: (1) તે ભાશાની ચોપડી વાંચી શકીએ. (2) તે ભાશા કોઈ બોલે તો સમજી શકીએ. (3) આપણે પોતે એ બોલી શકીએ. (4) એ ભાશામાં આપણે લખી શકીએ. ઉપરની ચાર અપેક્શાઓમાંથી અંગ્રેજી અંગે તો માત્ર પહેલી — પુસ્તકો વાંચવાની — સંતોશાય તો પણ બસ.

**ઉમાશંકર જોશી**

## વાચન કે વ્યસન ?

ગ્રંથોના શ્રવણ-પઠનની સાથે સાથે એનું ચિંતન અને મનન પણ થવું જોઈએ; અને ચિંતન પછી જે વસ્તુ યોગ્ય લાગે તેનું આચરણ થવું જોઈએ. ભારતનો ઇતિહાસ વાંચીને આપણે એ જાણી લઈએ કે આપણે ગુલામ કેમ બન્યા; તે પછી પણ સ્વતંત્રતાના રક્ષણની વૃત્તિ આપણામાં ન આવે, તો ઇતિહાસના વાચનથી આપણે શું પ્રાપ્ત કર્યું? વાચનથી માત્ર શુભ ભાવનાઓ જાગ્રત થઈને પછી વિલીન થઈ જતી હોય, તો એથી શો લાભ? વાચનથી જો ભાવનાઓની વૃદ્ધિ થતી ન હોય અને તે પ્રમાણે આચરણ ન થતું હોય, તો એ વાચન એક જાતનું વ્યસન જ બની જાય છે.

ભારતમાં રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીરથી ગાંધીજી સુધીના મહાપુરુષોની એક પરંપરા ચાલી આવે છે. એમનો ઉપદેશ ગ્રંથો દ્વારા ઉપલબ્ધ છે. છતાં ભારતમાં સામાન્ય નાગરિકોમાં પ્રામાણિકતાની ઊણપ જ છે. એનું કારણ એ છે કે આપણે સદ્ગ્રંથોનો મહિમા ગાઈએ છીએ, પરંતુ તેવું આચરણ કરતા નથી. આપણે સંતોનાં ગુણગાન કરીએ છીએ, એમની ભક્તિ કરીએ છીએ, પરંતુ એમના ગુણો જીવનમાં ઉતારતા નથી.

**કેદારનાથ [હિંદી પરથી અનુવાદક શંકરભાઈ સો. પટેલ]**

*

## સાહિત્યનું લોકશાહીકરણ

આજે સાહિત્યનું લોકશાહીકરણ થયું છે. પોતાની નવી કૃતિ વિશે નરસિંહરાવ જેવા વિદ્વાનો શું કહેશે એ ભયથી લેખકો ફફડી ઊઠતા, તે જમાનો ક્યારનો ગયો છે. હવે તો લેખકો વાચકવર્ગની મનોરંજનની અમુક અપેક્ષાઓ ખ્યાલમાં રાખીને લખે છે. લોકશાહીકરણને લીધે સાહિત્યનું ધોરણ નીચે ઊતરવા માંડ્યું છે. પ્રતિષ્ઠિત પુરવાર થયેલા છાપેલા સિક્કા જેવા લેખકો એક કે દોઢેક કૃતિમાં પોતાનું હીર બતાવી દીધા પછી પોતાની ને પોતાની કૃતિનું રૂપાંતરે પુનઃકથન કરતા રહ્યા છે. વિવેચકો સ્પષ્ટ રીતે અભિપ્રાય આપવાને બદલે ગોળ ગોળ કહેવા માટે વિવેચનની પરિભાષાનો સગવડભર્યો ઉપયોગ કરે છે. કદાચ કોઈ સ્પષ્ટ અભિપ્રાય આપે, તો સાહિત્યકારો અને વાચકોના જગતમાં એવા અભિપ્રાયોનું વજન પડતું નથી.

**ઈશ્વરલાલ ર. દવે**

# માતૃત્વ અને કલાસર્જન

નવજુવાનીના જુસ્સામાં રમણલાલ દેસાઈની નવલકથાઓથી પ્રભાવિત થઈને મને વાર્તાકાર થવાનું દિવાસ્વપ્ન આવી ગયું હતું. મેટ્રિક પાસ થયા પછી કોલેજમાં ધકેલાવાનું ન બન્યું અને નોકરી પણ ન મળી, એટલે હું વાર્તાકારની દીક્ષા લેવા નીકળી પડ્યો હતો. એનો અધિકાર, એની સાધના, કંઈ કહેતાં કંઈ ગમ ન હતી.

મારે માટે ચમત્કાર એ થયો કે 1944માં મારી પ્રથમ નવલકથા 'જનમટીપ' પ્રગટ થઈ, તેને સાંગોપાંગ કલાકૃતિનું તિલક ઝવેરચંદ મેઘાણીએ કર્યું. એના જે ગુણો એમને વસ્યા હતા તે જાણીને મારા હરખનો પાર ન રહ્યો — તેમ હું ગભરાઈ પણ એટલો જ ગયો હતો. કોઈ પણ ક્ષેત્રે નાનીમોટી સફળતા પ્રાપ્ત થયા પછી જ ખ્યાલ આવે છે કે સીધાં ચઢાણ હવે શરૂ થાય છે. મેઘાણીભાઈએ પહેલી મુલાકાતમાં જ મને ચેતવ્યો હતો: ગુજરાતને મેઘાણી કે પેટલીકરનું મહત્ત્વ નથી; મહત્ત્વ છે સાહિત્યકૃતિનું. 'જનમટીપ'ના સર્જક પાસેથી ગુજરાત સવાઈ 'જનમટીપ'ની આશા રાખશે.

ઉત્તરોત્તર સવાઈ કૃતિઓ આપવાની મહેચ્છા કયા કલાકારને ન હોય ? 'જનમટીપ' અને 'ગ્રામચિત્રો' લઈને સાહિત્યક્ષેત્રે પ્રવેશ્યો ત્યારથી મને પ્રોત્સાહન મળતું રહ્યું છે. નોકરીનું બંધન નહિ અને આર્થિક વિટંબણા નહિ. આમ મને પૂરી અનુકૂળતા હોવા છતાં કલાની અપેક્ષા સંતોષાય તેવી ઊંચી કૃતિઓ હું ઉત્તરોત્તર આપી શક્યો નથી. એનો અજંપો હું કેવો અનુભવું છું, તે હું એકલો જાણું છું.

આ નિસ્સહાયતા દરેક ક્ષેત્રના કલાકારને ઓછીવત્તી ભોગવવી પડતી હશે. વ્યક્તિને હાથે સર્જન થાય છે, એટલે સર્જક તરીકેનો યશ ભલે તેને મળતો હોય; બાકી સર્જન એ સભાનપણે થઈ શકે તેવો સીધોસાદો વ્યાપાર નથી. માતૃત્વ અને કલાસર્જન બંનેનો વ્યાપાર એકસરખો ગૂઢ છે. જેમ માતૃત્વ એ સ્ત્રીનો વ્યવસાય નથી, તેમ કલા પણ કોઈ વ્યક્તિનો વ્યવસાય ન હોઈ શકે. માતા પુત્ર વડે પોશાય, તેમાં સંસ્કારની ઉદાત્તતા છે; તેમ કલાકારને તેની કલા બદલ ધન ને કીર્તિ મળે, તે સમાજની સંસ્કારિતાનું દ્યોતક છે. પરંતુ ધન અને કીર્તિની ભૂખમાંથી કૃતિનો જન્મ તે કલાને ઉપકારક નથી. ધન અને કીર્તિ મળે તેમ ન હોય

તો પણ સર્જક "સ્વાન્તહ્ સુખાયે" સર્જન કર્યા વિના રહી શકતો નથી. જીવન-સંઘર્શની હાડમારી એના સર્જકત્વને રૂંધી શકતી નથી. બલકે સ્ત્રીનાં બીજાં દુખ્ખને માત્રુત્વનું સુખ સહ્ય બનાવે છે, એ સુખમાં સંસારનું બધું દુખ્ખ ડૂબી જાય છે; તેમ કલાકારના જીવનસંઘર્શની હાડમારી સર્જનના સુખમાં સહ્ય બને છે.

**ઈશ્વર પેટલીકર**

*

## બાળગીતોની કસોટી

આપણા ઘણા કવિઓ બાળકો માટે લખતા રહ્યા છે. અને કવિ નથી તેવા પણ ઘણા લેખકો — ખાસ કરીને બાળશિક્શણ સાથે જોડાયેલા શિક્શકો — બાળકો માટે ગીતો જોડતા રહ્યા છે, જેમાં કવિતા અને બાળકો બંને પર અત્યાચાર જ થતો રહ્યો છે. પણ બાળચેતનાની સાથે અનુસંધાન સાધી સાચી કવિતા આપતા રહે એવા કવિની આપણને જરૂર છે. બાળકો માટે જ લખવું, એવા કશા ભારણ વિના સહજ રીતે સૌંદર્ય અને આનંદના સ્વયંભૂ અુદ્ગાર તરીકે લખાયેલાં કાવ્યો કવિઓએ બાળકો આગળ ધરતા રહેવું જોઈએ.

કાવ્યમાં ભાશાનું, ભાવનું, વિચારનું કે વસ્તુનું ઔચિત્ય સાચવવું, એ ઘણું નાજુક અને દોર પર ચાલવા જેવું કામ છે. કાવ્ય અંગે પહેલું ભયસ્થાન એ રહે છે કે કવિને લય કે છંદ હાથ આવી જાય, એટલે તેનો અુદ્ગાર પૂરતો કાવ્યમય સંસ્કાર પામ્યા વિના, કલ્પના કે ભાવથી રસાયા વિના અુપરચોટિયો ગદ્યાળુ બની જાય છે. બાળગીતોમાં તો આવું સહેલાઈથી થઈ જાય, કેમકે બાળકાવ્યની બાનીને બને તેટલી બાળકની સપાટી પર રાખવાની છે. અને આમાં અૂલટી કવિની વધુ કસોટી થાય છે; સપાટીની નિકટ રહી તેણે ચારુતા સાધવાની છે.

**સુન્દરમ્**

*

# જબરદસ્ત જડતા

જિન લોગોંકે મનમેં હિન્દીકે લિયે આગ્રહ નહીં હૈ, અથવા જો લોગ અંગ્રેજી હી કાયમ કરના ચાહતે હૈં, અુનકી હિન્દી કે બારેમેં અનાસ્થા જબ તક દૂર નહીં હોગી, તબ તક અંગ્રેજીકો રહને દેના હોગા; રાહ દેખની પડેગી. (કેવલ રાહ દેખનેસે કામ નહીં ચલેગા, ઔર જબરદસ્તી કરનેસે ભી કામ નહીં ચલેગા.)

સારે દેશમેં અંગ્રેજીકે આગ્રહી લોગ પાયે જાતે હૈં — ખાસ કરકે જો લોગ આજ રાજ્ય ચલા રહે હૈ, સબ અંગ્રેજીકે હી આદી હૈ. યહ આદત બદલનેકા અુનકા અુત્સાહ નહીં હૈ. દેશમેં સબ બેંક, બ્યૌપારી, કારખાનદાર અંગ્રેજીકે હી આદી હૈં. અુનકો ભી અંગ્રેજી બદલકર હિન્દી ચલાનેકા અુત્સાહ નહીં હૈ. યુનિવર્સિટિયાં, કોલેજ ઔર હાઅીસ્કુલ કે વ્યવસ્થાપક અંગ્રેજીકે આદી હૈં. અુનમેં પરિવર્તનકા અુત્સાહ કમ દીખ પડતા હૈ. ઔર બડી બાત તો દેશકે અખબારોંકી હૈ. દેશકે પ્રધાન દૈનિક અંગ્રેજીમેં ચલતે હૈં. અુન્હીંકી પ્રતિશ્ઠા ઔર લોકપ્રિયતા અધિક હોતી હૈ. સામાજિક પ્રસંગોકે આમંત્રણ ભી કાફી સંખ્યામેં અંગ્રેજીકા હી શરણ લેતે હૈં. અંગ્રેજી બિના ચલા નહીં સકતા ઐસા એક ભી આદમી જહાં પાયા નહીં જાતા, ઐસે ગાંવોંમેં ભી દુકાનોંકે વ કારખાનોંકે નામ અંગ્રેજી શબ્દોકે હોતે હૈં ઔર અંગ્રેજી લિપિમેં દિયે જાતે હૈં.

અિસ તરહ સારે રાશ્ટ્રને અંગ્રેજીકી શરણ મંજૂર કી હૈ. યા તો હમ અપની યહ જડતા છોડ દેં, અથવા અંગ્રેજીકો હી અમરપટા લિખ દેં. હમારા રાજકાજ ઔર સાર્વજનિક જીવન અંગ્રેજી કે દ્વારા વ્યક્ત હો, અિસે મૈં સાંસ્કૃતિક અધઃપાત માનતા હું. લેકિન જબ તક હમારી દેશભક્તિસે ભી હમારી જડતા જબરદસ્ત હૈ, તબ તક અંગ્રેજી હી ચલેગી.

**કાકા કાલેલકર**

*

*નશા પિલાકે ગિરાના તો સબકો આતા હૈ,*
*મજા તો જબ હૈ કિ ગિરતોંકો થામ લે સાકી.*

**અિકબાલ**

# પ્રેમની હત્યા

ધરતીના દૂર દૂરના છેવાડાના પ્રદેશો સુધીયે બાળકો માટેનો પ્રેમ સર્વત્ર જોવા મળે છે. એ પ્રેમ જીવનને ભર્યુંભર્યું રાખનારો છે. આશા અને શ્રદ્ધાનો એ નવો જન્મ છે.

શ્રદ્ધા રાખવાની અને ચાહવાની તત્પરતા લઈને જ બાળક અવતરે છે — શ્રદ્ધા કે, દુખ્ખમાં કોઈક શાતા પૂરશે ને પીડાનું શમન કરશે.... અને પછી એ દિવસ, એ ઘડી કેટલી વેદનામય બને છે, જ્યારે એ વિશ્વાસનો ઘાત થાય છે! તેમ છતાં બાળકોની ક્ષમાશક્તિ અકલ્પ્ય હોય છે. પ્રેમ માટેનાં તમામ કારણો નાબૂદ થઈ ગયાં હોય ત્યારે પણ તેમનું પ્રેમઝરણું વહેતું જ રહે છે. માબાપો પોતાની જાતને એ પ્રેમ માટે નાલાયક સાબિત કરી ચૂક્યાં હોય, તે પછીયે લાંબા કાળ સુધી બાળકો તો પોતાનાં જનક-જનનીને ચાહવાનું ચાલુ રાખવાનાં જ.

બાળકના હૈયામાં રહેલા પ્રેમની હત્યા કરવી બહુ મુશ્કેલ છે — પણ એ કરી શકાય છે; હા, એ કરી શકાય છે ખરી. અને એ હત્યા થાય છે ત્યારે, બાળક જ્યારે જાણ પામે છે કે પોતે જેને ચાહે છે એવી કોઈ વ્યક્તિએ તેને છેહ દીધો છે ત્યારે, એ જખમ પછી કદી રુઝાવી શકાતો નથી. એ બાળક પોતાનું શેશ જીવન એક જખમી પ્રાણી બની વિતાવે છે, શ્રદ્ધાપૂર્વક એ ફરી કદી ચાહી શકતું નથી. એવો પ્રાણઘાતક જખમ કોઈ બાળકને થયો છે કે નહિ તે એના વદન પરથી, એની આંખોની મીટ પરથી, પારખી શકાય છે. બાળકમાં છલના નથી હોતી, બાળક કશું ગોપવી રાખતું નથી. એ જે રીતે મીટ માંડે છે, તેની મારફત એ બધું પ્રગટ કરી દે છે.

બાળક પ્રેમ ઝંખે છે. તેના વિકાસને માટે પ્રેમ આવશ્યક છે. પરંતુ એ એક નિસ્સ્વાર્થ પ્રેમ હોવો જોઈએ. બાળકના પોતાના વિકાસ સિવાય બીજા કશા બદલાની તેમાં અપેક્ષા ન હોવી જોઈએ. અને એ બદલો જ શું પૂરતો નથી? એક બાળકના દેહનો, ચિત્તનો, આત્માનો વિકાસ થાય; પોતાની જાતમાં જ લીન એવું એક નાનકડું નવજાત પ્રાણી એક જવાબદારી ભરેલા, પ્રવૃત્તિમય મનુશ્ય રૂપે પરિવર્તન પામે — તે નિહાળવાના આનંદ કરતાં મોટો જીવનનો બીજો કોઈ આનંદ હોઈ શકે?

**પર્લ બક**

**[અંગ્રેજી પરથી અનુવાદક મહેન્દ્ર મેઘાણી]**

કમલા: દેખો માં, ઇસી તરહ તુમ હમેશા કહા કરોગી, તો મૈં આજીવ કુમારી રહના પસંદ કરુંગી, અં!

માં: દેખ બેટી, સભી બાતેં વિચારપૂર્વક ઔર વખત પર હી હોની ચાહિયે. ઇસ તરહ આપેસે બાહર હોનેસે ક્યા ફાયદા?

કમલા: તો ક્યા મૂક જાનવરકી તરહ ચલને મેં શોભા હૈ? મૈં નહીં માનતી. નહીં, અૂંહું.

માં: અરે પગલી, આખિર શાદી તો કરની હી હૈ ન? લડકિયોંકે વાસ્તે દૂસરા ચારા હી ક્યા હૈ?

કમલા: દૂસરા ચારા નહીં! શાદી, શાદી, શાદી! ઠીક તો, શાદી ક્યો નહીં કરની હૈ? પરન્તુ ઐસે નાદાન યુવકકે સાથે રિશ્તા જોડના બિલકુલ પસંદ નહીં હૈ.

માં: અબ દેખ, વહ અગ્રવાલકા સુરેન્દ્ર ક્યા ઓછા લડકા હૈ?

કમલા: તુમ્હારી નજર મેં નહીં હોગા; મેરી નજર મેં જરૂર. અુસે અચ્છી સર્વિસ કરનેવાલી લડકી ચાહિયે, તો ક્યા હમ યહ નહીં કહ સકતે કિ હમેં અચ્છી રસોઅી કરનેવાલા લડકા ચાહિયે?

માં: તૂને કમાલ કર દી, કમલા!

કમલા: નહીં મા, અબ જૂના જમાના હમેં ભૂલા દેના હોગા. તૂ નહીં જાનતી કિ રૂસ દેશકી એક રમણી રોકેટમેં બૈઠ કર આસ્માનમેં પ્રુથ્વી-પ્રદક્શિણા કરકે વાપસ ભી આયી?

માં: અચ્છા, તો તેરે મનમેં ક્યા હૈ? કહ દે!

કમલા: બતાઅું ક્યા હૈ, માં? મૈં અુસીકો માલા પહના દૂંગી જિસમેં કુછ પુરુશાર્થ હો. યાદ હૈ, ગત સાલ સિન્હાકા રમેશ આયા થા? અુસને કહા કિ પિતાજીકી સિફારીશસે અચ્છી નોકરી મિલેગી, તો વહ મુઝસે શાદી કરેગા — હૈ યાદ?

માં: હાં, યાદ તો હૈ.

કમલા: તુઝે ઔર ભી યાદ હૈ? — અુસી સમય હમારા નૌકર શિવા નોકરી છોડકર ચલા ગયા થા!

માંઃ તો ક્યા હુઆ?

કમલાઃ મૈં રમેશકો કહ દેતીઃ શિવાકી જગહ ખાલી હૈ; નૌકરી ચાહિયે ન — કર લો! (હંસતી હૈ.)

માંઃ તોબા, તોબા! બસ કર, કમલા!

કમલાઃ હાં, અુસકે બાદ આયા થા વહ ભૂપેન્દ્રઃ અપને ગાંવ કે જમીનદાર કા લડકા — હૈ યાદ?

માંઃ તૂ બોલતી જા. સુનતી તો હૂં તેરા રામાયણ.

કમલાઃ વહ અમરિકા જાનેકા પ્રવાસ-ખર્ચ માંગતા થા. બેકાર, ભીખ-મગા. વહ અમરિકા હો આનેસે ક્યા જાદા અકલ આતી?

માંઃ તૂ જાને બેટી, મુઝે ક્યા પતા?

કમલાઃ માં, આજકલ સ્ટીમરોંમેં સે હજારો ચૂહે અમરિકા હો આતે હૈ, તબ —

માંઃ તબ ક્યા કહના ચાહતી હૈ, બોલ ન?

કમલાઃ કહતી યહી હૂં કિ એકાદ ચૂહેકો તૂ અપના દામાદ કબૂલ કરેગી? (હંસતી...)

માંઃ બસ હુઆ તેરા રામાયણ! ખત્મ કર. અબ કુછ બુદ્ધિમાનીકી બાત તો કરેગી?

કમલાઃ માં, જાંનતી હો મેરે મનમેં ક્યા હૈ?

માંઃ તૂ સંસાર મેં એક અનોખી લડકી હૈ કમલા, મૈં ક્યા જાનું તેરા મન?

કમલાઃ સૂન લો. સીતા–દરૌપદીકી બાતેં તૂ હંમેશા કરતી હો; પતા હૈ સીતા–દ્રૌપદીને ક્યા કિયા?

માંઃ અબ 'રામાયણ' કે સાથ 'મહાભારત' ભી ચલા, યહી ન?

કમલાઃ હાં માં, અુન્હોંને સ્વયંવર કિયા. વહ જમાના થા કિ લડકિયાં ખુદ વર–પરીક્ર્શા કરતી થી, તબ હમારે દેશમેં રામ ઔર અર્જુન જૈસે નરવીર ઔર પુરુશોત્તમ નિર્માણ હોતે થે. રામને પ્રચંડ શિવચાપ અુઠાકર તોડ ડાલા; મગર આજ કે જવાન મંડી મેં સે સબજી કા થેલા લાતે, તો અુનકે નાક મેં દમ આતા હૈ. બેકાર! ઔર હમારી પરીક્ર્શા કરનેકા થાટ બતાતે હૈં!

માંઃ તબ ક્યા, તૂ સ્વયંવર કરના ચાહતી હૈ?

કમલાઃ હાં માં, ઇન નાદાન યુવકોંકો સબક સિખાનેકે વાસ્તે મૈં સ્વયંવર કરુંગી (હંસતી). ઔર ઇતના હી નહીં, એક "આઝાદ કન્યા સ્વયંવર મંડલ"કી મૈં સ્થાપના કરુંગી ઔર દેશભરકે યુવકોંકો નોટીસ દૂંગી કિ આયંદા તુમ્હે ઇન નિયમોંકા પાલન કરના પડેગા, વરના શાદીકે બાજાર મેં પ્રવેશ બંદ....

માંઃ કૌન સે નિયમ, બેટી?

કમલાઃ સુનો, રુલ નંબર 1 સબસે મહત્ત્વકાઃ હરેક યુવક કો દરઅસલ ચારિત્ર્યવાન બનના ચાહિયે; સિનેસ્ટારોં કે પીછે લટ્ટુ હોને વાલે યુવક હમારી દૃરિશ્ટિ મેં નાદાન હૈ. રુલ નંબર 2ઃ જો લડકા સીતા જૈસી આદર્શ પત્ની ચાહતા હૈ, ઉસે રામકે સમાન મર્યાદા પુરુશોત્તમ બનના ચાહિયે. રુલ નંબર 3ઃ જો લડકા વૈજ્યંતીમાલાકી તરહ ખૂબસૂરત લડકી ચાહતા હૈ, વહ પહેલે અપના ચેહરા આઇનેમેં સૌ બાર દેખે; બાદમેં કિસી લડકી કે પાસ આવે. રુલ નંબર 4ઃ જો નૌકરી કરનેવાલી લડકી ચાહતા હૈ, ઉસકી પહલે તો ઘરકી રસોઈ બનાનેકી તૈયારી હોની ચાહિયે. રુલ નંબર 5ઃ જો ભાવી બધૂકી પરીક્શા લેના ચાહેગા, ઉસે લડકીકો ભી અપની પરીક્શા દેનેકે વાસ્તે તૈયાર હોના ચાહિયે.

માંઃ બસ કર, કમલા. ઇસકા અર્થ યહી હુવા ન, કિ હમારે દેશ મેં કુવાંર જવાનોંકી સંખ્યા બેહદ બઢેગી!

કમલાઃ જી હાં, ઔર સરકાર ઉન સબકો દેશકી રક્શાકે લિયે સેનામેં ભરતી કર લેગી... બોલો માં, ભારત માતા કી જય!

*

*સમી સાંજના શમિયાણામાં*
*ધીમોધીમો ધૂપ જલે છે...*
*તગતગ તારક-અંગારા પર*
*ભ...ભ...રા...વે...લો*
*પ્રીતવિરહનો ધૂપ જલે છે.*

**વેણીભાઈ પુરોહિત**

# ગુરુ-ભક્તિ

ભારતીય સંસ્કૃતિમાં ગુરુભક્તિ એ એક અત્યંત મધુર એવું કાવ્ય છે.

ગુરુ પોતાનું સર્વ જ્ઞાન શિષ્યને આપી દે છે. રામકૃષ્ણ પરમહંસે એક દિવસ વિવેકાનંદને કહ્યું: "આજે હું તને મારું સર્વસ્વ આપી દઉં છું. મારી સર્વ સાધના હું તારામાં ઠાલવી દઉં છું." એ ક્ષણ કેટલી દિવ્ય હશે! પોતે મેળવેલું સર્વ કાંઈ શિષ્યને અર્પણ કરી દઈને જ ગુરુ અમર બને છે.

ગુરુએ આપેલું જ્ઞાન વધુ નિર્દોષ બનાવવું, એનું નામ ગુરુપૂજા. ગુરુના વિચારોમાં કાંઈ ભૂલ શિષ્યને જણાઈ, તો એ તે છુપાવશે નહિ. ગુરુની આંધળી ભક્તિ સાચા ગુરુને ગમતી નથી. નમ્રપણે પણ નિર્ભયપણે જ્ઞાનની ઉપાસના કર્યે જવી, એમાં જ ગુરુભક્તિ છે. આપણને પ્રિય અને પૂજ્ય એવા કુટુંબના મોવડી મરણ પામે, તો આપણને દુઃખ થાય છે. પરંતુ તે મૃતદેહને આલિંગન દઈને આપણે કાંઈ બેસી રહેવાના છીએ? તે પ્રિય પણ મૃત માનવીના શબને અગ્નિદાહ દેવો પડે છે. તે જ પ્રમાણે પૂર્વજોના મૃત વિચાર અને રીતરિવાજને આપણે નમ્રભાવે દાટી દઈએ, તેમાં જ પૂર્વજોની પૂજા છે.

પૂર્વજો માટે આદર એટલે પૂર્વજોના સદ્-અનુભવો માટે આદર, તેમની જ્ઞાનનિષ્ઠા માટે આદર. ગુરુની પૂજા એટલે સત્યની પૂજા, જ્ઞાનની પૂજા, વિચારોની પૂજા.

જ્યાં સુધી મનુષ્યને જ્ઞાનની તરસ છે, ત્યાં સુધી જગતમાં ગુરુભક્તિ રહેશે.

**સાને ગુરુજી**

**[મરાઠી પરથી અનુવાદક નટવરલાલ દવે]**

*

*કાતિલકા ઇરાદા હૈ બિસ્મિલકો મિટા દેંગે,*
*બિસ્મિલકા તકાજા હૈ કાતિલકો દુઆ દેંગે.*

**શાદ**

*

## લોટામાંનો રાક્ષસ

એટલું નિશ્ચિત માનજો કે જ્યાં સુધી આજની શિક્ષણપદ્ધતિ આપણે નહિ બદલીએ, ત્યાં સુધી આપણું કામ થવાનું નથી. આજની ભૂંડી કેળવણીથી માણસ નર્યા સ્વાર્થ સિવાય કશું શીખતો નથી. હરામનાં હાડકાં કરવા અને સમાજદ્રોહ કરવા સિવાય બીજી કોઈ વૃત્તિ તેનાથી પોશાતી નથી.

પહેલાં તો દસ-વીસ ટકા ભણતા હતા. તેટલો બેઠાડુ વર્ગ કદાચ પરવડી શકે, કારણ કે બાકીનો એંશી ટકા વર્ગ કામ કરતો હોય. વીસ ટકા બેસી રહે તે પણ અન્યાય છે, છતાંય તેથી સમાજ સ્થગિત ન થાય. પરંતુ 100 ટકા લોકો બેઠાડુ થાય, તો સમાજનું સત્યાનાશ જ વળે ને!

આપણે કહીએ છીએ કે કામ કરનારા નથી મળતા. પણ શેના મળે? આ શિક્ષણથી તો કામ ન કરે તેવાની જ સંખ્યા વધશે. આમાં તો કોઈક મળે તો ચમત્કાર માનવો જોઈએ. જ્યારે આપણે તો લાખોની સંખ્યામાં કાર્યકર્તાઓ જોઈએ છે.

આજની કેળવણી સામે આપણે બંડ ઉઠાવવું જોઈએ. આ ભયંકર વસ્તુ છે. આની આ કેળવણી ચાલુ રહી, તો દસ-વીસ વરસે નવી પેઢી સમૂળગી પાંગળી અને સ્વાર્થી, સમાજદ્રોહી અને દેશદ્રોહી બની જશે — અને ત્યારે પેલા 'અરેબિયન નાઈટ્સ'ના લોટામાંના રાક્ષસ જેવો ઘાટ થશે. તે હમણાં ભલે બંધ લોટે છે, પણ પછી બહાર નીકળશે.

**મનુભાઈ પંચોળી**

*

*પીતવછોયાં વાછરડાં ધૂસર સંધ્યામાં ભટકે,*
*કાલિન્દીને નીર ડૂબવા કદંબછાયા લટકે...*

*ગોપી ને ગોપાળ હવે અણજાણ લોક શાં ફરતાં,*
*વ્યાકુળ મૂગા પડછાયા શાં ધેનુનાં ધણ ચરતાં.*

*કોક કામળી, કોક બંસરી, કોક અધૂરું ગાન....*
*બધું ગયું વિસરાઈ, એકલું ટકી ગયું વેરાન.*

**રઘુવીર ચૌધરી**

# પહેલી અવકાશયાત્રા

છજામાં બાંધેલા માળામાં જળપંખીનું નાનકું બચ્ચું એકલું ઊભું હતું. તેનાં બે નાનાં પંખીબંધુ અને બહેન સાહસ કરીને આગલે દિવસે આકાશની સહેલ કરી આવ્યાં હતાં; પણ વિશાળ અવકાશમાં ઊડવાનો આ બચ્ચાને ડર લાગ્યો હતો. હિંમત એકઠી કરીને તે અત્યારે પણ છજાના છેડા સુધી ગયું તો ખરું, પાંખ પણ જરા ફફડાવી જોઈ, પણ ઠેકડો મારીને હવામાં તરવા પડવાની હામ ચાલી નહિ. નીચે જ લાંબે સુધી પથરાયેલો સમુદ્ર લહેરાતો હતો. તે નિહાળતાં જ તેને ખાતરી થઈ ગઈ કે તેની પાંખો કામ નહિ આપે. મૂંઝાઈને તેણે માથું નીચું નમાવી દીધું અને દોડતુંકને તે છજાની બખોલમાં ભરાઈ ગયું.

તેનાં નાનાં ભાઈબહેનો તો પોતાની ટચૂકડી પાંખે આકાશમાં ક્યાંય સુધી ઘૂમી આવતાં હતાં. તે જોઈને પણ એનામાં હિંમતનો સંચાર થયો નહિ. પાંખો ફફડાવીને અવકાશ ભણી ગતિ કરવી એને સાવ અસંભવિત લાગતું હતું. મા ને બાપ તેની ફરતાં ચીંચીંચીં કરતાં તેને સમજાવતાં, વઢતાં, ચાંચ વતી ચીંટિયા ભરતાં અને, જો છજામાંથી નીકળીને ઊડવાનો પ્રયત્ન ન કરે તો, એને ભૂખ્યું રાખવાની ધમકી પણ આપતાં હતાં! છતાં બચ્ચાની બીક જતી જ નહોતી. હવામાં એ ભૂસકો મારે, અને એની પાંખ જ ન ઊઘડે તો? નીચે પડીને પોતે પટકાય તો? "ના રે ના, ઊડવાની મોજ મારે નથી માણવીઃ ભલું આ છજું અને ભલી મારી બખોલ!"

છેલ્લા ચોવીસ કલાકથી તો માબાપે તેને બોલાવવાનું પણ મૂકી દીધું હતું. આગલે દિવસે મા ને બાપ બીજાં બચ્ચાંની સાથે આમતેમ ઊડીને તેમને હવામાં તરવાની કળામાં પ્રવીણ બનાવતાં હતાં. પછી તો દરિયાનાં મોજાં પર ઝૂકીને માછલાં પકડતાં શીખવવા માબાપ તેમને કિનારા સુધી લઈ ગયાં. છજામાં એકલવાયું બેઠું બેઠું આ બચ્ચું તે બધું જોઈ રહ્યું હતું. તેણે એ પણ જોયું કે ખડક પર ઊભા રહીને તેના ભાઈએ એક માછલીને ઝડપી લીધી. ગર્વથી કૂજન કરીને માતાપિતાએ તેને અભિનંદન આપ્યાં અને આનંદથી તે ચોતરફ ઊડવા લાગ્યાં. પછી સહુ જઈને સમુદ્રની વચ્ચે આવેલી એક ટેકરી પર મોજથી બેઠાં. બચ્ચાને લાગ્યું કે પોતાની કાયરતાની મજાક એ લોકો ઉડાવતા હશે.

દિવસ ચડતો ગયો, તાપ વધવા લાગ્યો. બચ્ચાને ભૂખ લાગી. ગઈ રાતનું તેને કોઈએ ખાવા દીધું નહોતું. કાંઈક ખોરાકની શોધમાં તેણે છજામાં ફરવા માંડ્યું. સુકાઈ ગયેલી કોઈક પૂંછડીનો ટુકડો તેની નજરે પડ્યો. પણ એ શું કામનો? માળામાં ખૂણેખાંચરે તે ફરી વળ્યું, પણ એક દાણોય જડ્યો નહિ. માબાપે નાનાં ભાઈબહેનને જ્યાં સેવેલાં તે જગ્યાએ પડેલાં ઈંડાંનાં કોચલાંના સૂકા કટકાય તેણે કરડી જોયા; પણ બિલકુલ સ્વાદ લાગ્યો નહિ. વળી પાછું ખદુક ખદુક કરતું તે છજામાં આમથી તેમ આંટા મારવા લાગ્યું. સામે ખડક પરનાં માબાપ પાસે ઊડ્યા વગર જ પહોંચી જવાય તો કેવું સારું!

આખરે તેણે છજાની કોર સુધી ધીમી ડગલીઓ ભરી. એક પગ પાંખમાં સંતાડી દઈ, એક જ પગે ઊભા રહીને તેણે એક આંખ મીંચી. પછી બીજી પણ મીંચી અને તે ઊંઘવાનો અભિનય કરવા લાગ્યું. તેમ છતાં સામેના ખડક પરથી કોઈએ તેના તરફ લેશ પણ ધ્યાન આપ્યું નહિ. બચ્ચાએ જોયું તો તેનાં નાનાં ભાઈબહેન ગરદનમાં માથું નાખી દઈને નિરાંતે ઝોકાં ખાતાં હતાં. બાપા ચાંચ વડે પીઠ પરનાં સફેદ પીછાંને સમારતા હતા. પણ એક માની નજર વારે વારે તેના ભણી દોરાતી હતી. તેની ધોળી ધોળી છાતી ઉપસી આવી હતી. પોતાના પગ પાસે પડેલા માછલીના ટુકડાને તે વારેવારે ચાંચથી કાપતી હતી, અને વચમાં વચમાં ચાંચની બેય બાજુને પથરા પર ઘસતી જતી હતી.

માછલીના એ ટુકડાને ત્યાં ભાળીને અહીં બચ્ચાની ભૂખ ખૂબ વધી ગઈ. ખાદ્ય પદાર્થની કટકીઓ કરવી, તેને માટે ચાંચને ઘસીને સજાવવી, એ બધું તેને પણ કેટલું બધું ગમતું હતું! કૂ....કૂ....કૂ... કરીને તેણે સાદ પાડ્યો. દૂર બેઠાં માએ તેના ભણી જરા નજર કરી. કલબલ કલબલ કરીને બચ્ચાએ ખોરાકના ટુકડા માટે કાકલૂદી કરી. માતાએ વળતો કલબલાટ કર્યો, પણ ખાવાનું આપવાની કશી તત્પરતા બતાવી નહિ.

એકાએક બચ્ચાએ આનંદની ચિચિયારી કરી. ચાંચમાં માછલીનો કટકો ધરીને મા તેના ભણી ઊડતી આવી રહી હતી! તેની પાસે ઝટ પહોંચી જવા થનગનતું બચ્ચું દોડતું છજાના છેડા સુધી પહોંચ્યું ને વાંકું વળીને ત્યાં ઊભું. ઊડતી ઊડતી મા તેની સાવ લગોલગ આવી ગઈ. એના પગ

હવામાં અદ્ધર હતા, ચાંચમાં માછલીનો ટુકડો હતો, પાંખો સ્થિર હતી. ચાંચમાં રહેલો ટુકડો ઠેઠ બચ્ચાના મોં સુધી આવ્યો — પણ ત્યાં જ મા અટકી ગઈ. બચ્ચાને ખવડાવવાની જાણે કે તેની દાનત જ નહોતી! મા આમ કેમ કરે છે? માછલીનો ટુકડો મારા મોંની લગોલગ લાવ્યા છતાં ખવરાવતી કેમ નથી? — બચ્ચાને વિમાસણ થઈ ઘડીભર....

અને ભૂખથી ઝનૂનમાં આવેલું બચ્ચું ભાવતું ભોજન જોઈને પેલા ટુકડાને ગ્રસવા કૂદી પડ્યું. એના મોંમાંથી એક ચિત્કાર નીકળી પડ્યો. છજામાંથી સડસડાટ તે નીચે પડી રહ્યું હતું. તે ભયભીત ભયભીત થઈ ગયું. માની પાંખોનો ફફડાટ સાવ સમીપથી તેણે સાંભળ્યો. એક ક્ષણ તો તેનું હ્રુદય જાણે બંધ પડી ગયું. પણ ત્યાં તો તેણે અનુભવ્યું કે તેની પાંખો આપોઆપ જ પ્રસરવા લાગી છે. હવા તેનાં પીંછાં સાથે, પેટ સાથે, તેની પાંખ સાથે લસરકા લેતી જતી હતી. તે હવે ઊંધે માથે નીચે ને નીચે ગબડી રહ્યું નહોતું, પણ પાંખો ફફડાવતું, છજાથી દૂર હવામાં તરી રહ્યું હતું. હોડીનાં હલેસાંની જેમ તેની પાંખો હવાને ચીરી રહી હતી.

બચ્ચાની બીક જતી રહી. આનંદથી તે આમતેમ ઘૂમવા લાગ્યું. અનોખા ઉત્સાહથી તેણે કિકિયારી કરી. થોડી વારમાં તેને ફેર ચડવા લાગ્યા. વળી પાછી તેણે પાંખો ફફડાવી, અને તે હવામાં ઊંચે ને ઊંચે ચડવા લાગ્યું. પોતાની છાતી ફુલાવીને એણે હવાની સામે અડીખમ દીવાલ ઊભી કરી લીધી. ઊડતી ઊડતી મા તેની હેઠળથી પસાર થઈ ગઈ, એની પાંખોના સુસવાટા તેણે સાંભળ્યા. બાપાએ આનંદથી કલશોર કરતાં કરતાં તેનાથી જરાક ઊંચે ઊડવા માંડ્યું. ભાંડુઓ તેની આસપાસ ઘુમરાવા લાગ્યાં. ઘડીકમાં તે વળાંક લેતાં, ઘડીકમાં તેની સન્મુખ આવી જતાં, ને વળી પાછાં હવામાં ડૂબકી લગાવતાં.

થોડી જ વાર પહેલાં પોતે આ આકાશી-ઉડાનથી ડરતું હતું, એ વાત હવે તે સાવ ભૂલી ગયું. તીણી ચિચિયારીઓ પાડતાં પાડતાં ડૂબકી લગાવવાની, પાછાં ઊંચે ને ઊંચે ઊઠવાની, વાંકા-આડા ફંટાવાની શરૂઆત તેણે કરી દીધી.

હવે તો તે સમુદ્રની સાવ ઉપર ઊડી રહ્યું હતું. સાગરમાં ઊઠતી નાની નાની લહરો તેણે બરાબર જોઈ. પોતાની ચાંચ આમતેમ ઘુમાવવા

માંડી, કલશોર કરવા માંડ્યો. માબાપ ને ભાંડુને તેણે નજર સમક્ષ સમુદ્રની સપાટી પર ઊતરતાં જોયાં. કલબલ સાદે તેઓ એને ત્યાં બોલાવતાં હતાં. ઘડીકમાં તો લીલાંછમ નીર ઉપર તેણે પોતાના પગ ઠેરવ્યા. પણ પગ પાણીમાં ડૂબવા લાગ્યા. ભયથી ચીસ પાડી, પાંખો ફફડાવીને ફરી ઊંચે ઊઠવા તેણે મથામણ કરી. પણ ભૂખથી તે થાકેલું હતું. દરિયામાં પગ ડૂબવા લાગ્યા, પેટની સાથે પાણીનો સ્પર્શ થયો... પણ તે ડૂબ્યું નહિ. પોતે જળપંખીનું સંતાન હતું. સાગરની સપાટી પર તે નિરાંતે તરતું રહ્યું. અને ચોતરફ તેનું કુટુંબ એમની તિર્યંચ ભાષામાં તેની પ્રશંસા કરી રહ્યું. માછલીના ટુકડા ચાંચમાં ઝાલી રહેલાં સ્વજનો તેનો સત્કાર કરતાં હતાં.

અને બચ્ચું પોતાની પહેલી અવકાશયાત્રાનો મહોત્સવ માણી રહ્યું.

**લિયામ ઓફ્લેહરટી**
**[અંગ્રેજી પરથી અનુવાદક શાંતિલાલ મ. જૈન]**

*

*પંખી વિનાના ઝાડને જોતાં પાંદડાં પીળાં લાગ્યાં:*
*ફૂલના ચહેરા સાવ ઉદાસીન વ્હીલા વ્હીલા લાગ્યા!*

**સુરેશ દલાલ**

*

*ઝરણાને મેં પૂછ્યું:*
*આવડા મોટા ડુંગર પરથી*
*કેમ કરી તું કૂદ્યું?*
*મેં ઝરણાને પૂછ્યું:*
*વગડો તો ભેંકાર હતો આ —*
*કેમ કરી તું કૂજ્યું?*

**હસિત બૂચ**

*

# રણની અજાયબ દુનિયા

પૃથ્વીની ભૂમિસપાટીના લગભગ ચોથા ભાગ અુપર તો રણપ્રદેશો ફેલાયેલા છે, પણ વિશ્વની ફક્ત ચાર ટકા જેટલી માનવવસ્તી ત્યાં આવેલી છે. અને આ રણપ્રદેશો અકલ્પ્ય એવી ગતિથી દર વરસે વિસ્તરી રહેલા છે. દાખલા તરીકે દુનિયાના સૌથી વિશાળ એવા સહરાના રણની 3200 કિલોમીટરની સરહદ કેટલેક ઠેકાણે વરસે 50 કિલોમીટરની ઝડપે આગળ વધી રહી છે. એટલાંટિક મહાસાગરથી પૂર્વે છેક રાતા સમુદ્ર સુધી, અને એટલાસ પર્વતોથી દક્ષિણમાં નાઆીજર નદીની ખીણ સુધી પ્રસરેલા સહરાનું ક્ષેત્રફળ (નવ કરોડ ચોરસ કિલોમીટર) યુનાઆીટેડ સ્ટેઆીટ્સ ઓફ અમેરિકાના કરતાં પણ થોડું વધારે છે.

રણપ્રદેશો બારેય મહિના ખૂબ અુષ્ણતામાનવાળા અને વરસાદ વગરના રહેતા હોય છે. દુનિયાનું વધુમાં વધુ અુષ્ણતામાન 57° સેંટિ. સહરાના અઝીઝિયામાં (1922) નોંધાયું હતું. લગભગ એટલું જ અુત્તર અમેરિકાના "ડેથ વેલી" પ્રદેશમાં પણ નોંધાયેલું છે. એ જ રીતે ત્યાં રાતે થર્મોમીટરનો પારો એકદમ નીચે પણ સરી પડે છે. દિવસના ને રાતના અુષ્ણતામાન વચ્ચેનો બહુ જ મોટો તફાવત, એ રણપ્રદેશોની ખાસિયત છે. સહરામાં એક સ્થળે ચોવીસ કલાક દરમ્યાન 27° સેંટિ. જેટલો એવો તફાવત નોંધાયેલો છે.

પણ રણપ્રદેશોમાં કદી યે વરસાદ પડતો નથી, એવી કલ્પના સાચી નથી. કેટલાંક વરસો સુધી જ્યાં વરસાદ ન પડ્યો હોય એવા રણપ્રદેશમાં પણ એકાદ વાર થોડા સમય માટે મૂશળધાર વર્ષા થઆી જતી હોય છે.

રણમાં લાંબે ગાળે તથા અનિયમિત વરસાદ પડતો હોવાથી, ત્યાં કેટલીક વનસ્પતિ થોડો પણ વરસાદ પડે કે તરત ઝડપભેર અૂગી નીકળે છે. જમીનમાંથી જરાક પણ ભેજ મળી શકે તેટલા થોડા દિવસોમાં એ વનસ્પતિ અકલ્પ્ય એવી ગતિએ ફાલે છે, અને આખું રણ લીલા ઘાસ તથા રંગબેરંગી ફૂલોથી છવાઆી જાય છે. એ છોડવાઓને બીજ પણ ઝડપથી લાગી જાય છે. બીજમાંથી ફૂલ અને ફૂલમાંથી બીજનો આખો જીવનક્રમ ત્વરાથી પૂરો થઆી જાય છે. અને ફરી પાછાં વરસો સુધી વરસાદની રાહ જોતાં એ બીજ જમીન પર જાણે નિદ્રિત અવસ્થામાં પડી રહે છે. અૂંટના

અત્યંત પ્રિય એવા 'આશબ' નામના ઘાસનાં બીજ ફરી ઊગવા માટે દસદસ વરસ સુધી વરસાદની રાહ જોતાં પડી રહેતાં હોય છે.

રણના કેટલાક છોડવા સાવ નાના હોવા છતાં પાણી મેળવવા માટે પોતાનાં મૂળિયાં જમીનમાં 30 મીટર જેટલાં ઊંડાં ઉતારે છે. તો મેક્સિકોમાં એક જાતનો થોર પોતાનાં મૂળિયાં જમીનમાં ફક્ત એક જ મીટર ઊંડાં ઊતારે છે, પરંતુ આસપાસ લગભગ 30 મીટર સુધીના વિસ્તારમાં ફેલાવે છે.

રણમાંનાં કેટલાંક પ્રાણી પાણીનું એક ટીપું પણ પીધા વગર આખી જિંદગી પસાર કરી શકે છે. એટલે કે ઝાડપાનના ખોરાકમાંથી કે પોતાના ભક્ષ્યનાં લોહીમાંસમાંથી પાણીનું તત્ત્વ એ મેળવી લેતાં હોય છે. સોનોરાના રણમાં વરસાદને લીધે થતા ખારા પાણીનાં ખાબોચિયાંમાં અમુક કીડા ન જાણે ક્યાંથી એકાએક પેદા થાય છે, અને જે થોડા કાળ સુધી આજુબાજુ ભેજ હોય તે દરમ્યાન ઈંડાં મૂકવાની કામગીરી પણ તે બજાવી લેતા હોય છે. રણના પ્રખર તાપમાં એ ઈંડાં 25-25 વરસ સુધી બીજા વરસાદની રાહ જોતાં એમ ને એમ પડી રહે છે. આઠ-નવ દિવસ સુધી ચાલે તેટલું પાણી ઊંટ પોતાના પેટમાં સમાવી શકે છે, એ વાત જાણીતી છે. પણ રણમાં કીડીની અમુક જમાતમાં વિશિષ્ટ ગુલામ કીડીઓ એવી હોય છે કે જે પોતાના પેટમાં પાણીનો પુરવઠો સંઘરવાની અને દુકાળ પડે ત્યારે જાતનું બલિદાન આપીને બીજી કીડીઓને તે પાણી પૂરું પાડવાની ફરજ બજાવે છે.

રણની લગભગ 90 ટકા જેટલી પ્રાણીસ્રુશ્ટિ સૂર્યાસ્ત પછીના ઠંડા વાતાવરણમાં હિલચાલ કરે છે. દિવસના પ્રખર તાપને ટાળવા માટે ઘણાંખરાં પ્રાણી જમીનમાં ઊંડે તૈયાર કરેલા પોતાના દરના શીતળ વાતાવરણમાં પડી રહે છે. અમેરિકાના મોજાવેના રણમાં ઉશ્ણતામાન 65° સેંટિ. સુધી પહોંચ્યું હોય, ત્યારે સપાટીથી દોઢેક ફૂટ જ નીચે આવેલા આવાં પ્રાણીના દરમાં તે ફક્ત 17° સેંટિ. જેટલું જણાયું છે!

**વિજયચંદ્ર ગો. દલાલ**

*

*મગરૂર શાહ-શા ય મિનારા ઢળી ગયા,*
*ટકી રહ્યું છે માત્ર આ ફકીર ઘાસઘાસ.*

**'ઉશનસ્'**

# આગની ઓળખાણ

કોઈ પણ જગ્યાએ આગ લાગવા માટે ત્રણ વસ્તુની આવશ્યકતા રહે છેઃ (1) સળગે તેવો પદાર્થ, (2) હદથી વધારે ઉષ્ણતામાન, (3) હવામાંના પ્રાણવાયુનો પુરવઠો. કાગળ, લાકડું, કોલસા, કેરોસીન, ગેસ વગેરે પદાર્થો સળગી શકે તેવા છે. પણ પથ્થર, ધાતુ, કાચ વગેરે સળગી ઊઠે નહિ તેવા પદાર્થો છે. સળગી શકે તેવા પદાર્થો પણ અમુક હદ સુધી ગરમ થયા વગર સળગતા નથી. સગડીમાં મૂકેલા કોલસાને પહેલાં આપણે કાકડો મૂકીને તપાવીએ છીએ, તે પછી એ પોતે સળગવા માંડે છે. પેટીમાંની દીવાસળી આપમેળે સળગી ઊઠતી નથી. તેને પેટીની સાથે ઘસીએ ત્યારે ઘર્ષણને કારણે ગરમી પેદા થાય છે. અને એટલી ગરમી એ દીવાસળીના ટોપકા પર લગાડેલા ગંધકને સળગાવવા માટે પૂરતી છે. પછી સળગતા ગંધકથી દીવાસળીનું લાકડું તપીને જ્વલનબિંદુ સુધી પહોંચે છે, એટલે તે સળી પણ સળગવા માંડે છે. પણ એ રીતે સળગવા માંડેલા પદાર્થને હવામાંનો પ્રાણવાયુ ન મળે, તો આગ બુઝાઈ જાય છે. સગડી ઓલવાવા માંડે તો આપણે કોલસા પરની રાખ ખંખેરીને હવા માટે રસ્તો ખુલ્લો કરીએ છીએ, અથવા પંખો નાખીને તેને વધુ હવા પૂરી પાડીએ છીએ.

સળગતી વસ્તુ પર પાણી પડે તો તેનું ઉષ્ણતામાન ઓછું થાય અને જ્વલન થતું અટકી જાય, આગ બુઝાઈ જાય. પણ પાણી છાંટવાથી આગ ઓલવાઈ જાય, એવું દરેક ઠેકાણે બનતું નથી. કેટલીક વાર તો પાણીથી આગ વધુ ફેલાય છે. રસોડામાં કાંઈક તળતી વેળા તવીનું તેલ સળગી ઊઠે ને તેની પર પાણી છંટાય તો આગ આજુબાજુ ફેલાય, કારણ કે તેલ જેવા પદાર્થો પાણીની સરખામણીમાં હલકા છે; તેની પર પાણી નાખતાં તે સળગતા પદાર્થો પાણીની સપાટી પર તરતા રહે છે. પાણીની છાલકથી ઊછળેલું સળગતું તેલ આમતેમ ફેલાઈ જાય છે, અને તેથી આસપાસના બીજા પદાર્થોને આગ લાગી શકે છે. આવી આગ બુઝાવવાનો એક રસ્તો એ છે કે એવા સળગતા પદાર્થો પર ઝીણી રેતી કે માટી નાખવી. એને લીધે સળગતા પદાર્થનો હવા.સાથેનો સંબંધ તૂટતાં આગ બુઝાઈ જાય છે.

**રશ્મિન મહેતા**

*

## સૌથી સસ્તું, સૌથી સ્વચ્છ

લાકડાં, કોલસા, કેરોસીન વગેરે બળતણોની સરખામણી કરીએ, તો ભારતમાં આજે સોંઘામાં સોંઘું બળતણ કયું છે ? છાણ અને મળમૂત્રમાંથી બનતો ગોબર ગેસ. અને મોંઘામાં મોંઘું બળતણ એ જ છાણમાંથી બનાવેલાં છાણાંનું છે. તેને માટે ખાસ બનાવેલા ચૂલામાં ગોબર ગેસનો અુપયોગ કરી શકાય છે. એ બાળવાથી મેશ વળતી નથી. તેની કોઅી વાસ રહેતી નથી. ગેસબત્તીમાં પણ એ વાપરી શકાય છે.

ગેસ-યંત્રમાંથી છાણ અને મળમૂત્ર મારફત બળતણ માટેનો ગેસ તો મળે છે; અુપરાંત કીમતી ખાતર પણ મળે છે. ગામડાંમાં ઠેરઠેર પડેલો મનુશ્યમળ ગંદકી વધારે છે અને રોગનાં જંતુ ફેલાવે છે. તેને બદલે ગેસ-યંત્ર સાથે જાજરૂ જોડી દેવાથી ગેસ ને ખાતર તો મળે છે જ, અને વળી જાજરૂ સાફ કરવાનું ભંગીકામ રહેતું નથી. મળને કોઅીએ હાથ લગાડવાનો રહેતો નથી. જાજરૂમાંથી મળ સીધો યંત્રની કોઠીમાં જાય છે, અને ગેસ બની ગયા પછી પાકીને ખાતરના રૂપમાં બહાર આવે છે. એ ખાતરનું આકર્શણ માખી-મચ્છરને થતું નથી.

**જશભાઅી પટેલ**

*

## ત્રણ ટકાની તોલે

આ દેશમાં જે વિકાસ-કાર્ય થઅી રહ્યું છે, તેના સમાચારને આપણાં છાપાંમાં કેટલું સ્થાન મળે છે ? પ્રેસ અિન્સ્ટીટ્યૂટ ઓફ અિન્ડિયાના એક સંશોધકે છ દૈનિક અખબારોના એક માસના અંકો તપાસ્યા, તો જાણવા મળ્યું કે દેશના વિકાસ-કાર્યોના સમાચાર માટે સરેરાશ છાપામાં માત્ર ૩ ટકા જેટલી જગા ફાજલ પાડવામાં આવે છે. ભારે મોટો ભોગ આપીને આપણી પ્રજા જે વિકાસ કરી રહી છે, તેની પ્રત્યેની અખબારોની બેપરવાહી આવી છે.

*

## શોધ

*ધોળે દા'ડે ખરે બપોરે જોયું:*
*ઊભી વાટે વાટ રૂંધતું પડછાયાનું ટોળું!*

*ચશ્માંની આંખો પર અંધા અંધારાના કાચ!*
*કાંટા જેના ફરે ન એ ઘડિયાળે બાંધ્યા હાથ!*

*કોઈ મહિશ પર બેઠા, ને કોઈ ઘેટાં પાછળ ઘેલા,*
*કોઈ ઘૂવડ ચખ મીંચી કે'તા: "અમે સૂર્યથી પ્હેલા!"*

*ખોપરીઓમાં ભરી કાંકરા ફરી ફરી ખખડાવે,*
*પીળાં પાન સમાં સૂત્રોને હવા મહીં ફરકાવે!*

*શ્વાન તણી પૂછડીઓ બાંધી પડઘાઓને ઝંડે,*
*સૂનકારના ઢોલ પીટતા સડી ગએલા દંડે!*

*મૌન ધરે મુખ ત્યાં છાયાનાં મ્હોરાં ચપચપ બોલે,*
*મશાલ આગળ ધરીધરીને સૂરજ ક્યાં તે ખોળે!*

*પડછાયાને જોતાં શંકિત સૂરજ પણ અવ ગોતે:*
*કો' તણો પડછાયો થઈને રહ્યો નથી ને પોતે?!*

**ચંદ્રકાન્ત શેઠ**

*

## પ્રામાણિક પ્રશ્ન

દુનિયાની ઘણી સાંપ્રદાયિક નિશ્ઠાઓના કરતાં પ્રામાણિક પ્રશ્ન એ વધુ આધ્યાત્મિક વસ્તુ છે, કેમ કે તેમાં જિગ્નાસા છે. અને સત્યની ખોજમાં જિગ્નાસાનું ઘણું મહત્ત્વ છે.

દરેક બાબતને સમજવાની કોશિશ કરવી, તે સત્યની ખોજ છે. સત્યની ખોજમાં ક્યાંય દબાણ અને જબરદસ્તી નથી આવી શકતાં. સત્યનિશ્ઠ માણસમાં કોઈ ગ્રંથનો આગ્રહ ન હોઈ શકે. સત્યનિશ્ઠ માણસ સિદ્ધાંતવાદી નથી હોતો. સત્ય સિદ્ધાંતનિશ્ઠ નથી હોતું.

**દાદા ધર્માધિકારી**

# સ્વરાજ પછી દુખ્ખનો પ્રારંભ

1897માં અમે મહારાણી વિક્ટોરીઆની ડાયમંડ જૂબિલી (હીરક મહોત્સવ) ઊજવી હતી. એ જૂબિલીને વીસ વરસ પણ ન થયાં અને ભારતમાં ગાંધીજી આવ્યા, અને એમણે સુપ્ત ભારતને તેમ જ આખી દુનિયાને પ્રજાશક્તિનો નવો ચમત્કાર બતાવ્યો.

આજે આપણે બધા સ્વરાજની મોકળી અને પ્રાણદાયી હવામાં જીવીએ છીએ. ભારતના જીવનમાં સહુથી ધન્ય વાત આ જ છે કે પારતંત્ર્યની અંધારી રાત વટાવીને આપણે સ્વરાજ્યનો અુદય જોઈ શક્યા.

આજે દેશમાં જ્યાં જુઓ ત્યાં અસંતોશ દેખાય છે અને સ્વરાજની હિલચાલ વખતના કેટલાક કુમારો આજે પૂછે છેઃ "શું દેશની આવી સ્થિતિ માટે અમે સ્વરાજની લડત લડ્યા હતા?" એવા લોકોને માટે એમના અને અમારા બુઝુર્ગ લોકમાન્યની વાણી સંભળાવવા માગું છું.

ભારતનું તાત્કાલિક ભાગ્ય જેના હાથમાં હતું એવા [બ્રિટિશ સરકારના] સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર ઇન્ડિયા વેજવૂડ બેન ભારતમાં આવ્યા હતા. ભારતના પ્રમુખ નેતાઓને એમણે મળવા બોલાવ્યા. નેતાઓ નવા નવા બૂટ-સૂટ પહેરીને મળવા ગયા. દેશી પોશાકમાં બે જ જણા હતાઃ લોકમાન્ય ટિળક અને મહાત્મા ગાંધી.

બેન મહાશયે લોકમાન્યને પૂછ્યુંઃ "તમે સ્વરાજ માગો છો. પણ તમે માનો છો કે સ્વરાજ મળવાથી તમે સુખી થશો?"

લોકમાન્ય ટિળકે દૂરંદેશી, તેજસ્વી અને સાચો જવાબ આપ્યોઃ "ના સુખી તો આજે છીએ; પણ એવું સુખ અમને જોઈતું નથી. આજે અમને કશી ચિંતા નથી. આરામમાં છીએ. ભારતનું રક્શણ તમે કરો છો. રાજ્ય તમે ચલાવો છો. અમને એની હૈયાબળતરા નથી. સ્વરાજ મળશે ત્યારે અમારા દુખ્ખનો પ્રારંભ થશે. પણ એમાં જ અમે રાચીશું. વિઘ્નો આવશે એમને પહોંચી વળતાં અમારું પૌરુશ કેળવાશે. અમે ભૂલો કરીશું તે સુધારતાં સુધારતાં જ અમે ઘડાઈશું. અમારે એ બધી હાડમારી જ જોઈએ છે."

ભારતમંત્રી સડક થઈને ગાંધીજી તરફ વળ્યા. મીઠું હાસ્ય કરીને તેમણે પૂછ્યુંઃ "અરે ગાંધી! તમે તો ધર્મપુરુશ કહેવાઓ, સેવામૂર્તિ છો.

તમે આ રાજદ્વારી ક્ષેત્રમાં ક્યાં ફસાયા ?" ગાંધીજીએ ગંભીરતાથી જવાબ આપ્યો: "તમારી વાત સાચી છે. પણ શું કરું ? મારે તો અધર્મ સામે લડવું રહ્યું. હમણાં અધર્મ રાજદ્વારી ક્ષેત્રમાં ઘૂસ્યો છે, એટલે ત્યાં પહોંચીને અધર્મ સામે ઝુંબેશ ચલાવવી પડે છે."

*

એક વાર લોકમાન્યને એમના સાથીઓમાંથી કોઈકે પૂછેલું: "બળવંતરાવ ! સ્વરાજ આવશે ત્યારે તમે કયા ખાતાના મિનિસ્ટર થશો ?" કસાણું મોઢું કરી લોકમાન્યે જવાબ આપ્યો: "ના રે, એ ગંદા કામમાં કોણ ઊતરે ? તમે માનો છો કે રાજદ્વારી વાતોમાં મને રસ છે ? સ્વરાજ આવ્યે, હું તો ગણિતનો અધ્યાપક થઈશ. 'થિયરી ઓફ નમ્બર્સ'માં મારે ઘણું સંશોધન કરવાનું છે. આ તો ભારતમાતા પરદાસ્યમાં રિબાય છે, તે એના કપાળ પરની કાળી ટીલી ભૂંસી નાખવી છે, એટલા માટે આ રાજદ્વારી ગંદવાડમાં હું ઊતર્યો છું."

પછી મહાત્માજીએ તો સ્વરાજ મેળવ્યું, જોયું. પણ એમાં છાંટાભાર અધિકાર પોતાના હાથમાં ન રાખ્યો.

*

ગુજરાત વિદ્યાપીઠ ચલાવવાનો ભાર જ્યારે ગાંધીજીએ મારે માથે નાખેલો તે વખતની વાત છે. મારા વાર્શિક ભાશણમાં મેં કહેલું કે, "સ્વરાજ માટે દેશને તૈયાર કરવો અને અહિંસક ઢબે સ્વતંત્રતા મેળવવી, એ સત્યયુગનું કામ છે. આપણી આ લડત જેમ જેમ જોર પકડશે, ઉત્કટ થશે, તેમ તેમ આ દેશમાં સત્યયુગ જામશે. પણ તે સ્વરાજ મળે એ ઘડી સુધી જ ટકશે. પછી તો આપણે દુનિયાના અનેકાનેક સ્વતંત્ર દેશો જેવા જ થઈ જઈશું. ઇંગ્લંડ–અમેરિકા તો શું, અફઘાનિસ્તાન અને અરબસ્તાન પણ સ્વતંત્ર છે. એવા સ્વતંત્ર દેશોની હારમાં ક્યાંક જઈને બેસીશું.

"ગંગા નદી હરદ્વાર સુધી હિમાલયના પહાડોની વચ્ચે થઈને રસ્તો કાઢતો એક જોશીલો પ્રવાહ છે. પછી તો સામે ખુલ્લું મેદાન ! એટલે સ્વતંત્ર પ્રવાહ અનેક દિશામાં વહેવા લાગે છે. ક્યાં જવું અને ક્યાં ન જવું, તે એને સૂઝતું નથી. દરેક પ્રવાહ સાંકડો અને છીછરો થઈ જાય છે. આગળ જ્યારે એ બધી ધારાઓ એક થાય છે અને ચંબલ, યમુના, ગંડકી, તિસ્થા

જેવા પ્રવાહોને પોતાનામાં સમાવી લે છે, ત્યારે જ ગંગામૈયા ભારતમાતા બની યુક્ત પ્રાંત, બિહાર અને બંગાળની ભૂમિને ફળદ્રુપ કરે છે; અને હિમાલયની પેલી પારનું પાણી ભેગું કરી આવનાર આસામના નદ બ્રહ્મપુત્ર સાથે સહયોગ સાધી ગંગાસાગર પાસે સમુદ્રને મળે છે.

"સ્વતંત્ર થયા પછી આપણે મુશ્કેલીઓમાં આવવાના. એ મુશ્કેલીઓ વટાવ્યા પછી જ ભારત પોતાના મિશનની યાત્રા શરૂ કરશે. માટે આપણે યાદ રાખીએ: સ્વરાજ પછી મૂંઝવણ, અને મૂંઝવણને અંતે સર્વોદય."

**કાકા કાલેલકર**

*

## અધોગતિ

એક વખત એવો હતો કે જ્યાં સાંપ્રદાયિકતા ત્યાં કોંગ્રેસ નહિ. આજે કોંગ્રેસી આગેવાનોને સાંપ્રદાયિક આગેવાની ધારણ કરતાં નથી શરમ કે સંકોચ. સંપ્રદાયોની પકડમાંથી, તેને નામે થતા અડાઅુ સમારંભોમાંથી, ધાર્મિક વહેમોમાંથી પ્રજાને મુક્ત કરવાનું ધ્યેય બાજુએ મૂકીને પ્રત્યાઘાતી બળોને ટેકો આપીને તેમની ચાહના મેળવવા તરફ કોંગ્રેસીઓ ઢળી રહેલા માલૂમ પડે છે. આ આપણી અધોગતિ દુઃખદ ભાવિની દ્યોતક છે.

આપણે ત્યાં લોકશાહી આવી છે, પક્ષોનું રાજકારણ આવ્યું છે. ગાળે ગાળે પક્ષોને ચૂંટણી લડવાની હોય જ છે, અને તે માટે પોતાનાં વાજાં ચાલુ વગાડવાનાં રહે છે. આ માટે પક્ષોને પુશ્કળ ધન જોઈતું હોય છે. આ માટે પક્ષના આગેવાનોને ધનવાનો સાથે મીઠા સંબંધો કેળવવા જ રહ્યા. આ માટે ધનવાન લેખાતી કોમી વ્યક્તિઓ-સંસ્થાઓને કોઈ ને કોઈ બાબતમાં રાજી રાખવાની રહી. આ પ્રક્રિયામાં કાળાંબજાર-ધોળાંબજારનો વિવેક ભાગ્યે જ ટકી શકે છે.

આ બાબત માત્ર કોંગ્રેસી આગેવાનોને જ લાગુ પડે છે, એમ નથી; અન્ય રાજકારણી પક્ષનેતાઓને તેમ જ સર્વોદયવાદી નેતાઓને પણ ઓછાવધતા અંશે લાગુ પડે જ છે.

**પરમાનંદ કાપડિયા**

*

## ''એમ કહું કે, સિનેમા કાઢજો?''

1922માં ગાંધીજીને છ વરસની કેદની સજા થઅી હતી. એમની સાથે મને એક વરસની સજા થઅી હતી. એ વરસ હું ગાંધીજી સાથે જેલમાં રહ્યો ત્યારે એમણે કાંતવા-પીંજવાને પોતાની દિનચર્યામાં મુખ્ય સ્થાન આપ્યું હતું. શરીર કામ આપી શકે એટલી હદ સુધી તેમણે રોજ બે કલાક પીંજવાના અને ચાર કલાક કાંતવાના કામ માટે રાખ્યા હતા. એવામાં, જેમની કેદની મુદત પૂરી થવા આવી હતી તેવા એક નેતા ગાંધીજીને મળ્યા અને પૂછ્યું: "બાપુ, જેલમાંથી બહાર જઅીને મારે શું કરવું તે અંગે આપ સલાહ આપો."

ગાંધીજીએ કહ્યું, "બહાર જઅીને ખાદીને જોરશોરથી દેશમાં ફેલાવજો."

એ ભાઅી પોતે ખાદીપ્રેમી હતા અને શ્રદ્ધાપૂર્વક રેંટિયો પણ ચલાવતા; પરંતુ લોકોની વૃત્તિ વિશે એમના દિલમાં શંકા હતી. તેમણે કહ્યું, "બાપુ, આપનું કહેવું બરાબર જ છે. પણ આ ખાદી ચાલશે શી રીતે? લોકોને જો એ પસંદ ન પડે, તો શું કરી શકાય?"

એ સજ્જનના આવા પ્રશ્નથી ગાંધીજીને દુખ્ખ થયું અને તેઓ કંઅીક વ્યગ્રતાથી બોલી ઊઠ્યા: "ઠીક, તો તમે જ કહો કે બીજું કયું કામ બતાવું? શું એમ કહું કે, સિનેમા કાઢજો? સિનેમા તો લોકોને ખૂબ ગમશે. સેંકડોની સંખ્યામાં લોકો એ જોવા આવશે અને તે માટે પૈસા પણ આપશે. પણ તેથી શું? શું આપણું કામ લોકોને પસંદ પડે એવી જ પ્રવૃત્તિઓ બતાવવાનું છે? આપણે તો જેમાં તેમનું હિત હોય તેવો મારગ બતાવવો જોઅીએ, અને રેંટિયો જ તે મારગ છે."

ગરીબ પ્રજાને શરીર ઢાંકવા પૂરાં કપડાં નથી મળતાં, તે સ્થિતિથી ચોંકી ઊઠીને એમણે કચ્છ ધારણ કર્યો હતો અને બીજાં વસ્ત્રોનો ત્યાગ કર્યો હતો. દેશમાં ગરીબીનું દુખ્ખ તો છે જ, પરંતુ પ્રજામાં ઘર કરી બેઠેલું આળસ ગાંધીજીને તેનાથી પણ વધુ ખટક્યા કરતું હતું. એટલે તેઓ કહેવા લાગ્યા: "લોકોને કપડાં નથી મળતાં અને ભૂખમરો વેઠવો પડે છે એ દુખ્ખની વાત છે જ. પણ એથીયે વધુ દુખ્ખદ વાત તો એમનામાં ઘર કરી બેઠેલું આળસ છે. આપણા દેશની આટલી દયાજનક સ્થિતિ કેમ? તેનો વિચાર કરો તો તેના મૂળમાં આળસ જ ભર્યું છે. પ્રજાને જો ગરીબાઅી ખૂંચતી હોય, તો તેણે મહેનત કરીને તે દૂર કરવા પ્રયત્ન કરવો જોઅીએ. પણ

આજે તો આળસનાં પડળ એટલાં જામ્યાં છે કે જ્યાં ગરીબી અને દુખ્ખ વધુ, ત્યાં આળસ પણ વધુ જોવા મળે છે. આ આળસ દૂર થાય તો જ ગરીબી જાય. એ આળસને દૂર કરવાનો સાચો અુપાય એ છે કે ગામડાંની પ્રજા સહેલાઅીથી કરી શકે એવા કામે તેને લગાડવી. તો તેમના શરીરનું અને સાથેસાથે મનનું આળસ પણ દૂર થાય."

**શંકરલાલ બેંકર**

*

## સૌથી મોટું કમનસીબ

સ્વરાજ તો મળ્યું, પરંતુ હિંદની પ્રજામાં ગુલામી માનસ ખીલવવામાં જે શિક્ષણ-પદ્ધતિએ સૌથી વધુ ફાળો આપ્યો છે તે લગભગ એ જ રહી છે. અંગ્રેજ સરકારના વૈભવને કેટલીક વાર ભુલાવે એવા વૈભવો અને કુટેવો, ભણતા અને ભણી પરવારેલા વર્ગમાં અૂંડાં અૂતરતાં જાય છે. ગરીબો માટેની દાઝ તો જાણે આજના ભણતરમાં દેખાતી જ નથી. દૂરના ગ્રામવાસીઓ પણ કેળવણીના આ ભયાનક ભ્રમમાં ફસાતા જાય છે. સ્વરાજનું આ સૌથી મોટું કમનસીબ છે.

શાળા-કોલેજના વિદ્યાર્થીઓને વરસો પહેલાં બાપુએ પોતાની દર્દભરી વાણીમાં જણાવેલું તે તેઓ યાદ નહિ કરે? "તમે ગરીબમાં ગરીબ ખેડૂતના દેવાદાર છો. એ ખેડૂતો જ તમને નિભાવે છે, તમારા શરીરને ઢાંકે છે. આ ભવ્ય મકાનો પણ એમણે જ બાંધી આપ્યાં છે. મજૂરોના પરસેવા અને લોહીથી આ સ્થળ અૂભાં થયાં છે. એમના પ્રતિના રુણમાંથી તમે કદી મુક્ત નથી થવાના — સિવાય કે આ સ્થળ છોડ્યા પછી તમે એ ગરીબોની સેવામાં જીવન સમર્પણ કરો."

**દિલખુશ દીવાનજી**

*

*શિયાળે દરબાર ભર્યો છે : સૌને તેડું આવ્યું છે ! ∞*
*તાજાં માજાં રીંગણ મ્હાલ્યાં, રોફ મારતાં કોબિજ ચાલ્યાં,*
*લાલ ટામેટાં ફક્કડ ફાલ્યાં, ખિલખિલ કરતાં ફ્લાવર હાલ્યાં.*
*સાફા લીલા બાંધી મૂળાભાઅીનું ધાડું આવ્યું છે !*

**હસિત બૂચ**

*

## સ્વાતંત્ર્યનું આહ્વાન

1928માં સાયમન કમિશન હિંદમાં આવ્યું, તેની સામે અમે વિદ્યાર્થીઓએ ગુજરાત કોલેજની મોટી હડતાલ પાડેલી. આચાર્ય કૃપાલાની અમને દોરવણી અને પ્રેરણા આપતા. વાતાવરણમાં વિદ્યુતનો સંચાર અમે અનુભવતા.

1930ની લાહોર કોંગ્રેસના પંદર દિવસની આસપાસમાં મુંબઅી અિલાકા યુવક પરિશદ કમલાદેવી ચટ્ટોપાધ્યાયના પ્રમુખપદે ભરાઅી. મેઘાણીએ સિંહની ડણકથી "જાગો જગના ક્ષુધાર્ત !" એ ગીતથી પરિશદને પ્રાણવંતી બનાવી.

લાહોર કોંગ્રેસમાં લાડીલા યૌવનમૂર્તિ પ્રમુખ જવાહરલાલની સાથે જુવાનો "મુકમ્મિલ આઝાદી"ના નારા લગાવતા નાચ્યા હતા, એ દ્રુશ્યની કલ્પના કરી અમારું લોહી થનગનતું. એ વખતે ભાગ્યે જ એવો કોઅી જુવાન હશે જેની જીભ અુપર — જેના હ્રુદયમાં મેઘાણીની આ પંક્તિઓ રમતી ન હોય:

*નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,*
*ખબર છે આટલી કે માતની હાકલ પડી છે.*

અમારી નવયુવકોની આશાઓને કોઅી સીમા નહોતી. ગાંધીજીની તપસ્યાએ જગાવેલી ચૈતન્યની ભરતીનાં મહાન મોજાંઓને શિખરે અમે અૂછળતા.

*

દેશમાં ચાલેલાં અનેક રોમાંચક સ્વાતંત્ર્ય આંદોલનોને અંતે 1947ના ઓગસ્ટની પંદરમીનો રૂડો દિવસ આવી પહોંચ્યો. પણ શું લેવા નીકળ્યા હતા, અને શું મળ્યું ? સ્વાતંત્ર્યપ્રાપ્તિનો આનંદોલ્લાસ માણનારાઓને શ્રી જયકર જેવાઓએ સ્મરણ કરાવ્યું કે એ ઘડીએ રાશ્ટ્રનૌકાના સુકાની ગાંધીજી તો નોઆખાલીમાં હોળીઓ હોલવવામાં રોકાયેલા હતા. ભાગલાના પ્રશ્નો અને અન્નતંગીની ભીંસમાં દેશ સપડાયેલો હતો. એક ક્ષીણપ્રાણ પ્રજાની રહીસહી શક્તિ નવનિર્માણને માર્ગે વળવાને બદલે દ્વેશ અને વેરથી પોતાના જ હાથપગ કાપવામાં જાણે ખરચાઅી રહી હતી. કસોટીની એ

કારમી પળે કુદરતે કર્ણધારને અુઠાવી લીધા.

1950ના જાન્યુઆરીની 26મીએ પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થઅી તે દિવસે સ્વાતંત્ર્યનો સાચો સ્વાદ મળે છે તેવી લાગણી ન થઅી, તો તેનું કારણ પ્રજાશરીરમાં રહી ગયેલા રોગદોગ હતા. હજુ રાશ્ટ્રનો ઘણો અસત્ કર્મનો પુંજ ભસ્મ થવો બાકી હતો. એક વ્યક્તિની તપસ્યાથી ભૂતકાળનો તમામ અસત્ કર્મનો પુંજ ખાક શી રીતે થઅી જાય? એકેએક હિંદવાસીના અર્પણથી જ તે ભસ્મીભૂત થઅી શકે.

સ્વતંત્રતા મેળવવી મુશ્કેલ છે, પણ જાળવવી અને કેળવવી એ તેથી વધુ મુશ્કેલ છે. આજની ભીંસ કદાચ કદીયે ન હતી તેવી વસમી છે. અનાજના જ સાંસા નથી, શ્રદ્ધાના પણ સાંસા છે. પ્રજા અન્નનો કોળિયો મેળવવા પામે અને તેના હૈયામાં આશાનો સંચાર થાય, એવો બેવડો કીમિયો કરનાર કીમિયાગરોની સૌ મેઘની પેઠે જાણે કે રાહ જુએ છે.

**અુમાશંકર જોશી**

*

## છે કોઅી વીરલો?

મૂળ મુદ્દો સરકારી કે ખાનગી માલિકીનો નથી. અર્થશાસ્ત્ર તો સીધુંસાદું છે. તમામ સંપત્તિ પેદા થાય છે માત્ર મહેનતમાંથી. આપણે બધા મહેનત ઓછી કરીએ, કામ ઓછું કરીએ અને છતાં રાશ્ટ્રનું અુત્પાદન, એટલે કે રાશ્ટ્રની સંપત્તિ વધે, તે તો અશક્ય છે. ચાહે તેવો અર્થશાસ્ત્રી પણ એ ચમત્કાર સરજી શકે નહિ.

કરોડો ભારતવાસીઓને પડકારીને વધારે પરિશ્રમ કરવાની પ્રેરણા કઅી રીતે આપી શકાય? જાતે વધુ આપવાની અને બદલામાં ઓછું માગવાની ચાનક એ કરોડોને શી રીતે ચડાવી શકાય? એવો કોઅી માનવી છે ખરો, જે રાશ્ટ્રને સત્ય સંભળાવે? પોતાની જ ભીરુતા આપણા રાશ્ટ્રની મહાનતા ભણીની કૂચની આડે આવે છે, એવું કહેનારો છે કોઅી વીરલો?

**રાજમોહન ગાંધી**

*

# અગ્નિ અને રાખ

અંગ્રેજો અહીં આવ્યા ત્યારે દેશની જે પરિસ્થિતિ હતી, તે જાણે આજે ફરી દેશમાં સર્જાઈ રહી હોય એમ લાગે છે. સંકુચિત સ્વાર્થોએ તે વખતે રાષ્ટ્રીય એકતાને શીર્ણવિશીર્ણ કરી નાખી હતી. દેશનું ડહાપણ ત્યારે નંદવાઈ ગયું હતું, અને હોડી ડૂબશે તો સાથે પોતેય ડૂબશે એટલું સમજવાની બુદ્ધિયે બહેર મારી ગઈ હતી. એટલે જ આ વિશાળ દેશ પર અને તેની કરોડોની પરાક્રમી પ્રજા પર હજારો માઈલ દૂરના એક ટચુકડા ટાપુની નાનકડી પલટન કબજો જમાવી શકી.

સંકુચિત સ્વાર્થોમાં તે વખતે રજવાડાંઓ ખદબદતાં હતાં. આજે એ રજવાડાંઓની આધુનિક લોકશાહી આવૃત્તિરૂપ રાજકારણીઓ તેમાં ગળાડૂબ છે. ક્ષુદ્ર મહત્ત્વાકાંક્ષાઓ અને બાલિશ અુત્પાતોમાં ચકચૂર બનેલા એ લોકોને ક્યાંથી સમજાય કે પોતાનાં કરતૂકો વડે તેઓ, જે નાવડીમાં પોતે બેઠા છે તેમાં જ કાણાં પાડી રહ્યા છે!

અને પ્રજાનું અગ્નાન પણ ભારે છે. ગમે તેની ચઢાવી તે શૂળીએ ચઢી જાય છે. આ બધી જેટલી ખાનાખરાબી થાય છે તેનો બોજ છેવટે તેની કેડ પર જ પડવાનો છે, એટલી સમજ પણ હજી આવી નથી. રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન પહોંચાડવાથી અગવડ કોને વેઠવી પડવાની છે? પરંતુ સામાન્ય માણસ પાસે જઈને આ બધું એને સમજાવનારું આજે છે કોણ? એટલે પ્રજા બિલકુલ અવિચારીપણે વર્તી નાખે છે.

પરંતુ આ તો અંદર ધૂંધવાતો અસંતોશનો અગ્નિ કોઈ ને કોઈ સ્વરૂપે દેખા દે છે. કાળજાતૂટ ઢસરડા કરીને જિંદગીથી થાકેલા કરોડો આ દેશમાં છે. એમની અંદર પ્રજ્વળતી ભૂખ અને અસંતોશની જ્વાળાને શમાવ્યા વિના તોફાનો અને ખાનાખરાબી નહીં નિવારી શકાય. આવા નિર્દોશ જનોના જે બલિ ચઢાવાઈ રહ્યા છે તેનું પાપ રાજકારણીઓ અુપર જ નહિ, પોતાના માનવબંધુઓની ગરીબી, અગ્નાન વગેરે નાબૂદ કરવા ન મથનારા આપણા જેવાઓ માથે પણ છે.

*

સમાજમાં આજે બધા જેમ ખાય છે, પીએ છે, વર્તે છે, તેમાં મૂળભૂત પરિવર્તન કરવા માટે અંદરની આગ જગાડવી પડશે, અુપરની રાખ ખંખેરવી

પડશે. આજે તો બધે રાખ જ રાખ વળી ગઅી છે. યુવાનોમાં ક્યાં છે તરવરાટ? ક્યાં છે છલાંગ મારવાની તમન્ના? ક્યાં છે અુકરડા જેવા સમાજમાં પૂળો મૂકીને નવી રચના કરવાની છટપટાહટ? ક્યાં છે નવું ભારત, નવું જગત સરૂજવાનો થનગનાટ? એને બદલે આજે તો તે વળગી રહ્યો છે નિરૂમાલ્યને. એની આકાંક્શાઓ નિરૂમાલ્ય છે, એનાં અરમાનો નિરૂમાલ્ય છે, એનો પુરુશારૂથ નિરમાલ્ય છે. કરચલી ન પડે એવાં કપડાંમાં એને મહાલવું છે, કમર ન વાળવી પડે એવી બાબુશાહી નોકરી માટે વલખાં મારવાં છે, ઢંગધડા વિનાનાં ફિસ્સાં ગાણાં ગાવાં છે, ઢીંગલા-ઢીંગલી જેવાં જીવનસાથીનાં સપનાં સેવવાં છે, નિરૂમાલ્ય પૈસા માટે હાયવોય કરવી છે.

પણ એમનેય શું દોશ દઅીએ? તબેલા જેવી અને ચીડિયાખાનાં જેવી શાળાઓમાં એમને નિરૂમાલ્ય શિક્શણ અપાયું છે. નથી એમની પાસે ખેતરમાં કામ કરાવાયું, કે નથી કોઅી કળા–કસબ એમને શીખવાયો, નથી નવાં જીવન–મૂલ્યોનું એમને પાન કરાવાયું. અને શાળામાંથી બહાર નીકળીને તો એમણે નિરૂમાલ્ય માટે હડી કાઢતો સમાજ જ જોયો છે. શા માટે? કોઅીને કાંઅી ગમ નથી. છતાં દોડી બધાં જ રહ્યાં છે. અને આ નવો રંગરૂટ પણ ઝાઝું સમજ્યા વિના દેખાદેખીએ આ હડીમાં સામેલ થઅી જાય છે.

**કાંતિ શાહ**

*

## નદીમેં તિનકા

નદીમેં ગિરા હુઆ તિનકા યહ નહીં કહ સકતા કિ, મુઝે અમુક જગહ જાના હૈ. જહાં નદીકા પ્રવાહ જાયગા, વહીં વહ જાયગા. અચેતનોંકી ઠીક યહી સ્થિતિ હોતી હૈ. કિન્તુ હમ સારે ચેતન હોતે હુએ ભી અચેતન-સે બન રહે હૈં. જીવન જિસ તરહ ચલતા હૈ વૈસા ચલેગા, યહી ભાવ લોગોમેં દિખાઅી પડતા હૈ. કિસીને જીવનકા નકશા બનાયા, ઔર તદનુસાર વહ ચલનેકી કોશિશ કરતા હૈ, ઐસા લાખોંમેં એક-આધ મિલેગા. બાકી સારે નસીબ જહાં લે જાતા હૈ વહીં ચલે જા રહે હૈં.

**વિનોબા ભાવે**

*

# આસમાનમાંથી ટપકી પડી છે?

આજની પરિસ્થિતિનો અુકેલ અમારી પાસે છે, એવું કહેનારાઓ ઘણા છે; પણ આ પરિસ્થિતિ માટે સૌથી વધુ જવાબદાર આપણે સામાન્ય નાગરિકો છીએ, એવું કોઆી કહેતું નથી. એક મારા સિવાયના બીજા બધા બૂરાઅી માટે જવાબદાર છે, એમ સૌ કોઆી કહે છે; અને છેવટે તો તે જવાબદારી અીશ્વર અુપર પણ નાખી દેવામાં આવે છે. નેતાઓને ભય લાગે છે કે જો તેઓ જનતાને જવાબદાર ગણાવશે તો પોતે નેતા નહિ રહે. આજની મોટી મુશ્કેલી એ છે કે જનતાને નિસ્પ્રુહ રીતે તેની જવાબદારી બતાવનાર કોઆી નથી.

"તમારી મુશ્કેલીઓનો અુકેલ અમારી પાસે છે," એવું કહેનારાઓનો ભરોસો કરશો નહીં — પછી તે કહેનાર ગમે તે હોય, સર્વોદયવાળા પણ ભલે હોય. તમારી પરિસ્થિતિ જે બદલશે, તે તમારા અુપર કાબૂ પણ ધરાવતો થશે. તેના નચાવ્યા તમારે નાચવું પડશે.

આજે સામાન્ય નાગરિક ફરિયાદ કરે છે, પણ બધી મુશ્કેલીઓનો અુકેલ લાવવાની લગની તેને નથી. દરેકને ફિકર છે એટલી જ કે "મારી" મુશ્કેલી મટવી જોઅીએ. દરેક પોતાનું જ વિચારે છે, બીજાની મુશ્કેલીની તેને કાંઅી પડી નથી. વેપારી, ગ્રાહક, અુત્પાદક સૌ કોઅી પોતપોતાની વાત જ આગળ કરતા હોય છે; "આપણે બધા" મળીને મુશ્કેલીઓ દૂર કરીએ, એમ કોઅી વિચારતું નથી.

આજની પરિસ્થિતિમાં એક ગંભીર બાબત ભ્રશ્ટાચારની છે. આપણી સાર્વજનિક સંસ્થાઓમાંથી એવી કેટલી હશે કે જેમાં હિસાબ વિશે એકબીજા અુપર આરોપ ન મુકાતા હોય? સંસ્થા છોડતી વખતે છોડવાવાળો પવિત્ર, અને તેમાં રહેવાવાળા બધા ભ્રશ્ટ ને નાલાયક! તેવી જ રીતે સરકારમાં. પણ સરકાર નાલાયક હોય, તો તે ત્યાં છે જ કેમ? તે કાંઅી આસમાનમાંથી ટપકી પડી નથી ને? તમારા જ મતથી એ ત્યાં આવી છે. કદાચ પૈસાથી વોટ ખરીદીને આવી હશે, તો પૈસા લઅીને વોટ વેચનારા પોતે જ પહેલાં તો ભ્રશ્ટ થઅી ગયા ને!

**દાદા ધર્માધિકારી**

# જાદુઈ રસ્તો નથી

આપણે ત્યાં લોકશાહી છે, એટલે દરેક પ્રશ્ન અંગે પ્રજાએ શાંતિથી વિચારીને અભિપ્રાય બાંધવાની જરૂર છે. તે માટે પ્રજા પાસે સાચી હકીકત પહોંચવી જોઈએ. પણ આજે જનતાને સાચી હકીકતોની જાણ બહુ ઓછી થાય છે. એટલે સવાલ એ છે કે સાચી હકીકતો શી રીતે મેળવવી, અને તેને પ્રજા પાસે કઈ રીતે પહોંચાડવી? અને આ બધું કરે કોણ?

બધે ભ્રશ્ટાચાર છે, કાંઈ પ્રગતિ થતી નથી, પતન થઈ રહ્યું છે — એવી એવી નિરાશાવાદી વાતો કરવી ઠીક નથી. આટલાં વરસોથી દેશમાં લોકશાહી ચાલી રહી છે, એ કાંઈ નાનીસૂની વાત નથી. આફ્રિકા જુઓ, એશિયા જુઓ, દક્શિણ અમેરિકા જુઓ — કેટલા બધા દેશમાં આજે લોકશાહી નથી! ત્યારે આવડા મોટા આ દેશમાં લોકશાહી ચાલે છે, એ બહુ મોટા ગૌરવની વાત છે.

અને પ્રગતિ પણ થઈ રહી છે — ભલે આપણે ઇચ્છીએ તેટલી ઝડપથી નહિ. આ દેશની જનતા એ જ આ રાશ્ટ્રના ભાવિની ગેરંટી છે. એટલે આશાવાદી રહીને આપણે પુરુશાર્થ કરવાનો છે. આપણી સંસ્કૃતિ છે, ગાંધી વગેરેનો વારસો છે, અને વિરાટ જનતા છે, તે આપણને ટકાવી રાખશે.

દેશમાં ઝઘડા છે, જૂથબંધી છે, સરકારમાં કાંઈ તાકાત નથી — એમ તરેહતરેહની વાતો ચાલતી રહે છે. આનું કુલ પરિણામ હતાશામાં આવે છે. સામાન્ય જનતા પર, નવયુવકો ઉપર તેની બહુ માઠી અસર થાય છે. એનાથી મનોબળ નબળું પડે છે, અને પ્રજામાં ગભરાટ ને અશાંતિ ફેલાય છે. આખરે તો આપણે ત્યાં લોકશાહી છે, એટલે કાંઈ ખોટું થતું હોય તો તેને સુધારવાનુંયે આપણું જ કામ છે.

બાકી તો જેટલી જન-જાગ્રુતિ થશે, એટલી પ્રગતિ થવાની. આ બાબતમાં બીજો કોઈ ટૂંકો કે જાદુઈ રસ્તો નથી.

**જયપ્રકાશ નારાયણ**

*

# ક્રાંતિ અંધ હોતી હૈ

સમય બદલતા હૈ, પરિસ્થિતિ બદલતી હૈ. સમાજકી ઇચ્છાઓંમેં ઔર આદર્શોમેં પરિવર્તન હોતા હી હૈ. ઇસલિયે સમય-સમય પર સામાજિક જીવનમેં બદલ કરના જરૂરી હોતા હૈ.

રૂઢિ-નિશ્ઠાકે કારણ સમાજમેં જબ જરૂરી પરિવર્તન નહીં હોતા, તબ સમાજમેં જડતા આતી હૈ, સમાજ રોગી ઔર વિકૃત બનતા હૈ. ફિર યહ સ્થિતિ જબ અસહ્ય હોતી હૈ, તબ સમાજમેં ક્રાંતિ આતી હૈ.

મગર ક્રાંતિયાં અકસર અંધ હી હોતી હૈં. અંધ ક્રાંતિ જાનતી નહીં કિ આખિરકાર ઉસે ક્યા ચાહિયે. અસહ્ય પરિસ્થિતિકો તોડના, યહી ઇસકા દ્રિઢ સંકલ્પ હોતા હૈ. ઉસકી જગહ ક્યા લાના, ક્યા હિતકર હૈ, ક્યા ચલ સકેગા, ઇસકા વિચાર અંધ ક્રાંતિ નહીં કરતી, ઔર વહ કૈસે લાના ઇસકા ભી ઉસે ખ્યાલ નહીં હોતા.

ક્રાંતિકારી લોગ ભી અકસર અંધ હોતે હૈં. જોશમેં આકર ક્રાંતિ કર ડાલતે હૈ, લેકિન અપની કી હુઈ ક્રાંતિસે લાભ ઉઠા નહીં સકતે. ક્રાંતિ કર લેતા હૈ એક ગુટ, ઔર ઉસસે લાભ ઉઠાતા હૈ દૂસરા હી ગુટ, ઐસા ભી હો જાતા હૈ.

ક્રાંતિ સફલ તબ હોતી હૈ, જબ ક્રાંતિકારિયોંકા ચિંતન ગહરા હોતા હૈ; જબ ક્રાંતિકારી લોગ દીર્ઘકાલ તક રચનાત્મક કાર્યક્રમ દ્વારા ક્રાંતિકે બાદ અચ્છી સમાજરચના સ્થાપિત કરનેકા તરીકા જાનતે હૈં, ઔર ઉસકે લિયે સમાજસે કાફી સહયોગ પ્રાપ્ત કર લેતે હૈં.

**કાકા કાલેલકર**

*

**બે વાનાં ઉપર જ —**

મનુશ્યની સ્વાભાવિક ભલાઈ અને સમૂહની ટકી રહેવાની ઇચ્છા — એ બે વાનાં ઉપર જ રાશ્ટ્રજીવન અત્યારે ટિંગાઈ રહ્યું છે. બાકી દેશને છિન્નભિન્નતાને આરે પહોંચાડી દેવામાં સત્તાવાદીઓએ કશી કસર રાખી હોય એમ લાગતું નથી.

**યશવન્ત શુક્લ**

*

# વિકરાળ પ્રશ્ન

આપણી દોડવાની ગતિ વધારીએ તે પહેલાં બે ઘડી શાંતિથી વિચારશું ખરા કે આપણે જવું છે ક્યાં? આજે આટલા બધા લોકો વધુ ને વધુ બેચેન અને અશાંત થતા જાય છે. તેમને ખબર નથી કે તેઓ ક્યાં જવા માગે છે, પણ તેમને ક્યાંક જવું છેઃ જીવન ત્યાં વધુ સારું હશે, અહીં તે સંતોશકારક નથી. આપણો આખોયે સમાજ બેચેન છે, અસ્વસ્થ છે, અસંતુશ્ટ છે; બીજે ક્યાંક જવા, બીજું કશુંક મેળવવા ઝંખે છે. તેથી આ બધી દોડધામ છે.

નકામી ને ભંગાર ચીજવસ્તુઓનાં અુત્પાદન, જાહેરાત અને ખરીદ-વેચાણ પાછળ આજે કેટલાં બધાં સમય, શક્તિ અને નાણાં વેડફાઅી રહ્યાં છે! આ નરી મૂઢતા છે; કેમ કે જેઓ વધુ પૈસા મેળવવા પોતાના ઘરાકને છેતરે છે, તેઓ એ વાત ભૂલી જાય છે કે તેઓ પોતે જ્યારે ઘરાક બનીને કશુંક લેવા નીકળશે ત્યારે તેઓ પણ છેતરાવાના જ છે. આ તો એક ઝેરી કુંડાળું છે.

ખરેખર તો, મોટા ભાગના લોકો કાંઅીક માનસિક શાંતિ અિચ્છે છે. એમને એવો સમાજ જોઅીએ છે કે જેમાં પોતાના કુટુંબના ભાવિ વિશે ચિંતા ને ભય ન રહે. તેઓ સતત દોડ્યે જ રાખવા માગતા નથી, પણ ઠરીઠામ થવા અિચ્છે છે. ભાવો, પગારો, અકરાંતિયો અુપભોગ વગેરેના ચકરાવામાંથી છૂટવા મળે, તો એ સુખ પામશે. એમને ઝંખના છે થોડુંક વિચારવાની, કંઅીક મનની શાંતિ માણવાની. અને એ બધી ચીજોના કાંઅી પૈસા નથી પડતા, તે મેળવવા માટે ઓવરટાઅીમ ઢસરડો નથી કરવો પડતો.

પરંતુ આવી બાબતોનો પ્રચાર કરવાથી કોઅીનો નફો વધતો નથી, એટલે પછી લોકોને એ વિશેની કેળવણી કોઅી આપતું નથી.

એક વિકરાળ પ્રશ્ન આપણી સામે ડાચાં ફાડીને અૂભો છેઃ લોકો આ તે કઅી જાતનું જીવન જીવે છે? ગુનાઓનું પ્રમાણ કેમ વધતું જ જાય છે? સમાજમાં આટલી બધી હિંસા ને વિધ્વંસકતા, હતાશા ને સાશંકતા કેમ છે? કોઅી સામૂહિક હેતુ કે ધ્યેય વિશેની પ્રતીતિ કેમ નથી? સમાજ પ્રત્યે આત્મીયતાની ભાવના કેમ ક્યાંય દેખાતી નથી?

**જે. બી. પ્રિસ્ટલી**

**[અંગ્રેજી પરથી અનુવાદિત]**

# કાળને તરિભેટે

છેલ્લા થોડા મહિનાઓ દરમિયાન અવારનવાર, ભારત–પાકિસ્તાનની સરહદ પર, પૂર્વમાં ને પશ્ચિમમાં, જુદે જુદે સ્થળે પાકિસ્તાન ગોળીબાર કરતું રહ્યું છે અને અથડામણો ઊભી કરતું રહ્યું છે. તાજેતરમાં કચ્છ–સિંધની સરહદની દક્ષિણે આપણા પ્રદેશ પર વધુ ને વધુ જોરદાર પાકિસ્તાની લશ્કરી હલ્લા થતા રહ્યા છે. ત્યાં ભારતીય પ્રદેશની અંદર દસ-બાર કિલોમીટરના ઊંડાણે આવેલાં મથકો પર ટેન્કો તથા બખ્તરીઆ ગાડીઓના ટેકાથી પાકિસ્તાની લશ્કરે હુમલો કર્યો. પાકિસ્તાનનાં આ પગલાં તે નાગું આક્રમણ છે. આ બાબતનું શાંતિથી સમાધાન કરવા રાજકીય કક્ષાએ ચર્ચાઓ ચાલી રહી હતી ત્યારે પણ પાકિસ્તાને, પોતાની હંમેશની રસમ મુજબ, તેના હલ્લાઓ વધુ જોરદાર બનાવેલા છે. યુદ્ધને માર્ગેથી તેને પાછું વાળવાના આપણા તમામ પ્રયાસોને પાકિસ્તાન નાકામિયાબ બનાવતું રહે છે.

બુદ્ધિમાં ન ઊતરે તેવી પાકિસ્તાનની આ વર્તણૂકનું મુખ્ય કારણ ભારત સામેના ધિક્કારનો તેને લાગુ પડેલો વળગાડ છે. પાકિસ્તાની નેતાઓએ, પાકિસ્તાની છાપાંઓએ અને પાકિસ્તાનમાંના મઝહબી ઝનૂનીઓએ છેલ્લા બે દાયકા દરમ્યાન આ ધિક્કાર તેમના સમગ્ર તંત્રની અંદર ફેલાવી દીધો છે.

આપણે સ્વતંત્રતા મેળવી ત્યારથી ભારત શાંતિ, ભાઈચારા અને શુભનિશ્ઠા માટે ખડું રહેલું છે. શાંતિમાં ભારતનો મોટો સ્વાર્થ છે, કારણ કે આપણા કરોડો દેશવાસીઓનું જીવનધોરણ ઊંચું લાવવા ઉપર જ આપણી શક્તિ આપણે કેંદ્રિત કરવા માગીએ છીએ. તેમ છતાં આપણાં બે પાડોશી ચીને તથા પાકિસ્તાને ભારત સામે આક્રમક દુશ્મનાવટનું જ વલણ લીધું છે. હમણાં હમણાં તો ભારતની સામે પડવામાં એ બેઉએ હાથ મિલાવ્યા છે.

આ સંજોગોમાં સરકારની ફરજ સ્પશ્ટ છે, અને તે ફરજ સંપૂર્ણપણે અદા કરવામાં આવશે. આ દેશનું જે કાંઈ માનવધન અને સાધનસંપત્તિ છે તે સમસ્તનો આપણી સરહદોની રક્ષા માટે ઉપયોગ કરવામાં આવશે. જ્યાં લગી જરૂર પડે ત્યાં સુધી ગરીબીમાં રહેવાનું આપણે પસંદ કરશું, પણ આપણી આઝાદીને છિન્નભિન્ન નહિ થવા દઈએ.

શાંતિને મારગે ચાલવા આપણે આતૂર છીએ, પણ પાકિસ્તાન પોતાની આક્રમક પ્રવૃત્તિ ચાલુ રાખે તો આપણી સેના દેશનું રક્ષણ કરશે, અને

પોતાના માનવબળનો ને સરંજામનો અુત્તમ અુપયોગ શી રીતે કરવો તે એ પોતે ઠરાવશે.

અત્યંત ગંભીર વિચારણા પછી અને મારી જવાબદારીના પૂરેપૂરા ભાન સાથે આ શબ્દો મેં અુચ્ચાર્યા છે. આપણા જમાનાની આ એક અત્યંત ઐતિહાસિક ઘડી છે. ભારત અને પાકિસ્તાન બન્ને ઇતિહાસને તરિભેટે અૂભાં છે. આજની ઘડીએ દરેક ભારતવાસી પોતાની જાતને એક જ સવાલ પૂછી રહ્યો છેઃ પોતાના વતન માટે એ શું કરી શકે તેમ છે? આપણી આઝાદીનું રક્શણ કરવાના રાશ્ટ્રના પ્રયાસોમાં એ કઅી રીતે હિસ્સો નોંધાવી શકે? આપણા તમામ દેશવાસીઓને મારી આ અપીલ છેઃ તમે જ્યાં ક્યાંય હો, જે કોઅી કામધંધો કરતા હો, ત્યાં તમારી કામગીરી પૂરેપૂરી ધગશથી બજાવજો. તમારી અંદર જે કાંઅી અુત્તમ રહેલું હોય તે અર્પણ કરી દેજો અને નિસ્સ્વાર્થભાવે દેશની સેવા કરજો. આજની ઘડીની સર્વોપરી જરૂરિયાત છે રાશ્ટ્રીય એકતાની. હરકોઅી ધર્મ કે કોમના તમામ ભારતવાસીઓએ એક બનીને મક્કમતાથી ખડા રહેવાનું છે, અને મુસીબતો તથા બલિદાનો માટે પોતાની જાતને તૈયાર કરવાની છે.

**લાલ બહાદુર**

*

## સાપ તે સાપ જ છે

હું કોઅીનો પક્શ લેવા નથી માગતો, પણ આખરે રજ્જુ રજ્જુ છે અને સાપ તે સાપ છે, એ તો કહેવું જ પડેને! બિલકુલ દીવા જેવી સ્પશ્ટ વાત હતી, અને ત્યાંના યુનોના નિરીક્શકોએ પણ જાહેર કરેલું કે પાકિસ્તાન તરફથી કાશ્મીરમાં ઘૂસણખોરી થઅી છે. હું જોઅું છું કે સીધું આક્રમણ થયું છે, તો મારે તેમ કહેવું જ જોઅીએ. વળી, એ આક્રમણને ખાળવા માટે જ્યાં તેનું અુગમ-સ્થાન છે ત્યાં જ એને રોકવું અુચિત માનીને ભારતની સેના ત્યાં ગઅી હોય, તો તેણે સીમા-અુલ્લંઘન કર્યું છે એમ હું નથી માનતો.

**વિનોબા ભાવે**

*

# વિધાતાની છેલ્લી ચેતવણી

માણસજાતની જંગાલિયતનું દુશ્ટમાં દુશ્ટ સ્વરૂપ યુદ્‌ધ છે. છતાં, શાંતિ-સમયની સુખચેનની અવસ્થામાં આપણાં કેટલાંયે વૈયક્તિક અને પ્રજાકીય કર્‌તવ્યો તરફ આપણે સેવેલી ઘોર અને ગુનાહિત અુદાસીનતાને છેક યુદ્‌ધના અંતિમ અને દારુણ દબાણ હેઠળ જ આપણે થોડીઘણીયે દૂર કરી શક્યા છીએ તે જોતાં, એમ લાગે છે કે યુદ્‌ધની કારમી આફત પણ આપણે માટે તો એક આશીર્‌વાદ જ સાબિત થઅી છે.

પાકિસ્તાનના આક્રમણ સામેના રક્શણાત્મક યુદ્‌ધમાં આપણને વિજય મળ્યો છે, તે ખૂબ આનંદ અને સંતોશની વાત છે. પણ એ આનંદમાં કેટલાક જરૂરી બોધપાઠ આપણે ભૂલી જઅીએ તે ભય પણ રહેલો છે.

આક્રમણ સામે આપણા લશ્કરને મળેલા વિજયથી આપણે ગૌરવ અનુભવીએ છીએ. પણ અપ્રતિમ શૌર્‌ય અને આત્મબલિદાન આપીને આપણા લશ્કરે મેળવેલી એ મહામૂલી સિદ્‌ધિમાં ગૌરવ લેવાનો આપણે અધિકાર કેટલો ? એક પ્રજા તરીકે જે ગુણ કેળવવાની તાકીદની જરૂરિયાત છેલ્લા કેટલાયે દાયકાઓથી આપણી સામે રહેલી છે, તે ગુણ આપણા બધા વતી એકલા આપણા લશ્કરે કેળવ્યા હોય એમ લાગે છે. તાલીમ, કાર્‌યકુશળતા, શિસ્ત, વફાદારી, દેશદાઝ, ત્યાગ, સર્‌વધર્‌મસમભાવ — જે બધા સદ્‌ગુણ આપણે સૌએ તાકીદે કેળવવાની જરૂરત લાંબા સમયથી રહી છે, તે સંતોશકારક માત્રામાં એકલા આપણા લશ્કરે જ કેળવી બતાવ્યા છે. આપણા રાશ્ટ્રનું એકમાત્ર તંદુરસ્ત અંગ આપણું લશ્કર હોય એમ લાગે છે. આપણા લશ્કરની સિદ્‌ધિમાં આપણે ભલે અભિમાન લઅીએ, પણ તે સાથે આપણી જાતને પ્રામાણિકપણે એટલો પ્રશ્ન પૂછવો જોઅીએ કે આવા અુમદા લશ્કર માટે એક પ્રજા તરીકે આપણી લાયકાત કેટલી ?

આઝાદી પછી આપણા રાશ્ટ્રીય જીવનનાં સર્‌વ ક્શેત્રોમાં સડો પેઠો છે અને ગુણવત્તાનાં ધોરણો નીચાં ગયાં છે. એ સર્‌વસામાન્ય અવનતિમાંથી આપણું લશ્કર જ એક અપવાદ તરીકે બચી ગયું છે, તે સદ્‌ભાગ્યનો જશ આપણા પુરુશાર્‌થના કરતાં આપણા ભૂતપૂર્‌વ પરદેશી રાજકર્‌તાઓને ફાળે વધુ જતો હશે. તેમણે તો, અલબત્ત, તેમના શાહીવાદી સ્વાર્‌થને ખાતર જ બધું કર્‌યું હતું; છતાં તેમણે અૂભું કરેલું એક અુત્તમ કક્શાનું લશ્કર તેઓ

આપણા માટે મૂકતા ગયા હતા. એને આપણે, આપણી વહીવટી સેવાઓને પગલે પગલે ભ્રશ્ટ થવા નથી દીધું, એ જ આપણી સિદ્ધિ ગણી શકાય.

આ યુદ્ધમાં મળેલો વિજય આપણે માટે એ વાતની છેવટની ચેતવણી હોવાનો પણ સંભવ છે કે હવે પછી એકલા લશ્કરના પુણ્યપ્રતાપે એક સ્વતંત્ર રાશ્ટ્ર તરીકે આપણે બચી નહિ શકીએ. તે માટે આપણા રાશ્ટ્રનાં સર્વ અંગોમાં આપણા લશ્કરની બરાબરીની લાયકાત આપણે કેળવી લેવી પડશે.

આપણી રાશ્ટ્રીય નિર્બળતા ભવિશ્યમાં આપણા દુશ્મનને માટે આક્રમણના નિમંત્રણની ગરજ સારી શકે છે. આક્રમણને અટકાવવાનો ઉત્તમ માર્ગ રાશ્ટ્રની શક્તિનો વિકાસ છે. રાશ્ટ્રની શક્તિનો આધાર એકલા લશ્કરની ઉપર નથી. રાશ્ટ્રનાં આર્થિક, સામાજિક, શૈક્શણિક વગેરે સર્વ અંગોની સંયુક્ત શક્તિ ઉપર એ નિર્ભર છે.

યુદ્ધને કારણે આપણા સમગ્ર જીવનને કટોકટીના ધોરણે મૂકી દેવામાં આવેલું. તેવી જ રીતે વસ્તી-નિયમન, બેકારી-નિવારણ, કેળવણી, ગ્નાતિવાદ અને કોમવાદની નાબૂદી, સ્ત્રીઓનો ઉદ્ધાર, અસ્પૃશ્યતા–નિવારણ વગેરે રાશ્ટ્રીય વિકાસની આપણી સર્વ યોજનાઓને યુદ્ધપ્રયાસના જેટલી જ કટોકટીના ધોરણે મૂકી દેવી જોઈએ.

વિના યુદ્ધે, શાંતિકાળમાંયે પહેલેથી જ, એ પ્રમાણે કરવાની આપણી ફરજ હતી. એ ફરજ ચૂકીને આપણી ખુદ આઝાદી સાથે આપણે ગંભીર જોખમ ખેડ્યું કહેવાય. એ જોખમમાંથી હવે જ્યારે આપણે બચી ગયા છીએ, ત્યારે આ યુદ્ધને આપણે માટે વિધાતાની છેલ્લી ચેતવણી લેખીને ભૂતકાળની ભૂલો આપણે સુધારી લેવી રહી.

**ઇસ્માઇલ યુ. પટેલ**

*

*ભયાનક મેઘ વચ્ચે વીજનો લબકાર છું, સાકી!*
*અને ગમગીન આભે બીજનો શણગાર છું, સાકી!...*
*હજી અજવાળવા અંધારઘેર્યા પંથ કૈં મારે,*
*ભલેને હું બુઝાતા દીપનો ઝબકાર છું, સાકી!*

**ધીરેન્દ્ર મહેતા**

## — ભલે થોભવું પડે

1947માં પાકિસ્તાને કાશ્મીર અુપર હુમલો કર્યો ત્યારે તેની મુરાદ એ અરક્ષિત પ્રદેશ પડાવી લેવા સિવાય બીજી કોઅી નહોતી. પોતાનું એ અગાઅુનું આક્રમણ તો પાકિસ્તાને પાછું ન ખેંચ્યું એટલું જ નહિ, પણ હવે તેણે ફરી પહેલાં કરતાંયે વધુ જંગી આક્રમણ કાશ્મીર અુપર કર્યું છે. આ વખતે પણ એની મુરાદ એ જ છે કે બળજબરીથી કાશ્મીરને પોતાના કબજામાં લેવું. અિરાદાપૂર્વકના આવા હીચકારા પગલાને કારણે પાકિસ્તાને કાશ્મીરની બાબતમાં બોલવાનો અધિકાર હવે સાવ ગુમાવી દીધો છે. કાશ્મીરનો જો પ્રશ્ન હોય તો તે કાશ્મીરની જનતા અને ભારતની સરકાર વચ્ચે છે.

પોતાના દેશમાં ગેરસમજ વહોરીને પણ હું તથા ભારત–પાકિસ્તાન મૈત્રી સંઘના મારા સાથીદારો બેઅુ દેશ વચ્ચે મૈત્રી અને સહયોગ સ્થાપવા પ્રયત્નો કરી રહ્યા છીએ. એ મૈત્રીમાં હું હજીયે મારો વિશ્વાસ કાયમ રાખીશ. પરંતુ કાશ્મીરના પ્રશ્નમાં પાકિસ્તાનને માથું મારવા દેવામાં ન આવે તો એ ભારત સાથે યુદ્ધ કરવા જ માગતું હોય, તો જ્યાં સુધી સુબુદ્ધિની આણ ફરી ન પ્રવર્તે ત્યાં સુધી મૈત્રીના પ્રયાસોએ થોભવું જ પડશે.

**જયપ્રકાશ નારાયણ**

*

*હાથ યે મિલે કિ ઝુલ્ફ ચાંદકી સંવાર દૂં,*
*હોઠ થે ખુલે કિ હર બહારકો પુકાર દૂં,*
*દરદ થા દિયા ગયા કિ હર દુખીકો પ્યાર દૂં,*
*ઔર સાંસ યું કિ સ્વરગ ભૂમિ પર અુતાર દૂં;*
*હો સકા ન કુછ મગર, શામ બન ગઅી સહર,*
*વહ અૂઠી લહર કિ ઢહ ગએ કિલે બિખર-બિખર;*
*ઔર હમ ડરે ડરે, નીર નયનમેં ભરે,*
*ઓઢકર કફન પડે મઝાર દેખતે રહે:*
*કારવાં ગુઝર ગયા, ગુબાર દેખતે રહે.*

**'નીરજ'**

## લડાઆી શું છે?

ચીને આપણી અુત્તર સરહદ અુપર આક્રમણ કરીને કેટલાક વિસ્તારો પચાવી પાડ્યા. પાકિસ્તાન પણ એ જ નીતિ અજમાવી રહ્યું છે. તેવે વખતે યુદ્ધ એટલે શું, તે કેવી રીતે લડાય છે, તેમાં આપણો ધર્મ શો, એ બધું સમજવું જરૂરી છે.

કોઆી પણ સ્થળે માત્ર લોહી રેડી દેવાથી લડાઆી જિતાતી નથી. કયા સ્થળે ચીટકી રહેવું, ક્યાંથી જરા આઘુંપાછું થવું, ક્યાંથી પ્રતિકાર કરવો વગેરે નક્કી કરવાનું કામ લડાઆીના નિશ્ણાતોનું છે. તેમને એ કામ સોંપ્યા પછી આપણે ઓછામાં ઓછી ચર્ચા કરવી જોઆીએ.

હવેના યુદ્ધમાં પહેલાંની જેમ કેસરિયાં કરીને કૂદી પડવાનું નથી. લાંબા સમય સુધી પોતાની શક્તિ ટકાવી શકે, તે પક્શ યુદ્ધ જીતે. વળી યુદ્ધ માત્ર મોરચા પર લડાતું નથી. મોરચા પરના એક સૈનિકને લડતો રાખવા માટે આખા દેશમાં પચીસ-ત્રીસ નાગરિકોએ પણ સૈનિકની નિશ્ઠાથી કામ કરવું જોઈએ. મોરચા પરના સૈનિકને બંદૂકો-દારૂગોળાની માફક પાણી, ખોરાક, કપડાં, દવાઓ વગેરે સતત પહોંચાડવાની વ્યવસ્થા આપણે નાગરિકો ચોકસાઆીથી કરીએ, તો જ એ બરાબર લડી શકે.

**નવલભાઆી શાહ**

*

*સઘળા સુખે સૂઆી રહે છો,*
*આપણે તો, ભાઆી! જાગતાં રે'શું;*
*સાદ પાડીને શેરીએ શેરીએ*
*અૂંઘતાંનેય જગાડતાં રે'શું.*

*ઝાંઝ લેશું, કોઆી તબલાં-થાળી,*
*કોઆી પેટી, કોઆી વાંસળી લેશું;*
*ચૌટે ચૌટે સાથ મળીને*
*મન મૂકી વગાડતાં રે'શું;*
*ગામ આખાને સાથમાં લેવા*
*ગીતથી ગામ ગજાવતાં જાશું.*

**'શોભન'**

## એકમાત્ર ઉકેલ

હિંદુ-મુસલિમ કોમી ખટરાગના કાયમી નિરાકરણ માટે અને મુસ્લિમ કોમની ઉન્નતિ માટે હિંદુસ્તાનના ભાગલા પાડીને પાકિસ્તાનનું જુદું રાજ્ય સ્થાપવું જરૂરી છે — એવો પ્રચાર મુસલિમે લીગે કરેલો હતો. એ ભાગલાને આટલાં બધાં વરસો વીતી ગયા છતાં કોમી ખટરાગનો પ્રશ્ન ઉકલવાનો તો બાજુએ રહ્યો, પણ ઊલટાનો ખૂબ વધુ ઉગ્ર બન્યો છે. ભારત અને પાકિસ્તાનની વચ્ચે કડવાશ અને દુશ્મનાવટ ઉત્તરોત્તર વધતાં રહ્યાં છે. આથી આપણે જરા થંભીને આપણી જાતને પૂછવું જોઈએ કે દેશના ભાગલા એ કોમી સવાલનો સાચો ઉકેલ હતો ખરો ? હવે તો એવો સવાલ પુછાવો જોઈએ કે પાકિસ્તાનની રચનાથી હિંદ-પાકિસ્તાનની સમગ્ર મુસલિમ કોમની, આખા મુસલિમ જગતની અને ઇસ્લામ ધરૂમની કેટલી સેવા થઈ ?

હિંદુસ્તાનના ભાગલા પડતાંની સાથે બંને તરફ લાખો નિરૂદોશ માણસોની નિરૂદય કતલ થઈ, તેમાં મુસલિમોનો પણ મોટા પ્રમાણમાં ભોગ લેવાયો. વળી કેટલાંય મુસલિમ કુટુંબો બંને તરફ વહેંચાઈ ગયાં. ભારતીય મુસલિમ સંસ્કારિતાના એક મહત્ત્વના અંગ ઉરૂદૂ ભાશાનું વતન, ઉત્તર પ્રદેશ, ભારતમાં રહી ગયું. એક માત્ર મુસલિમ યુનિવરૂસિટી, અલીગઢ, ભારતમાં રહી ગઈ. કેટલાંય મુસલિમ ધરૂમસ્થાનકો ભારતમાં રહી ગયાં. અરે, પાકિસ્તાન થયા પછી પણ અખંડ હિંદની આખી મુસલિમ કોમનો 40 ટકા ભાગ ભારતમાં રહી ગયો.

આજે ભારતમાં એક કાશ્મીર સિવાય મુસલિમ બહુમતી વાળું એક પણ રાજ્ય નથી. પણ અખંડ હિંદુસ્તાન રહ્યું હોત તો એવી બહુમતી વાળાં રાજ્યો વધારે હોત. બાકીનાં રાજ્યોની મુસલિમ લઘુમતીના હિતના રક્શણ માટે એ રાજ્યો કેન્દ્ર તથા વિવિધ રાજ્યોની સરકારો પર અસરકારક દબાણ લાવી શક્યાં હોત. એટલે અખંડ ભારતની મુસલિમ કોમ માટે તો બે રાશ્ટ્રોમાં વહેંચાઈ જવાને બદલે એક જ દેશમાં રહેવું વધારે સલાહભરેલું હતું.

ભાગલાથી ભારત અને પાકિસ્તાનને એકબીજાની સામે તાકીને ધૂમ લશ્કરી ખરૂચ કરવો પડે છે. એ ખરૂચમાં અને તેને લીધે આપવા પડતા બીજા ભોગોમાં બંને તરફની મુસલિમ કોમો પોતાનો ફાળો આપે છે. એ ગંજાવર ખરૂચ કરીને ભારત તથા પાકિસ્તાન એકબીજાને વધુ ગરીબ અને

વધુ નિર્બળ બનાવી રહ્યા છે. એટલે બેય દેશની મુસલિમ કોમ પણ એ રીતે પોતાને હાથે જ ખુદ પોતાની જાતને નિર્બળ બનાવી રહી છે, એમ કહી શકાય.

હિંદુસ્તાનના ભાગલાની ઘટનાને ગમે તેટલી બાજુથી તપાસો, એનો એક જ ને અનિવાર્ય સાર એ નીકળે છે કે તે એક ખતરનાક ભૂલ હતી. પછી પ્રશ્ન એ ઊભો થાય છે કે એ ભૂલનો કોઈ ઉપાય ખરો? ઉપાય એક જઃ ભારત-પાકિસ્તાનનું ફેર-જોડાણ. એ ફેર-જોડાણની માગણી કોણ કરે? મૂળ જેમને ખાતર ભાગલા પાડવામાં આવ્યા તેઓ — એટલે કે ભારત-પાકિસ્તાનની સમસ્ત મુસલિમ કોમ. હિંદુ-મુસલિમ પ્રશ્ન, ભારત-પાકિસ્તાન પ્રશ્ન કે કાશ્મીરનો પ્રશ્ન — એ કોઈ પ્રશ્નનો ઉકેલ ભારત-પાકિસ્તાનના ફેર-જોડાણ વગર શક્ય હોય એમ લાગતું નથી. આથી ભારત-પાકિસ્તાનના મુસલિમોએ સાથે મળીને આ ઝુંબેશ ચલાવવી જોઈએ. ભારત-પાકિસ્તાનના ફેર-જોડાણનો એક મોટો તત્કાલ લાભ એ થશે કે બંને દેશ પોતપોતાની જે પ્રચંડ શક્તિઓ એકબીજાની સામે વેડફી રહ્યા છે, તેને એકત્ર કરી શકાશે. તેને પરિણામે ભારત અને પાકિસ્તાન અત્યારે સ્વતંત્રપણે જેટલાં શક્તિશાળી છે તેનાથી અનેકગણાં વધુ શક્તિશાળી તે બેય એકત્ર થઈને બની શકશે.

પાકિસ્તાનનું હાડોહાડ અધઃપતન, એની સરાસર જંગાલિયત, એ ભારત-પાકિસ્તાનની સમસ્ત મુસલિમ કોમ માટે, આખી મુસલિમ આલમ માટે અને ખુદ ઇસ્લામ ધર્મ માટે કલંકરૂપ છે. એ કલંક ધોઈ નાખવા માટે મુસલિમોએ પોતાથી બનતા બધા પ્રયત્નો આદરી દેવા જોઈએ. આ કાર્યમાં હિંદુઓ માટે મુસલિમોને ઉત્તેજન આપવાનો ઉત્તમ માર્ગ એ છે કે તેઓ પોતાની કોમમાંથી ન્યાતિવાદ, કોમવાદ અને અસ્પૃશ્યતાનાં વિઘાતક તત્ત્વોની નાબૂદી માટેની તેમની ઝૂંબેશને ખૂબ ઉગ્ર બનાવે.

**ઇસ્માઇલ યુ. પટેલ**

*

*આવો, આવો તો મારી આંખો ઠરે,*
*નહિ આવો તો મુખ નહિ મોડું.*

મકરન્દ દવે

Acc. No. 130322
Date 13-9-2010

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

મેઘાણી શતાબ્દી વરસ (1996-97) દરમ્યાન
ઝવેરચંદ મેઘાણીનાં પુસ્તકોની સાથોસાથ
ગુજરાતના બીજા લેખકોનાં પણ
કેટલાંક અુત્તમ પુસ્તકો
લોકમિલાપ તરફથી પ્રગટ થતાં રહેશે.
એ રીતે એક લેખકની શતાબ્દીની અુજવણી
વિવિધ લેખકોનાં અુત્તમ પુસ્તકોનો પણ
એક નાનકડો પ્રકાશન-અુત્સવ બની રહે,
એવી ભાવના છે.
શતાબ્દી વરસને આરંભે લોકમિલાપ રજૂ કરે છે:

**ખાંભીઓ જુહારું છું** : ઝવેરચંદ મેઘાણી
પાનાં 86: રૂ. 15

**ભવનું ભાતું** : સંપાદક મહેન્દ્ર મેઘાણી
પાનાં 72: રૂ. 15

**ગીતામંથન**(સંક્ષિપ્ત):કિશોરલાલ મશરૂવાળા
પાનાં 63: રૂ. 15

**ભજનાંજલિ** (સંક્ષિપ્ત) : કાકા કાલેલકર
પાનાં 38: રૂ. 6

"શીંગડાં મ
મનુભાઈ
પાન

**વિદાય વેળાએ** (સં
અનુવાદક : કિશોરલાલ મશરૂવાળા
સંપાદક : મહેન્દ્ર મેઘાણી
પાનાં 56: રૂ. 6

Library IIAS, Shimla
GJ 891.478 M 472 B
00130322

SABARMATI ASHRAM
000837 Ahmedabad
Bhav Nu Bhathu
MRP : Rs. 15